# शान्तसुधारसः ॥

## ભાગ-૨

(૭ થી ૧૨ ભાવના)

(શબ્દાર્થ, અર્થ, ખંડાન્વય અને સમાસ સહિત)

સંપાદિકા :- સા. શ્રી. ધ્યાનપ્રિયાશ્રીજી



आचार्यश्रीॐकारसूरि ज्ञानमन्दिर ग्रन्थावली नं. १०७

॥ रैवतगिरिमण्डनश्रीनेमिनाथाय नमः ॥

॥ श्रीसिद्धिसूरीश्वरजीसद्गुरुभ्यो नमः ॥

महोपाध्यायश्रीविनयविजयजीविरचितः

# ॥ शान्तसुधारसः ॥

## ભાગ-૨

(૭ થી ૧૨ ભાવના)

(શબ્દાર્થ, અર્થ, ખંડાન્વય અને સમાસ સહિત)

-: સંપાદિકા :-

સા. શ્રી નિર્વાણશ્રીજીમ.સા.ના શિષ્યા

સા. શ્રી ધ્યાનપ્રિયાશ્રીજી

-: प्रकाशक :-

आचार्यश्रीॐकारसूरि ज्ञानमन्दिर

सुभाषचौक, गोपीपुरा, सुरत-१.

ગ્રન્થ નામ : शान्तसुधारसः-२
આવૃત્તિ : પહેલી
વિક્રમ સંવત-૨૦૭૪
ઈ.સ. ૨૦૧૮
નકલ ૫૦૦

## —: પ્રાપ્તિસ્થાન :—

સુરત : આ. ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સુરત-૧
સેવંતીલાલ મહેતા, મો. : ૯૮૨૪૧૫૨૭૨૭
mehta_sevantilal@yahoo.co.in

અમદાવાદ : શ્રી સુધીરભાઈ સી. શાહ
૧, અમીઝરા ફ્લેટ,
તેજપાલ સોસાયટી પાછળ,
ફતેહનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. : ૦૯૪૨૬૩૫૦૬૭૩

અમદાવાદ : સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧
મો. : ૦૯૮૭૯૫૩૧૧૯૦

મુંબઈ : સોનલબહેન તુષારભાઈ સંઘાણી
૫, અરુણોદય, ૬ ભીમાણી ઍસ્ટેટ,
માટુંગા (સે.રે.), મુંબઈ -૧૯
મો. : ૦૯૮૧૯૫૮૨૨૩૩

ટાઈપસેટિંગ : વિરતિ ગ્રાફિક્સ, અમદાવાદ, મો. 8530520629, 07383183665
**Email Id: Virtigrafics2893@gmail.com**

દેવાધિદેવ પરમ તારક શ્રી ઋષભદેવસ્વામિને નમઃ
સદ્ગુરુદેવશ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ૐકાર-ભદ્રંકર-અરવિંદસૂરિભ્યો નમઃ

# આચાર્ય યશોવિજયસૂરિ

'પર: પ્રવિષ્ટ: કુરુતે વિનાશમ્ ...' શાન્ત સુધારસની આવી રણઝણાવનારી પંક્તિઓ પરાનુભૂતિ માંથી સ્વાનુભૂતિ ભણી જવાનું મજાનું બળ આપે છે.

આ સંદર્ભમાં આધુનિક યુગના ચિન્તક સાર્ત્રનું વચન યાદ આવે: The other is hell. (બીજો એ જ નરક.)

'શાન્ત સુધારસ'ની મજાની પંક્તિઓ ભાવકના ચિત્તને ઝંકોરે છે.

'શાન્ત સુધારસ'ની મધુરતા પ્રસ્તુત સંસ્કરણ દ્વારા સારી રીતે અનુભવાશે.

3/5/18 દેલવાડા (આબૂ)

॥ શ્રીસિદ્ધિ-ભદ્ર-ૐકાર-અરવિંદ-યશોવિજયસૂરિભ્યો નમઃ ॥

# પ્રસ્તાવના

મહોપાધ્યાય શ્રીવિનયવિજયજીની અનૂઠી ગેયરચના **'શાન્તસુધારસ'.** સંસ્કૃતના પ્રારંભિક અભ્યાસીઓ અભ્યાસ કરી શકે અને કાવ્યનો અભ્યાસ કરતાં કરતાં ગાતાં ગાતાં ભાવનાઓને ઘૂંટી શકે એવી આ અદ્વિતીય રચના છે.

જયદેવ કવિનું ગીતગોવિંદકાવ્ય ગેયરચના છે. પણ એ શૃંગારરસનું કાવ્ય છે. જ્યારે અધ્યાત્મરસની છોળો ઉડાડતું સોળભાવનાઓનો ગુંજારવ કરતું **શાંતસુધારસ** એકમેવ કાવ્ય છે. માત્ર જૈનસાહિત્ય જ નહીં સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આ કાવ્યનો જોટો મળતો નથી.

પૂજય વિનયવિજયજીમ.સા.ના સમયમાં વ્યાકરણનું અધ્યયન અષ્ટાધ્યાયી ક્રમથી નહીં પણ પ્રક્રિયાક્રમથી કરવાનો પ્રચાર વધી ગયેલો. 'પાણિનીય અષ્ટાધ્યાયી'ના સ્થાને ભટ્ટોજી દીક્ષિતની 'સિદ્ધાંત કૌમુદી'નું ચલણ વધેલું. ત્યારે એમણે 'સિદ્ધહેમવ્યાકરણ'ના સૂત્રોના આધારે 'હૈમલઘુપ્રક્રિયા' અને એની ૩૫૦૦૦ શ્લોકપ્રમાણ વિશદ વ્યાખ્યા 'હૈમપ્રકાશ'ની રચના કરી પ્રક્રિયાક્રમના અધ્યયનનો માર્ગ ખુલ્લો કર્યો. એ કારણે સિદ્ધહેમના મંદ પડેલા અધ્યયનમાં વેગ આવ્યો.

ગ્રંથકારશ્રીએ એમની યુવાવસ્થામાં 'શ્રી કલ્પસૂત્ર' ઉપર 'સુબોધિકા ટીકા' અને આગમજ્ઞાનના ખજાના જેવો 'લોકપ્રકાશ' ગ્રંથ રચ્યો. પ્રૌઢ અવસ્થામાં ગ્રંથકારશ્રી 'શાંતસુધારસ' અને 'પુણ્યપ્રકાશ' જેવી વૈરાગ્યરસભરપૂર કૃતિઓ રચે છે. જીવનના છેડે 'શ્રીપાલરાસ' જેવી અનૂઠી કૃતિ એમની કલમ દ્વારા પ્રગટ થાય છે.

'સુબોધિકા ટીકા', 'પુણ્યપ્રકાશ સ્તવન', 'શાંતસુધારસ કાવ્ય' અને 'શ્રીપાળરાસ' જેવી કાળજયી કૃતિઓ રચીને ઉપા.શ્રીવિનયવિજયજી અક્ષરદેહે અમર બની ગયા છે.

મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી ગણિવર વિષે શ્રીમોતીલાલ ગી. કાપડિયાએ

'શાંત-સુધારસ'ના 'ઉપોદ્ઘાત'માં અને શ્રીહીરાલાલ કાપડિયાએ 'વિનયસૌરભ'માં વિગતે લખ્યું છે. અહીં કેટલીક વિગતો સંક્ષેપમાં આપીએ છીએ.

- ગ્રંથકારનો જીવનકાળ અનુમાનથી વિ.સં. ૧૬૬૦થી ૧૭૩૮ મનાય છે.
- ગ્રંથકારશ્રી જગદ્ગુરુહીરસૂરીશ્વરજીમ.સા.ના શિષ્ય ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયમ.સા.ના શિષ્ય હતા.
- ઉપાધ્યાય શ્રીસોમવિજયજીમ.સા. પાસે પૂ.વિનયવિજયજીમ.સા.એ અધ્યયન કરેલું.
- ઘણાં ગ્રંથકારો ગુરુનું નામ અને ગુરુપરંપરા તો આપતા હોય છે પણ ઉપા.શ્રીવિનય વિજયજીમ.સા.એ 'લોકપ્રકાશ' ગ્રંથના દરેક સર્ગના અંતે 'राजश्रीतनयोऽतनिष्ठ विनयः श्रीतेजपालात्मजः' આ પ્રમાણે માતા રાજશ્રી અને પિતા તેજપાલનો આદરપૂર્વક ઉલ્લેખ કર્યો છે. શ્રીજિનશાસનના ઈતિહાસમાં આ અલૌકિક ઘટના છે.
- વિ.સં. ૧૬૯૬માં 'કલ્પસૂત્ર' ઉપર સુબોધિકા ટીકા રચી અને વિ.સં. ૧૭૩૭માં શ્રીપાલરાસ (અપૂર્ણ)ની રચના થઈ. આમ ગ્રંથકારની કલમ ઓછામાં ઓછી ૪૦ વર્ષ સુધી ચાલી છે.
- મહોપાધ્યાય શ્રીયશોવિજયજી જોડે એમને ગુરુભાઈ તરીકે અત્યંત સુંદર સંબંધ હતો પણ, એમની સાથે વિનયવિજયજી કાશી ભણવા ગયા હતા એ દંતકથામાં તથ્ય નથી.
- નયકર્ણિકાના ઉપોદ્ઘાતમાં (પૃ. ૪૦-૪૧) મોહનલાલ દેસાઈએ એક દંતકથા આપી છે એનો સાર આ પ્રમાણે છે.

ખંભાતમાં ઉપા.વિનયવિજયજીના વ્યાખ્યાનમાં કેટલાક પંડિતો વિવાદાસ્પદ પ્રશ્નો પૂછી વ્યાખ્યાન ડહોળી નાખતા હતા. ઉપા. શ્રીયશોવિજયજીએ દરવાજા પર સૂચના લખાવી કે -

ચર્ચા કરનારે ઓષ્ઠ્ય (પફબભમ) વર્ણોનો ઉચ્ચાર કરી શકાશે નહીં. એ માટે નીચેના હોઠ ઉપર સિંદૂર લગાડવાનું. ઓષ્ઠ્ય બોલે તો ઉપરનો હોઠ

સિંદૂરવાળો થઈ જાય. જેથી ખ્યાલ આવી જાય કે બોલનારે ઓષ્ઠ્ય વ્યંજનનો ઉપયોગ કર્યો છે.

ઉપા. યશોવિજયજીએ સિંદૂર લગાડી એક પણ ઓષ્ઠ્યવર્ણના ઉચ્ચાર વિના સંસ્કૃત પદ્યમાં પ્રવચન આપ્યું. અને શરત પ્રમાણે ૫૦૦ બ્રાહ્મણ પંડિતો જૈન થયા.

- ઉપા.વિનયવિજયજીની કૃતિઓ રાંદેર, સૂરત, રાધનપુર, ગાંધારમાં રચાઈ છે. એમનું વિહારક્ષેત્ર ગુજરાત, માળવા, મારવાડ રહ્યું હોય તેવું જણાય છે.
- વિ.સં.૧૭૧૦માં શત્રુંજય ઉપર ખરતરવસહિ (ચૌમુખજી)માં પરમાત્માની પ્રતિષ્ઠા ઉપા.શ્રીવિનયવિજયજીમ.સા.ના કરકમલો દ્વારા થઈ છે.
- વિ.સં.૧૬૮૪માં વિનયવિજયજીએ સ્વહસ્તે લખેલી 'નૈષધકાવ્ય' ઉપરની ટીકા જૈન એસોસિએસન ઑફ ઈંડિયામાં ૧૨૦૬ ક્રમાંકમાં છે.
- પોતાના ગુરુની કૃતિ વિચારરત્નાકરનો પ્રથમાદર્શ ઉપા.શ્રીવિનય-વિજયજીએ લખ્યો છે, એનું સંશોધન પણ કર્યું છે.

ગ્રન્થકારશ્રીની મુખ્ય મુખ્ય ગ્રંથરચનાની વિગત આ પ્રમાણે છે -

(૧) કલ્પસૂત્ર પરની સુબોધિકા ટીકા વિ.સં.૧૬૯૬ (૨) લોકપ્રકાશ વિ.સં.૧૭૦૮ (૩) હૈમલઘુપ્રક્રિયા વિ.સં.૧૭૧૦ (૪) હૈમપ્રકાશ (૫) નયકર્ણિકા (અનુમાનતઃ વિ.સં.૧૭૦૧) (૬) ઇન્દુદૂત (અનુમાનતઃ વિ.સં. ૧૭૧૮) (૭) શાન્તસુધારસ ગંધારમાં વિ.સં.૧૭૨૩માં પૂર્ણ કર્યો. (૮) ષટ્ત્રિંશજ્જલ્પસંગ્રહ (૯) અર્હન્નમસ્કાર સ્તોત્ર

**ગૂર્જર કૃતિઓ :-**

(૧) સૂર્યપુર ચૈત્યપરિપાટી (૨) આનંદલેખ (૩) વિજયદેવસૂરિ લેખ (૪) ઉપમિતિભવપ્રપંચનું સ્તવન (૫) પટ્ટાવલી સજ્ઝાય (૬) પાંચ સમવાય સ્તવન (૭) ચોવીસી સ્તવન (૮) વીશી સ્તવન (૯) પુણ્યપ્રકાશ સ્તવન (૧૦) વિનયવિલાસ (ભાષા હિન્દી) (૧૧) ભગવતીસૂત્ર સજ્ઝાય (૧૨)

આયંબિલની સજ્ઝાય (૧૩) ષડાવશ્યક સ્તવન (૧૪) ચૈત્યવંદન (૧૫) ઉપધાનતપ સ્તવન (૧૬) શ્રીપાલરાસ (અપૂર્ણ)

- પાટણના ભંડારમાં એવી બે પ્રતો છે. જેના અંતે વિનયવિજયજીએ માતાના શ્રેયાર્થે જ્ઞાનભંડાર રચ્યાનો સ્વહસ્તે ઉલ્લેખ કર્યો છે.
- ઉપા.શ્રીવિનયવિજયજીના એક શિષ્ય મતિવિજયજીએ નલદમયંતી ચોપાઈ લખી છે. બીજા શિષ્ય વૃદ્ધિવિજયજીએ મહાવીરસ્તવન લખ્યું છે.
- પટ્ટાવલી સમુચ્ચય (ભા.૧ પૃ.૧૦૬ ટિ.)માં ઉપા.વિનયવિજયજી શિષ્ય પરંપરાની વિગત આ પ્રમાણે છે. પં.નયવિજય → પં.ઉત્તમવિજય → પં.નરવિજય → પં.મેઘવિજય → પં. કેશરવિજય → પં.શાન્તિવિજય → પં.વિદ્યાવિજય → પં.લક્ષ્મીવિજય → પં.ગુલાબવિજય → પં. ચારિત્રવિજય.
- શ્રીપાલરાસમાં ઉપા.યશોવિજયજીએ વિનયવિજયજીના ગુણ આ રીતે ગાયા છે.

  બિઘા વિનય વિવેક વિચક્ષણ લક્ષણલક્ષિત દેહાજી.

  સોભાગી ગીતારથ સારથ સંગત સખર સનેહાજી.
- રાંદેર નેમિનાથ જિનાલયમાં ઉ.વિનયવિજયની ચરણ પાદુકા ૧૦''X ૭½''ના આરસ પર છે.

**શાંતસુધારસ :**

વિક્રમનો ૧૭મો અને ૧૮મો સૈકો શાહજહાં અને ઔરંગઝેબના શાસનકાળનો છે. તપગચ્છમાં પણ જગદ્ગુરુ હીરસૂરિ-સેનસૂરિ અને પછીનો આનંદસૂરિ-દેવસૂરિનો સંઘર્ષકાળ છે. આવા વિષમકાળમાં સમુદ્રમંથન પછી અમૃત પ્રાપ્ત થાય એવું શાન્તસુધારસનામનું ગેયકાવ્ય આપણને પ્રાપ્ત થાય છે.

કુલ ૨૩૪ પદ્યો અને ૩૫૭ ગ્રંથાગ્ર ધરાવતા આ ગ્રન્થમાં સોળ ભાવનાઓનું મનોરમ નિરૂપણ છે. (અનિત્યાદિ) ૧૨ ભાવનાઓ જડ પ્રત્યેના વૈરાગ્ય કેળવવા માટે અને મૈત્રી આદિ ચાર ભાવનાઓ જીવો પ્રત્યે સ્નેહ કેળવવા માટે ખાસ જરૂરી છે.

શ્રમણ-શ્રમણીઓને રોજ અતિચાર ચિંતવનની ગાથા ''સયણા-સણન્નપાણે''માં 'ભાવણ' શબ્દ દ્વારા ભાવનાઓનું ભાવન કરવાનું સૂચન છે. ન કરે તો અતિચાર લાગે એવું પણ સ્પષ્ટ સૂચન કર્યું છે.

આત્માના વિકાસક્રમમાં ભાવનાનું મહત્ત્વ સમજાવતા યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિમ.સા.એ જણાવ્યું છે કે -

કષાય સંસારનું મૂળ છે → વિષયોને જીત્યા વિના કષાયો જીતી ન શકાય → ઇન્દ્રિયોને (વિષયોને) જીતવા મનશુદ્ધિ જરૂરી છે → મનશુદ્ધિ માટે રાગદ્વેષજય જરૂરી છે → રાગદ્વેષજય માટે સમતા જરૂરી છે → સમતા માટે મમતાત્યાગ જરૂરી છે → મમતા ત્યાગ માટે ભાવનાઓનો આશ્રય લેવો જોઈએ.

આમ મોક્ષમાર્ગમાં આગળ વધવા ભાવના એ પ્રારંભિક જરૂરિયાત છે.

આ ભાવનાના અવગાહન માટે શાન્તસુધારસ અદ્ભુત ગ્રન્થ છે.

આ ગ્રંથ ઉપર શ્રીગંભીરવિજયજીએ વિ.સં. ૧૯૬૮માં ભાવનગરમાં ટીકા રચી છે અને તે વિ.સં. ૧૯૬૯માં શ્રી જૈનધર્મ પ્રસારક સભા દ્વારા પ્રગટ થઈ છે.

સંસ્કૃતકાવ્યના પ્રારંભિક અભ્યાસીઓ પણ આ કાવ્યનો સુંદર અભ્યાસ કરી શકે એ માટે સા. ધ્યાનપ્રિયાશ્રીએ સફળ પ્રયાસ કર્યો છે. અભ્યાસીઓ આનો ભરપૂર લાભ ઉઠાવી વૈરાગ્યરસનું આકંઠ પાન કરે. વિદૂષી સાધ્વીજી આવા બીજા પણ ગ્રંથો શ્રી સંઘને આપે.

- **આ.મુનિચંદ્રસૂરિ**

● ● ●

# આર્શીવચન

ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષકાર્યના આલંબને વિ.સં. ૨૦૬૫-૬૬ના ચાતુર્માસ દરમ્યાન પ.પૂ.સિદ્ધિસૂરિ (બાપજી) મહારાજના સમુદાયવર્તી સાધ્વી ભાવપૂર્ણાશ્રીજી તથા સાધ્વી નિર્વાણશ્રીજી આદિ ઠાણા ગિરનારની છત્રછાયામાં બિરાજમાન હતા.

ચાતુર્માસ દરમ્યાન તેઓશ્રીના શિષ્યા સાધ્વી ધ્યાનપ્રિયાશ્રીજીને વ્યાકરણ, ન્યાય, કર્મગ્રંથાદિનો વિશેષપ્રકારે અભ્યાસ થયો હોવાનું જાણી તેઓના જ્ઞાનના અસાધારણ ક્ષયોપશમનો લાભ સકલસંઘને પ્રાપ્ત થાય તે માટે કાંઈક પ્રેરણા કરવાની ભાવના થઈ.

વર્તમાનકાળમાં સંસ્કૃતભાષાના પ્રાથમિક અભ્યાસુ સાધુ-સાધ્વીજી ભગવંતોને બે બુકનો અભ્યાસ થયા બાદ કાવ્યના અભ્યાસમાં પ્રવેશ કરાવવામાં આવતો હોય છે. તેમાં રઘુવંશ, કીરાત, શિશુપાલ આદિ કાવ્યો કરાવવામાં આવતા હોય છે. પરંતુ જિનશાસનના સાહિત્યમાં જ વૈરાગ્યરસથી ભરપૂર એવું ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજ સાહેબ વિરચિત "શાંતસુધારસ" મહાકાવ્ય જ્યારે આપણી પાસે ઉપલબ્ધ છે ત્યારે તેને જ ખંડાન્વય-દંડાન્વય સહિત વિશેષરૂપે વિશ્લેષણ કરીને અર્થસભર તૈયાર કરવામાં આવે તો સંસ્કૃતભાષાના પ્રાથમિક અભ્યાસુ સાધુ-સાધ્વીજી ભગવંતોને આત્મહિતકર બની શકે તેવું સર્જન કરવા પ્રેરણા કરી હતી.

જ્ઞાનપિપાસુ આ સાધ્વીજી ભગવંતે તે પ્રેરણા ઝીલીને ખૂબ જ ટૂંકા સમયમાં આ કાર્ય પરિપૂર્ણ કરીને ઉમદા પ્રકારની શ્રુત અને શાસનભક્તિ કરેલ છે. હવે આ ગ્રંથની બાલાવબોધ એક વિસ્તૃત ટીકાનું પણ સર્જન થાય તો તે પણ લાભદાયક નીવડી શકે. આવી શ્રુત-શાસનભક્તિ તેઓને ગિરનાર મહાતીર્થના આલંબને જ પરમપદદાયક બને એ જ મંગલકામના સહ શુભાશિષ.

લિ. **હેમવલ્લભવિજયની**
અનુવંદના
ગિરનાર તળેટી, શ્રા.સુ. ૧૨

# સંપાદકીય

**स्फुरति चेतसि भावनया विना, न विदुषामपि शान्तसुधारसः ।**
**न च सुखं कृशमप्यमुना विना, जगति मोहविषादविषाकुले ॥**

આત્માના પરમ સત્ય સ્વરૂપને પામવાના સોપાન સ્વરૂપ ૧૬ ભાવનાઓને પ.પૂ. વિનયવિજયજી મ.સા.એ "શાંતસુધારસ" નામના ગ્રંથના માધ્યમે આપણા સુધી પહોંચાડી છે. જેમાં સંસ્કૃત કાવ્યબદ્ધ એક એક ભાવનાને ભાવિત કરવાના સુંદર આયામ દર્શાવવામાં આવ્યા છે. ભાવનાઓનું ભાવન જો આ ગ્રંથના માધ્યમે સતત કરવામાં આવે તો જીવની અનાદિની વૈભાવિક દૃષ્ટિ સ્વસ્વરૂપ તરફ વળ્યા વગર રહે નહિ અને અંતરમાં "શાંતસુધારસ" પ્રગટ્યા વિના રહે નહિ.

સંસ્કૃતભાષાના નૂતન અભ્યાસુઓ પોતાના ભાષાકીય બોધને સુદૃઢ કરી સરળતાથી શ્લોકોના અર્થ ખોલી શકે એ માટે **પ.પૂ.આ.ભ.શ્રીહેમવલ્લભસૂરીશ્વરજી** મ.સા.ની પ્રેરણાથી "શાંતસુધારસ" ગ્રંથ પરનું આ પુસ્તક તૈયાર કર્યું છે જેમાં શબ્દોના અર્થ, વિભક્તિ તેમને લાગેલા કૃદંતના-તદ્ધિતના પ્રત્યયો વગેરે તથા શ્લોકાર્થ, ખંડાન્વય અને સમાસ કરેલ છે.

અર્થની સુગમતા અને સંગતતા થાય તે રીતે શબ્દાર્થ વગેરે કરવા "શાંતસુધારસ" પર પૂર્વે રચાયેલ જુદા જુદા ગ્રંથોની સહાય લીધી છે. લખાણમાં જ્યાં જરૂર લાગી ત્યાં "सिद्धहेमशब्दानुशासनम्" વ્યાકરણના સૂત્રનો પણ નિર્દેશ કરેલ છે.

આજે જ્યારે આ પુસ્તક અભ્યાસુગણ સામે પ્રસ્તુત થઈ રહ્યું છે ત્યારે સતત મને સહાયક બનનાર ઉપકારીઓના ઉપકાર સ્મરણને કેમ વિસરાય ?

- સંઘસ્થવિર, વચનસિદ્ધ **પ.પૂ.આ.ભ.શ્રીસિદ્ધિસૂરીશ્વરજી** મ.સા. (પૂ.બાપજી મ.સા.)
- નમસ્કાર મહામંત્ર સમારાધક **પ.પૂ.પંન્યાસશ્રીભદ્રંકરવિજયજી** મ.સા.
- નિઃસ્પૃહ શિરોમણિ **પ.પૂ.આ.ભ.શ્રીભદ્રંકરસૂરીશ્વરજી** મ.સા.
- સરલ સ્વભાવી **પ.પૂ.આ.ભ.શ્રીઅરવિંદસૂરીશ્વરજી** મ.સા.
- સંયમદાતા, ભક્તિયોગાચાર્ય **પ.પૂ.આ.ભ.શ્રીયશોવિજયસૂરીશ્વરજી** મ.સા.

- શાસ્ત્રસંશોધક **પ.પૂ.આ.ભ.શ્રીમુનિચંદ્રસૂરીશ્વરજી** મ.સા.
- વાત્સલ્યમૂર્તિ ગુરુમા **પ.પૂ.સાધ્વીવર્યા શ્રીપદ્મલત્તાશ્રીજી** મ.સા.
- દરેક પગલે વાત્સલ્યનો ધોધ વહાવનાર **પ.પૂ.ભાવપૂર્ણાશ્રીજી** મ.સા.
- મારી જીવનનાવના સુકાની **પ.પૂ.નિર્વાણશ્રીજી** મ.સા.
- આ કાર્યમાં સદા સર્વ રીતે સહાયક બનનાર **પ.પૂ.વિરતિધરાશ્રીજી** મ.સા.
  તથા મારી સૌ ગુરુબહેનો.

વૈરાગ્યદેશનાદક્ષ **પ.પૂ.આ.ભ.શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય **પ.પૂ.રત્નબોધિવિજયજી** મ.સા. તથા કાશીના પંડિતજી **જનકભાઈ**એ આ સંપૂર્ણ લખાણમાં રહેલી ક્ષતિઓને દૂર કરી ખૂબ જ સુંદર રીતે સંશોધન કરી આપેલ છે. તે બદલ અમે તેઓના અત્યંત ઋણી છીએ. તથા **પૂ. દિવ્યગુણાશ્રીજી** મ.સા.એ પણ પહેલી ભાવના જોઈને ઉપયોગી માર્ગદર્શન આપેલ છે તે માટે તેમની ઋણી છું.

આ લખાણ થયા પછી પણ ટાઈપ સેટીંગ માટે કોઈ યોગ્ય વ્યક્તિ ન મળતા આ કામ લંબાતું જ ગયું. તે દરમ્યાન અમારું ચાતુર્માસ **પ.પૂ. મુનિરાજશ્રી રાજરત્નવિજયજી** મ.સા.ની નિશ્રામાં ઘાટકોપર-મુંબઈ હતું. પૂજ્યશ્રીને આ બાબતે જણાવતા એમણે **વિરતિ ગ્રાફિક્સવાળા અખિલેશભાઈ મિશ્રાજી**ને આ કામ સોંપ્યું અને એમણે ખૂબ ટૂંકા સમયમાં આ કામ સુંદર રીતે પૂર્ણ કર્યું. તે બદલ અમે તેમના ઋણી છીએ.

આ પ્રકાશનનો લાભ લેનાર **શ્રીમતી હેમાંગિનીબેન સુધીરભાઈ શાહ** (સંસારી માતા-પિતા) તથા **પ્રેમિલાબેન જયંતિલાલ શાહ** (પાટણવાળા) પરિવારની શ્રુતભક્તિની અનુમોદના કરીએ છીએ.

પુસ્તકલેખનમાં મારા મંદ ક્ષયોપશમના કારણે શ્રીવીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી અલગ કે શબ્દશાસ્ત્રની વિરુદ્ધ કંઈ લખાયું હોય કે સંપાદન કાર્યની ક્ષતિના કારણે કંઈ ભૂલચૂક રહી ગયેલ હોય તો તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. તથા તે ક્ષતિઓ મને જણાવે એવી વિદ્વદ્વર્યોને વિનંતી કરું છું.

લિ.**ધ્યાનપ્રિયાશ્રીજી**

# अनुक्रमणिका

आश्रवभावना .................... १
संवरभावना .................... १८
निर्जराभावना .................... ३६
धर्मभावना .................... ५५
लोकस्वरूपभावना .................... ७९
बोधिदुर्लभभावना .................... १००
मूलश्लोकानि .................... १२६

## ॥ आश्रवभावना ॥

**यथा सर्वतो निर्झरैरापतद्भिः, प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।**
**तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी, भवेद्व्याकुलश्चञ्चलः पङ्किलश्च ॥१॥**

**શબ્દાર્થ :-**

**सर्वतः** - ચારે તરફથી (सर्व+तस् (तद्धितनो) - અવ્યય)

**निर्झरैः** - ઝરણાઓ વડે (निर्झर पुं.तृ.બ.વ.)

**आपतद्भिः** - પડતા [ઝરણાઓ વડે] (आपतत् - आ+पत् કર્તરિ વ.કૃ. - निर्झर નું વિ. પું.તૃ.બ.વ.)

**प्रपूर्येत** - પૂરાય છે, ભરાય છે (प्र+पृ ગણ ૩ પરસ્મૈ. + કર્મણિનો य(क्य) વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)

**पयोभिः** - પાણી વડે (पयस् નપું.તૃ.બ.વ.)

**तटाकः** - તળાવ (तटाक પું.પ્ર.એ.વ.)

**आश्रवैः** - આશ્રવ [કર્મો] વડે (आश्रव - कर्मन् નું વિ. પું.તૃ.બ.વ.)

**कर्मभिः** - કર્મો વડે (कर्मन् - નપું.તૃ.બ.વ.)

**सम्भृतः** - ભરાયેલ [પ્રાણી] (सम्भृत - अङ्गिन् નું વિ. પું.પ્ર.એ.વ.)

**व्याकुलः** - (મહાપીડાઓથી) વ્યાકુલ [જીવ] (व्याकुल - अङ्गिन् નું વિ. પું.પ્ર. એ.વ.)

**पङ्किलः** - મલિન (કર્મરૂપ) કાદવવાળો [જીવ] (पङ्किल - पङ्कः अस्ति अस्य इति पङ्क + इल (મત્વર્થીય) - अङ्गिन् નું વિ. પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** જેમ ચારે તરફથી આવી પડતા ઝરણાઓ વડે તળાવ શીઘ્ર પાણી વડે ભરાય છે. તે જ પ્રમાણે આશ્રવ (મિથ્યાત્વાદિ વડે આવતા) કર્મો વડે ભરાયેલો પ્રાણી (પીડાઓથી) વ્યાકુલ, ચંચલ (અસ્થિર) અને (કર્મરૂપ) કાદવવાળો (મલિન) થાય છે.

**ખંડાન્વય :-** प्रपूर्येत ।

कैः प्रपूर्येत ? .................................... पयोभिः ।
कथम् प्रपूर्येत ? .................................... सद्यः ।
कः प्रपूर्येत ? .................................... तटाकः ।
कैः प्रपूर्येत ? .................................... निर्झरैः ।
कथम्भूतैः निर्झरैः ? .................................... आपतद्भिः ।

कुतः आपतद्भिः ? ........................................ सर्वतः ।

कथम् ? ........................................ यथा ।

भवेत् ।

कः भवेत् ? ........................................ अङ्गी ।

अङ्गी कीदृशः भवेत् ? ........................................ व्याकुलः ।

अङ्गी पुनः कीदृशः भवेत् ? ........................................ चञ्चलः ।

अङ्गी पुनः कीदृशः च भवेत् ? ........................................ पङ्किलः च ।

कथम्भूतः अङ्गी ? ........................................ सम्भृतः ।

कैः सम्भृतः ? ........................................ कर्मभिः ।

कैः कर्मभिः ? ........................................ आश्रवैः ।

कथम् एव ? ........................................ तथा एव ।

**यावत्किञ्चिदिवानुभूय तरसा कर्मेह निर्जीर्यते,**
**तावच्चाश्रवशत्रवोऽनुसमयं सिञ्चन्ति भूयोऽपि तत् ।**
**हा ! कष्टं कथमाश्रवप्रतिभटाः शक्या निरोद्धुं मया,**
**संसारादतिभीषणान्मम हहा ! मुक्तिः कथं भाविनी ? ॥२॥**

**શબ્દાર્થ :-**

**अनुभूय** - અનુભવીને (अनु+भू ગણ ૧ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**तरसा** - શીઘ્રપણે (અવ્યય)

**निर्जीर्यते** - નિર્જરા કરાય છે (આત્મપ્રદેશથી છૂટા કરાય છે) (नि+जॄ ગણ ૪, ૯ પરસ્મૈ. + કર્મણિનો य(क्य) વ.કા.ત્રી.પુ.એ.વ.)

**आश्रवशत्रवः** - (કર્મના) આશ્રવરૂપ શત્રુઓ (आश्रवशत्रु પું.પ્ર.બ.વ.)

**अनुसमयम्** - સમયે સમયે (अनुसमय - અ.સ.)

**सिञ्चन्ति** - સીંચે છે (सिच् (सिञ्च्) ગણ ૬ ઉભયપદી વ.કા.ત્રી.પુ.બ.વ.)

**भूयः** - વારંવાર, ફરીથી (અવ્યય)

**कष्टम्** - કષ્ટની વાત છે (कष्ट નપું.પ્ર.એ.વ.)

**आश्रवप्रतिभटाः** - આશ્રવરૂપી શત્રુઓ (आश्रवप्रतिभट પું.પ્ર.બ.વ.)

**शक्याः** - શક્ય, સમર્થ [આશ્રવ શત્રુઓ] (शक्य - शक् ગણ ૫ પરસ્મૈ. + વિધ્યર્થ કૃદંતનો य - आश्रवप्रतिभटનું વિ. પું.પ્ર.બ.વ.)

**निरोद्धुम्** - રોકવાને માટે (नि+रुध् હે.કૃ.)

**संसाराद्** - સંસારમાંથી (संसार પું.પં. એ.વ.)

**अतिभीषणाद्** - અત્યંત ભયંકર [સંસારમાંથી] (अतिभीषण - संसार નું વિ. પું.પં. એ.વ.)

**मुक्तिः** - મુક્તિ, મોક્ષ (मुक्ति સ્ત્રી.પ્ર.એ.વ.)

**भाविनी** - થનારી (भाविन् - मुक्तिનું વિશેષણ - भाविन् + સ્ત્રી.નો ई(ङी) - भाविनी સ્ત્રી.પ્ર.એ.વ.)

**અર્થ :-** અહીં (મનુષ્ય ભવમાં) જેટલામાં કંઈક જેવું (સાવ થોડું - જે કર્મ છે તેના લેશમાત્ર જેટલું) કર્મ (પૂર્વસંચિત પુણ્ય-પાપ) અનુભવીને (તેના ફળને ભોગવીને) શીઘ્રપણે નિર્જરા કરાય છે (આત્મપ્રદેશોથી છૂટા કરાય છે), તેટલામાં વળી આશ્રવરૂપ શત્રુઓ ફરીથી પણ સમયે સમયે તેને (પુણ્યપાપરૂપ કર્મને) સીંચે છે. (બાકી રહેલા કર્મને વધારે છે). હા ! કષ્ટની વાત છે કે મારા વડે આશ્રવરૂપી શત્રુઓને રોકવા માટે કેવી રીતે સમર્થ થવાય ? હહા ! અતિભયંકર સંસારમાંથી મારો મોક્ષ કેવી રીતે થશે ?

**ખંડાન્વય :-** निर्जीर्यते ।

कथम् निर्जीर्यते ? .................................... तरसा ।
किम् प्रकृत्य निर्जीर्यते ? .................................... अनुभूय ।
किम् अनुभूय ? .................................... कर्म ।
किमिव कर्म ? .................................... किञ्चिदिव कर्म ।
कथम् ? .................................... यावत् ।
कुत्र ? .................................... इह ।

सिञ्चन्ति ।

किम् सिञ्चन्ति ? .................................... तत् ।
कथम् सिञ्चन्ति ? .................................... अनुसमयम् ।
कथम् अपि सिञ्चन्ति ? .................................... भूयः अपि ।
के सिञ्चन्ति ? .................................... आश्रवशत्रवः ।
कथम् च ? .................................... तावत् च ।

शक्याः ।

कथम् शक्याः ? .................................... कथम् शक्याः ।
किम् कर्तुम् ? .................................... निरोद्धुम् ।
के निरोद्धुम् शक्याः ? .................................... आश्रवप्रतिभटाः ।

केन निरोद्धुम् शक्याः ? ........................................ मया ।
कथम् ? ........................................ हा ! कष्टम् ।
भाविनी ।
कथम् भाविनी ? ........................................ कथम् भाविनी ।
का कथम् भाविनी ? ........................................ मुक्तिः ।
कस्य मुक्तिः ? ........................................ मम ।
कस्मात् मुक्तिः ? ........................................ संसारात् ।
कथम्भूतात् संसारात् ? ........................................ अतिभीषणात् ।
कथम् ? ........................................ हहा !

**સમાસ :-**

- आश्रवाः एव शत्रवः इति **आश्रवशत्रवः** । (અ.પૂ.ક.)
- समये समये इति **अनुसमयम्** । (અવ્યયીભાવ)
- आश्रवाः एव प्रतिभटाः इति **आश्रवप्रतिभटाः** । (અ.પૂ.ક.)
- अतिशयः भीषणः इति **अतिभीषणः** । (પ્રા.ત.) तस्मात् ।

**[2]मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञा[3]श्चत्वारः [1]सुकृतिभि[4]राश्रवाः [5]प्रदिष्टाः ।**
**[10]कर्माणि [9]प्रतिसमयं [7]स्फुटै[8]रमीभि[11]र्बध्नन्तो [6]भ्रमवशतो [13]भ्रमन्ति [12]जीवाः ॥३॥**

**શબ્દાર્થ :-**

**मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञाः** - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ સંજ્ઞાવાળા (એ નામના) [આશ્રવો] (मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञ-आश्रवनું વિ. પું.પ્ર.બ.વ.)

**चत्वारः** - ચાર [આશ્રવો] (चतुर् - आश्रवનું વિ. પું.પ્ર.બ.વ.)

**सुकृतिभिः** - વિદ્વાનો વડે (सुकृतिन् પું.તૃ.બ.વ.)

**प्रदिष्टाः** - કહેવાયેલા [આશ્રવો] (प्रदिष्ट - प्र+दिश् ગણ ૬ ઉભયપદી કર્મણિ ભૂ.કૃ. - आश्रव નું વિશેષણ પું.પ્ર.બ.વ.)

**प्रतिसमयम्** - સમયે સમયે (प्रतिसमय - અ.સ.)

**स्फुटैः** - પ્રત્યક્ષ [આ આશ્રવો વડે] (स्फुट - अदस् નું વિ. પું.તૃ. બ.વ.)

**बध्नन्तः** - બાંધતા [જીવો] (बध्नत् - बध् ગણ ૭ પરસ્મૈ. કર્તરિ વ.કૃ. - जीव નું વિ. પું.પ્ર.બ.વ.)

**भ्रमवशतः** - ભ્રમના વશથી (भ्रमवशतस् અવ્યય)

**भ्रमन्ति** - ભમે છે (भ्रम् ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.બ.વ.)

**અર્થ :-** વિદ્વાનો વડે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ નામના ચાર આશ્રવો કહેવાયેલા છે. (પ્રરૂપાયેલા છે) ભ્રાન્તિને વશ થવાથી પ્રગટ એવા આના (આ આશ્રવો) વડે પ્રતિ સમયે કર્મોને બાંધતા જીવો (ચાર ગતિમાં) ભ્રમણ કરે છે.

**ખંડાન્વય :-** प्रदिष्टाः ।

के प्रदिष्टाः ? ........ आश्रवाः प्रदिष्टाः ।
कतिपयाः आश्रवाः ? ........ चत्वारः आश्रवाः ।
के आश्रवाः ? ........ मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञाः ।
कैः प्रदिष्टाः ? ........ सुकृतिभिः ।
भ्रमन्ति ।
के भ्रमन्ति ? ........ जीवाः ।
किम् कुर्वन्तः जीवाः ? ........ बध्नन्तः ।
कानि बध्नन्तः ? ........ कर्माणि ।
कथम् बध्नन्तः ? ........ प्रतिसमयम् ।
कैः बध्नन्तः ? ........ अमीभिः ।
कथम्भूतैः अमीभिः ? ........ स्फुटैः ।
कुतः कर्माणि बध्नन्तः ? ........ भ्रमवशतः ।

**સમાસ :-**

- मिथ्यात्वम् च अविरतयः च कषायाः च योगाः च इति मिथ्यात्वाविरतिकषाययोगाः । (ઇ.દ્વ.)
  मिथ्यात्वाविरतिकषाययोगाः सञ्ज्ञाः येषाम् ते इति **मिथ्यात्वाविरतिकषाययोगसञ्ज्ञाः** । (સ.બ.)
- समयम् समयम् इति **प्रतिसमयम्** । (અ.સ.)
- भ्रमस्य वशः इति भ्रमवशः । (ષ.ત.)
  भ्रमवशात् इति **भ्रमवशतः** । (તદ્ધિતનો तस्)

**इन्द्रियाव्रतकषाययोगजाः, पञ्च पञ्च चतुरन्वितास्त्रयः ।**
**पञ्चविंशतिरसत्क्रिया इति, नेत्रवेदपरिसङ्ख्ययाप्यमी ॥४॥**

**શબ્દાર્થ :-**

**इन्द्रियाव्रतकषाययोगजाः** - ઇન્દ્રિય, અવ્રત, કષાય અને યોગથી જન્મેલ [આ આશ્રવો] (इन्द्रियाव्रतकषाययोगज - अदस् નું વિ. પું.પ્ર.બ.વ.)

**पञ्च** - પાંચ (ઇન્દ્રિયો) (पञ्चन् - इन्द्रियની સંખ્યા જણાવવા અલિંગ પ્ર.બ.વ.)
**पञ्च** - પાંચ (અવ્રત) (पञ्चन् - अव्रतની સંખ્યા જણાવવા - અલિંગ પ્ર.બ.વ.)
**चतुरन्विताः** - ચાર (કષાય) સહિત [ત્રણ] (चतुर् - કષાયની સંખ્યા જણાવી - પું.પ્ર.બ.વ.)
**त्रयः** - ત્રણ [યોગ] (त्रि - પું.પ્ર.બ.વ. - योग ની સંખ્યા જણાવી)
**पञ्चविंशतिः** - પચીસ [અસત્ ક્રિયાઓ] (पञ्चविंशति - असत्क्रियाની સંખ્યા જણાવી સ્ત્રી.પ્ર.એ.વ.)
**असत्क्रियाः** - અસત્ક્રિયાઓ (असत्क्रिया સ્ત્રી.પ્ર.બ.વ.)
**नेत्रवेदपरिसङ्ख्यया** - બેંતાલીશ સંખ્યા વડે (नेत्रवेदपरिसङ्ख्या - સ્ત્રી.તૃ.એ.વ. नेत्र =૨ વેદ =૪ (ઋગ્વેદાદિ) ૪૨)
**अमी** - આ [આશ્રવો] (अदस् સર્વનામ - आश्रव માટે વપરાયેલ પું.પ્ર.બ.વ.)

**અર્થ :-** આ (આશ્રવો) ઇન્દ્રિય, અવ્રત, કષાય અને યોગમાંથી જન્મેલ (અનુક્રમે) પાંચ, પાંચ અને ચારથી સહિત, ત્રણ (તથા) પચીશ અસત્ક્રિયાઓ એ પ્રમાણે બેંતાલીશ સંખ્યા વડે પણ થાય છે. (પૂર્વની ગાથામાં ૪ પ્રકારે આશ્રવ બતાવ્યા. અહીં ૪૨ પ્રકારે બતાવ્યા.)

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (भवन्ति)।

के भवन्ति ?.....................अमी भवन्ति।
अमी के भवन्ति ?....... इन्द्रियाव्रतकषाययोगजाः।
अमी इन्द्रियाव्रतकषाययोगजाः कतिपयाः भवन्ति ?................................पञ्च।
पुनः कतिपयाः भवन्ति ?................................पञ्च।
पुनः कतिपयाः भवन्ति ?...............................त्रयः।
कथम्भूताः त्रयः ?.......................चतुरन्विताः।
अमी पुनः काः भवन्ति ?......................असत्क्रियाः।
कतिपयाः असत्क्रियाः ?......................पञ्चविंशतिः।
कथम् ?................................इति।
कया अपि भवन्ति ?......नेत्रवेदपरिसङ्ख्यया अपि।

**સમાસ :-**

- न व्रतानि इति अव्रतानि। (નञ् ત.)
  इन्द्रियाणि च अव्रतानि च कषायाः च योगाः च इति इन्द्रियाव्रतकषाययोगाः। (ઇ.દ્વ.)

इन्द्रियाव्रतकषाययोगैः जायन्ते स्म इति **इन्द्रियाव्रतकषाययोगजाः** । (ઉ.ત.)

- चत्वारैः अन्विताः इति **चतुरन्विताः** । (તૃ.ત.)
- पञ्चभिः अधिका विंशतिः इति **पञ्चविंशतिः** । (મ.ક.)
  અથવા पञ्च च विंशतिः च इति **पञ्चविंशतिः** । (ઇ.દ્વ.)
- न सत्यः (सत् નું સ્ત્રી. सती નું બ.વ.) इति असत्यः । (નઞ્ ત.)
  असत्यः च अमूः क्रियाः च इति **असत्क्रियाः** । (વિ.પૂ.ક.)
- सङ्ख्यया परिगतः इति परिसङ्ख्या । (પ્રાદિ ત.)
  नेत्रे च वेदाः च इति नेत्रवेदाः । (ઇ.દ્વ.)
  नेत्रवेदानाम् परिसङ्ख्या इति **नेत्रवेदपरिसङ्ख्या** । (ષ.ત.) तया ।

**इत्याश्रवाणामधिगम्य तत्त्वं, निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।**
**एषां निरोधे विगलद्विरोधे, सर्वात्मना द्राग्यतितव्यमात्मन् ! ॥५॥**

**શબ્દાર્થ :-**

**आश्रवाणाम्** - આશ્રવોના (आश्रव पुं.ष.બ.વ.)

**अधिगम्य** - જાણીને (अधि+गम्(गच्छ्) ગણ ૧ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**तत्त्वम्** - તત્ત્વને, રહસ્યને (तत्त्व - तस्य भावः इति तद् + त्व - નપું.દ્વિ.એ.વ.)

**निश्चित्य** - નિશ્ચય કરીને (निस्+चि ગણ ૫ ઉભયપદી સં.ભૂ.કૃ.)

**सत्त्वम्** - સામર્થ્યને (सत्त्व - सतः भावः इति सत् + त्व નપું.દ્વિ.એ.વ.)

**श्रुतिसन्निधानात्** - આગમના સાન્નિધ્યથી, શાસ્ત્રના પરિચય - અભ્યાસથી (श्रुतिसन्निधान નપું.પં.એ.વ.)

**निरोधे** - નિરોધ કરવામાં (निरोध પું.સ.એ.વ.)

**विगलद्विरोधे** - (સર્વ જીવો પરનો) વૈરભાવ જેમાં વિલય પામે તેવા [આશ્રવના નિરોધમાં] (विगलद्विरोध - निरोध નું વિ. પું.સ.એ.વ.)

**सर्वात्मना** - સંપૂર્ણ આત્મા વડે, સર્વ આત્માઓ (આત્મપ્રદેશો) વડે, (અહીં) સર્વ ઉદ્યમ વડે (सर्वात्मन् પું.તૃ.એ.વ.)

**द्राक्** - શીઘ્રપણે (અવ્યય) !

**यतितव्यम्** - યત્ન કરવા યોગ્ય છે. (यतितव्य - यत् + तव्य - ભાવે વિધ્યર્થ કૃદંત નપું.એ.વ.)

**અર્થ :-** હે આત્મા ! આ પ્રમાણે આશ્રવોના તત્ત્વને (રહસ્યને) જાણીને શાસ્ત્રોના અભ્યાસથી (આશ્રવોનો જય કરવાના) સામર્થ્યનો

નિશ્ચય કરીને (સર્વ જીવો પરનો) વૈરભાવ જેમાં વિલય પામે તેવા એના (આશ્રવના) નિરોધને વિશે સંપૂર્ણ આત્મપ્રદેશો વડે (સર્વ પ્રકારના ઉદ્યમ વડે) (તારા વડે) શીઘ્રપણે યત્ન કરવા યોગ્ય છે.

**ખંડાન્વય :-** यतितव्यम् ।

कथम् यतितव्यम् ? ........ द्राग् ।
केन यतितव्यम् ? ........ सर्वात्मना ।
कस्मिन् यतितव्यम् ? ........ निरोधे ।
केषाम् निरोधे ? ........ एषाम् ।
कथम्भूते निरोधे ? ........ विगलद्विरोधे ।
किम् प्रकृत्य यतितव्यम् ? ........ निश्चित्य ।
किम् निश्चित्य ? ........ सत्त्वम् ।
कस्मात् निश्चित्य ? ........ श्रुतिसन्निधानात् ।
किम् प्रकृत्य निश्चित्य ? ........ अधिगम्य ।
किम् अधिगम्य ? ........ तत्त्वम् ।
केषाम् तत्त्वम् ? ........ आश्रवाणाम् ।
कथम् ? ........ इति ।
किम् सम्बोधने ? ........ आत्मन् !

**સમાસ :-**

- श्रुतेः सन्निधानम् इति **श्रुतिसन्निधानम्** । (ष.त.) तस्मात् ।
- विगलन्तः विरोधाः यस्मिन् सः इति **विगलद्विरोधः** । (स.ब.) तस्मिन् ।
- सर्वः च असौ आत्मा च इति **सर्वात्मा** । (वि.પૂ.ક.) तेन ।

## ॥ गेयाष्टकम् ॥

**परिहरणीया रे सुकृतिभिराश्रवा, हृदि समतामवधाय ।**
**प्रभवन्त्येते रे भृशमुच्छृङ्खला, विभुगुणविभववधाय ॥१॥**

(ક્રમાંક: ७ परिहरणीया, ११ रे(?) — printed word-order numbers above words: परि(७) रे(१) सुकृतिभि(२) राश्रवा(६) हृदि(३) समता(४) अवधाय(५); प्र(१३) ... )

**શબ્દાર્થ :-**

**परिहरणीयाः** - ત્યાગ કરવા યોગ્ય છે (परिहरणीय - परि + हृ ગણ ૧ ઉભયપદી + अनीय (કર્મણિ વિધ્યર્થ કૃદંત) - आश्रव નું વિ. પું.પ્ર.બ.વ.)

**सुकृतिभिः** - પુણ્યશાળીઓ વડે (सुकृतिन् - सुकृताः सन्ति एषाम् इति सुकृतिनः - सुकृत + इन् (મત્વર્થીય) - પું.તૃ.બ.વ.)

**हृदि** - હૃદયમાં (हृदय નપું.સ.એ.વ. (हृदयनो हृद् આદેશ થયો છે.))

**अवधाय** - ધારણ કરીને (अव+धा ગણ ૩ ઉભયપદી સં.ભૂ.કૃ.)
**प्रभवन्ति** - સમર્થ થાય છે (प्र+भू ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.બ.વ.)
**भृशम्** - અત્યંત (અવ્યય)
**उच्छृङ्खलाः** - ઉચ્છૃંખલ, ઉદ્ધત (उच्छृङ्खल - आश्रव નું વિ. પું.પ્ર.બ.વ.)
**विभुगुणविभववधाय** - સર્વવ્યાપી ગુણરૂપી (કેવલજ્ઞાન, કેવલદર્શનાદિ ગુણો રૂપી) વૈભવનો નાશ કરવા માટે (विभुगुणविभववध પું.ચ.એ.વ.)

**અર્થ :-** અરે ! (ચેતન !) પુણ્યશાળી લોકો વડે હૃદયમાં સમતા ધારણ કરીને આશ્રવો ત્યાગ કરવા યોગ્ય છે. અરે ! (ચેતન !) અત્યંત ઉચ્છૃંખલ એવા આ (હિંસાદિ આશ્રવો) સર્વવ્યાપક (કેવલજ્ઞાનાદિ) ગુણરૂપી વૈભવનો નાશ કરવા માટે સમર્થ થાય છે.

**ખંડાન્વય :-** परिहरणीयाः ।

के परिहरणीयाः ? ............................................ आश्रवाः ।
किम् प्रकृत्य परिहरणीयाः ? ............................................ अवधाय ।
काम् अवधाय ? ............................................ समताम् ।
कस्मिन् समताम् अवधाय ? ............................................ हृदि ।
कैः परिहरणीयाः ? ............................................ सुकृतिभिः ।
कथम् ? ............................................ रे !

प्रभवन्ति ।

कस्मै प्रभवन्ति ? ............................................ विभुगुणविभववधाय ।
के प्रभवन्ति ? ............................................ एते प्रभवन्ति ।
के एते प्रभवन्ति ? ............................................ उच्छृङ्खलाः एते ।
कथम् उच्छृङ्खलाः ? ............................................ भृशम् ।
कथम् ? ............................................ रे !

**સમાસ :-**

- विभवः च अमी गुणाः च इति विभुगुणाः । (વિ.પૂ.ક.)
  विभुगुणानाम् विभवः इति विभुगुणविभवः । (ષ.ત.)
  विभुगुणविभवस्य वधः इति **विभुगुणविभववधः** । (ષ.ત.) तस्मै ।
- शृङ्खलातः उद्गताः इति **उच्छृङ्खलाः** । (પ્રાદિ ત.)

**कुगुरुनियुक्ता रे, कुमतिपरिप्लुताः, शिवपुरपथमपहाय ।**
**प्रयतन्तेऽमी रे, क्रियया दुष्टया, प्रत्युत शिवविरहाय ॥२॥**

**શબ્દાર્થ :-**

**कुगुरुनियुक्ताः** - કુગુરુ વડે જોડાયેલા, કુગુરુ સાથે જોડાયેલા [આ જીવો] (कुगुरुनियुक्त - अदस् નું વિ. પું.પ્ર.બ.વ.)

**कुमतिपरिप्लुताः** - (પોતાની) કુમતિથી (સદ્ધર્મમાં) અસ્થિર [આ જીવો] (कुमतिपरिप्लुत - अदस् નું વિ. પું.પ્ર.બ.વ.)

**शिवपुरपथम्** - (રત્નત્રયરૂપ) મોક્ષના માર્ગને (शिवपुरपथ પું.દ્વિ.એ.વ.)

**अपहाय** - ત્યાગ કરીને (अप+हा ગણ ૩ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**क्रियया** - ક્રિયા વડે (क्रिया સ્ત્રી.તૃ.એ.વ.)

**दुष्टया** - દુષ્ટ (ક્રિયા) વડે (दुष्टा - दुष् ગણ ૪ પરસ્મૈ. + કર્તરિ ભૂ.કૃ.નો त(क्त) + સ્ત્રી.નો आ(आप्) - क्रियाનું વિશેષણ સ્ત્રી.તૃ.એ.વ.)

**प्रत्युत** - ઊલટાનું (प्रति + उत - અવ્યય)

**शिवविरहाय** - મોક્ષના વિરહ માટે (शिवविरह - પું.ચ.એ.વ.)

**અર્થ :-** અરે ! અરે ! (ચેતન !) કુગુરુઓ વડે (અશુદ્ધ માર્ગમાં) જોડાયેલા, (સ્વ) કુમતિથી (સદ્ધર્મમાં) અસ્થિર આ (જીવો) મોક્ષમાર્ગને છોડીને અશુદ્ધ ક્રિયા વડે ઊલટાનું મોક્ષના વિરહ માટે પ્રયત્ન કરે છે.

**ખંડાન્વય :-** प्रयतन्ते ।

कस्मै प्रयतन्ते ?........................................ शिवविरहाय ।

कथम् ?........................................ प्रत्युत ।

कया शिवविरहाय प्रयतन्ते ?........................................ क्रियया ।

कथम्भूतया क्रियया ?........................................ दुष्टया ।

किम् प्रकृत्य शिवविरहाय प्रयतन्ते ?........................................ अपहाय ।

कम् अपहाय ?........................................ शिवपुरपथम् ।

के प्रयतन्ते ?........................................ अमी ।

के अमी ?........................................ कुमतिपरिप्लुताः ।

पुनः के अमी ?........................................ कुगुरुनियुक्ताः ।

कथम् ?........................................ रे ! रे !

**સમાસ :-**

- कुत्सितः गुरुः इति कुगुरुः । ('कु' પૂર્વપદ त.)
  कुगुरुणा नियुक्ताः इति **कुगुरुनियुक्ताः** । (તૃ.ત.)
- कुत्सिता मतिः इति कुमतिः । ('कु' પૂર્વપદ त.)

कुमत्या परिप्लुताः इति **कुमतिपरिप्लुताः** । (તૃ.ત.)

- शिवः एव पुरम् इति शिवपुरम् । (અ.પૂ.ક.)
  शिवपुरस्य पन्थाः इति **शिवपुरपथः** । (ષ.ત.) तम् ।
- शिवस्य विरहः इति **शिवविरहः** । (ષ.ત.) तस्मै ।

**[३]अविरतचित्ता [१]रे, [४]विषयवशीकृता, [१०]विषहन्ते [७]विततानि ।**
**[५]इह [६]परलोके [२]रे, [८]कर्मविपाकजान्य[९]विरलदुःखशतानि ॥३॥**

**શબ્દાર્થ :-**

**अविरतचित्ताः** - વિરતિરહિત ચિત્તવાળા [જીવો] (अविरतचित्त - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર.બ.વ.)

**विषयवशीकृताः** - (પાંચ ઇન્દ્રિયોના) વિષયો વડે વશ કરાયેલા [જીવો] (विषयवशीकृत - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર.બ.વ.)

**विषहन्ते**[A] - સહન કરે છે (वि+सह ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.બ.વ.)

**विततानि** - વિસ્તૃત (અહીં) અતિદીર્ઘકાલ ભોગવાય એવા [સેંકડો દુઃખો]ને (वितत - वि+तन् ગણ ૮ ઉભયપદી કર્મણિ ભૂ.કૃ. - अविरलदुःखशत નું વિશેષણ - નપું.દ્વિ.બ.વ.)

**कर्मविपाकजानि** - કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલ [સેંકડો દુઃખોને] (कर्मविपाकज - अविरलदुःखशतનું વિ. નપું.દ્વિ.બ.વ.)

**अविरलदुःखशतानि** - નિરંતર સેંકડો દુખોને (अविरलदुःखशत નપું.દ્વિ.બ.વ.)

**અર્થ :-** અરે ! અરે ! (ચેતન !) (હિંસા અસત્ય આદિથી) વિરતિ વિનાના ચિત્તવાળા (અને) (પાંચ ઇન્દ્રિયોના) વિષયો વડે વશ કરાયેલા (જીવો) અહીં (આ લોકમાં) (અને) પરલોકમાં લાંબોકાળ ભોગવાય એવા કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા નિરંતર સેંકડો દુઃખોને સહન કરે છે.

**ખંડાન્વય :-** विषहन्ते ।

कानि विषहन्ते ? ................................ अविरलदुःखशतानि ।
कथम्भूतानि अविरलदुःखशतानि ? ................................ कर्मविपाकजानि ।
पुनः कथम्भूतानि अविरलदुःखशतानि ? ........................................ विततानि ।
कस्मिन् विषहन्ते ? ................................................ परलोके ।
पुनः कुत्र विषहन्ते ? ........................................................ इह ।

---

A. वि પછી सह् ના स् નો ष् થાય છે. (જો ह् નો ढ् ન થતો હોય તો)

के विषहन्ते ? ...................................... विषयवशीकृताः ।

कथम्भूते विषहन्ते ? ......................................... अविरतचित्ताः ।

विषयवशीकृताः कथम् ? .................................................. रे ! रे !

**સમાસ :-**

- न विरतम् इति अविरतम् । (નઞ્ ત.)
  अविरतम् चित्तम् येषाम् ते इति **अविरतचित्ताः** । (સ.બ.)
- प्राग् अवशाः वशाः कृताः इति वशीकृताः । (તદ્ધિતનો च्वि પ્રત્યય)
  विषयैः वशीकृताः इति **विषयवशीकृताः** । (તૃ.ત.)
- परः च असौ लोकः च इति **परलोकः** । (વિ.પૂ.ક.) तस्मिन् ।
- कर्मणाम् विपाकाः इति कर्मविपाकाः । (ષ.ત.)
  कर्मविपाकैः जायन्ते स्म इति **कर्मविपाकजानि** । (ઉ.ત.) तानि ।
- न विरलानि इति **अविरलानि** । (નઞ્ ત.)
- दुःखानाम् शतानि इति दुःखशतानि । (ષ.ત.)
  अविरलानि च अमूनि दुःखशतानि च इति **अविरलदुःखशतानि** । (વિ.પૂ.ક.) तानि ।

**करिझषमधुपा रे, शलभमृगादयो, विषयविनोदरसेन ।**
**हन्त ! लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥४॥**

**શબ્દાર્થ :-**

**करिझषमधुपाः** - હાથીઓ (સ્પર્શેન્દ્રિયથી), માછલાઓ (જિહ્વેન્દ્રિયથી) અને ભમરા (ઘ્રાણેન્દ્રિયથી) (करिझषमधुप પું.પ્ર.બ.વ.)

**शलभमृगादयः** - પતંગિયા (ચક્ષુરિન્દ્રિયથી), મૃગલાઓ (શ્રોત્રેન્દ્રિયથી) વગેરે (शलभ-मृगादि પું.પ્ર.બ.વ.)

**विषयविनोदरसेन** - વિષય વિલાસના પ્રેમથી (विषयविनोदरस પું.તૃ.એ.વ.)

**विविधाः** - વિવિધ [વેદનાઓ] (विविध - वेदनाનું વિશેષણ विविध + સ્ત્રી.નો आ(आप्) સ્ત્રી.દ્વિ.બ.વ.)

**वेदनाः** - વેદનાઓ (वेदना સ્ત્રી.દ્વિ.બ.વ.)

**परिणतिविरसेन** - પરિણામમાં વિપરીત રસ (ફલ)વાળું (परिणतिविरस - विषयविनोदरस નું વિશેષણ પુ.તૃ.એ.વ.)

**અર્થ :-** અરે ! અરે ! (ચેતન !) ખરેખર, ખેદની વાત છે કે પરિણામમાં વિપરીત રસવાળા (દુઃખદાયી) એવા વિષયોના વિલાસના

પ્રેમ વડે (આસક્તિ વડે) હાથીઓ (સ્પર્શેન્દ્રિયથી), માછલીઓ (રસનેન્દ્રિયથી), ભમરાઓ (ઘ્રાણેન્દ્રિયથી), પતંગિયાઓ (ચક્ષુરિન્દ્રિયથી), હરણાઓ (શ્રોત્રેન્દ્રિયથી) વગેરે વિવિધ વેદનાઓ પામે છે.

**ખંડાન્વય :-** लभन्ते ।

का: लभन्ते ? ........ वेदना: ।
कथम्भूता: वेदना: ? ........ विविधा: ।
के लभन्ते ? ........ शलभमृगादय: ।
पुन: के लभन्ते ? ........ करिझषमधुपा: ।
केन लभन्ते ? ........ विषयविनोदरसेन ।
कथम्भूतेन विषयविनोदरसेन ? ........ परिणतिविरसेन ।
कथम् ? ........ हन्त !
कथम् ? ........ बत ।
कथम् ? ........ रे ! रे !

**સમાસ :-**

- मधु पिबन्ति इति मधुपा: । (ઉ.ત.)
  करिण: च झषा: च मधुपा: च इति **करिझषमधुपा:** । (ઇ.દ્વ.)
- शलभा: च मृगा: च इति शलभमृगा: । (ઇ.દ્વ.)
  शलभमृगा: आदौ येषाम् ते इति **शलभमृगादय:** । (વ્ય.બ.)
- विषयाणाम् विनोद: इति विषयविनोद: । (ષ.ત.)
  विषयविनोदस्य रस: इति **विषयविनोदरस:** । (ષ.ત.) तेन ।
- विपरीत: रस: इति विरस: । (પ્રા.ત.)
  परिणतौ विरस: इति **परिणतिविरस:** । (સ.ત.) तेन ।

**उदितकषाया रे, विषयवशीकृता, यान्ति महानरकेषु ।**
**परिवर्तन्ते रे, नियतमनन्तशो, जन्मजरामरणेषु ।।५।।**

**શબ્દાર્થ :-**

**उदितकषाया:** - ઉદય પામ્યા છે કષાયો જેમને, કષાયોના ઉદયવાળા [પ્રાણીઓ] (उदितकषाय - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર.બ.વ.)

**विषयवशीकृता:** - વિષયો વડે વશ કરાયેલ [જીવો] (विषयवशीकृत - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર.બ.વ.)

**महानरकेषु** - મહા નરકોમાં (૭મી, છઠ્ઠી વગેરેમાં) (महानरक पुं.स.બ.વ.)
**परिवर्तन्ते** - પરિવર્તન પામે છે (परि+वृत् ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.બ.વ.)
**नियतम्** - નિશ્ચે (नियत - ક્રિયાવિ. નપું.દ્વિ.એ.વ.)
**अनन्तशः** - અનંતવાર (अनन्तः वारः इति अनन्त+शस् - અવ્યય)
**जन्मजरामरणेषु** - જન્મ, જરા અને મરણમાં (जन्मजरामरण નપું.સ.બ.વ.)

**અર્થ :-** અરે ! (ચેતન !) કષાયોના ઉદયવાળા વિષયો વડે વશ કરાયેલ (જીવો) મહાનરકોમાં જાય છે. અરે ! જન્મ, જરા અને મરણમાં નિશ્ચે અનંતવાર પરિવર્તન પામે છે.

**ખંડાન્વય :-** यान्ति ।

केषु यान्ति ? .................................... महानरकेषु ।
के यान्ति ? .................................... विषयवशीकृताः ।
कथम्भूताः विषयवशीकृताः ? .................................... उदितकषायाः ।
कथम् ? .................................... रे!

परिवर्तन्ते ।

कथम् परिवर्तन्ते ? .................................... अनन्तशः ।
कथम् परिवर्तन्ते ? .................................... नियतम् ।
केषु परिवर्तन्ते ? .................................... जन्मजरामरणेषु ।
कथम् ? .................................... रे!

**સમાસ :-**

- उदिताः कषायाः येषाम् ते इति **उदितकषायाः** । (સ.બ.)
- प्राग् अवशाः वशाः कृताः इति वशीकृताः । (તદ્ધિતનો च्वि)
  विषयैः वशीकृताः इति **विषयवशीकृताः** । (ષ.ત.)
- महान्तः च अमी नरकाः च इति **महानरकाः** । (વિ.પૂ.ક.) तेषु ।
- जन्म च जरा च मरणम् च इति **जन्मजरामरणानि** । (ઇ.દ્વ.) तेषु ।

**मनसा[३] वाचा[४] रे[२], वपुषा[१] चञ्चला[५], दुर्जयदुरितभरेण[६][७] ।**
**उपलिप्यन्ते[८] रे[२], तत[९] आश्रवजये[१०], यततां[११] कृतमपरेण[१३][१२] ॥६॥**

**શબ્દાર્થ :-**

**चञ्चलाः** - ચંચલ [જીવો] (चञ्चल - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર.બ.વ.)
**दुर्जयदुरितभरेण** - દુઃખે કરીને જીતાય એવા દુરિતોના સમૂહ વડે (दुर्जयदुरितभर પું.તૃ. એ.વ.)

**उपलिप्यन्ते** - લેપાય છે (उप+लिप् ગણ ૬ ઉભયપદી + કર્મણિનો य(क्य) વ.કા. ત્રી.પુ.બ.વ.)

**आश्रवजये** - આશ્રવોના જયમાં (आश्रवजय પું.સ.એ.વ.)

**यतताम्** - પ્રયત્ન કર (यत् ગણ ૧ આત્મને. આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ.)

**कृतम्**[A] - સર્યું (અવ્યય)

**अपरेण** - બીજા વડે (अपर સર્વનામ - आश्रवजय સિવાયના માટે વપરાયેલ પુ.તૃ.એ.વ.) (कृतम् અવ્યયના યોગમાં તૃતીયા)

**અર્થ :-** અરે ! અરે ! મનથી, વચનથી (અને) કાયાથી ચંચલ (જીવો) દુર્જય એવા દુરિતો-પાપોના સમૂહ વડે લેપાય છે. તે કારણથી આશ્રવના જયમાં પ્રયત્ન કરવો જોઈએ. (આશ્રવજય સિવાય) બીજા (બંધના હેતુઓમાં પ્રવર્તન આદિ) વડે સર્યું.

**ખંડાન્વય :-** उपलिप्यन्ते ।

केन उपलिप्यन्ते ? .................................. दुर्जयदुरितभरेण ।

के उपलिप्यन्ते ? .................................. चञ्चलाः ।

केन चञ्चलाः ? .................................. वपुषा ।

पुनः कया चञ्चलाः ? .................................. वाचा ।

पुनः केन चञ्चलाः ? .................................. मनसा ।

कथम् ? .................................. रे ! रे !

यतताम् ।

कस्मिन् यतताम् ? .................................. आश्रवजये ।

कुतः यतताम् ? .................................. ततः ।

कृतम् ।

केन कृतम् ? .................................. अपरेण ।

**સમાસ :-**

- दुःखेन जीयन्ते इति दुर्जयानि । (ઉ.ત.)
  दुर्जयानि च अमूनि दुरितानि च इति दुर्जयदुरितानि । (વિ.પૂ.ક.)
  दुर्जयदुरितानाम् भरः इति **दुर्जयदुरितभरः** । (ષ.ત.) तेन ।
- आश्रवाणाम् जयः इति **आश्रवजयः** । (ષ.ત.) तस्मिन् ।

---

A. कृतम् અવ્યય - તૃતીયા વિભક્તિવાળા શબ્દના યોગમાં વપરાય છે.

**शुद्धा योगा रे, यदपि यतात्मनां, स्रवन्ते शुभकर्माणि ।**
**काञ्चननिगडांस्तान्यपि जानीयात्, हतनिर्वृतिशर्माणि ॥७॥**

**શબ્દાર્થ :-**

**शुद्धाः**- શુદ્ધ [યોગો] (शुद्ध - योग નું વિ. પું.પ્ર.બ.વ.)
**योगाः** - યોગો (योग પું.પ્ર.બ.વ.)
**यतात्मनाम्** - સંયતાત્માઓના (यतात्मन् પું.ષ.બ.વ.)
**स्रवन्ते** - બાંધે છે. (स्रु ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.બ.વ.)
**शुभकर्माणि** - શુભ કર્મોને (शुभकर्मन् નપું.દ્વિ.બ.વ.)
**काञ्चननिगडान्** - સોનાની બેડીઓને (काञ्चननिगड પું.દ્વિ.બ.વ.)
**जानीयात्** - તે જાણે (ज्ञा(जा) ગણ ૯ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)
**हतनिर्वृतिशर्माणि** - હણાય છે મોક્ષસુખ જેના વડે, મોક્ષસુખને હણનાર [શુભકર્મને]
(हतनिर्वृतिशर्मन् - शुभकर्मन् નું વિ. નપું.દ્વિ.બ.વ.)

**અર્થ :-** અરે ! જો કે સંયતાત્માઓના શુદ્ધ યોગો શુભકર્મોને બાંધે છે તે (શુભકર્મો) પણ મોક્ષસુખને હણનાર સુવર્ણની બેડીઓ જાણવા.

**ખંડાન્વય :-**

स्रवन्ते ।
कानि स्रवन्ते ? .................... शुभकर्माणि ।
के स्रवन्ते ? .................... योगाः ।
कथम्भूताः योगाः ? .................... शुद्धाः योगाः ।
केषाम् योगाः ? .................... यतात्मनाम् ।
कथम् ? .................... यदपि ।
कथम् ? .................... रे !

जानीयात् ।
कानि अपि जानीयात् ? .................... तानि अपि ।
तानि कानि ? .................... हतनिर्वृतिशर्माणि ।
तानि कान् जानीयात् ? .................... काञ्चननिगडान् ।

**સમાસ :-**

- यताः च अमी आत्मानः च इति **यतात्मानः** । (વિ.પૂ.ક.) तेषाम् ।
  (અથવા) यतः आत्मा येषाम् ते इति **यतात्मानः** । (સ.બ.) तेषाम् ।
- शुभानि च अमूनि कर्माणि च इति **शुभकर्माणि** । (વિ.પૂ.ક.) तानि ।
- काञ्चनस्य निगडाः इति **काञ्चननिगडाः** । (ષ.ત.) तान् ।
- निर्वृतेः शर्म इति निर्वृतिशर्म । (ષ.ત.)
  हतम् निर्वृतिशर्म यैः तानि इति **हतनिर्वृत्तिशर्माणि** । (સ.બ.) तान् ।

**मोदस्वैवं रे साश्रवपाप्मनां, रोधे धियमाधाय ।**
**शान्तसुधारसपानमनारतं, विनय ! विधाय विधाय ॥८॥**

**શબ્દાર્થ :-**

**मोदस्व** - તું આનંદ પામ (मुद् ગણ ૧ આત્મને. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**साश्रवपाप्मनाम्** - આશ્રવ સહિત પાપ કર્મોનો (साश्रवपाप्मन् પું.ષ.બ.વ.)
**रोधे** - નિરોધ કરવામાં (रोध પું.સ.એ.વ.)
**धियम्** - બુદ્ધિને (धी સ્ત્રી.દ્વિ.એ.વ)
**आधाय** - સ્થાપીને (आ+धा ગણ ૩ ઉભયપદી સં.ભૂ.કૃ.)
**अनारतम्** - નિરંતર (अनारत - ક્રિયાવિ. નપું.દ્વિ.એ.વ.)
**विधाय** - કરીને (वि+धा ગણ ૩ ઉભયપદી સં.ભૂ.કૃ.)

**અર્થ :-** અરે ! (ઉપર કહ્યું) એ પ્રમાણે આશ્રવ સહિત પાપકર્મોનો નિરોધ કરવામાં બુદ્ધિને સ્થાપીને હે વિનય ! નિરંતર શાંતસુધારસનું પાન [A]વારંવાર કરીને તું આનંદ પામ.

**ખંડાન્વય :-** मोदस्व ।

किम् प्रकृत्य मोदस्व ? ............................ विधाय विधाय मोदस्व ।
किम् विधाय ? ................................... शान्तसुधारसपानम् ।
कथम् विधाय ? ................................................ अनारतम् ।
किम् सम्बोधने ? .................................................. विनय !
किम् प्रकृत्य विधाय ? ............................................... आधाय ।
काम् आधाय ? ................................................. धियम् ।
कस्मिन् आधाय ? ................................................... रोधे ।
केषाम् रोधे ? ...................................... साश्रवपाप्मनाम् ।
कथम् ? ................................................... एवम् ।
कथम् ? ....................................................... रे !

**સમાસ :-**

- आश्रवेण सहितः वर्तन्ते ये ते इति साश्रवाः । (સહાર્થ બ.)
  साश्रवाः च अमी पाप्मानः च इति **साश्रवपाप्मानः** । (વિ.પૂ.ક.) तेषाम् ।
- न [B]आरतम् इति **अनारतम्** । (નઞ્ ત.)

---

A. विधाय विधाय - વીપ્સા અર્થમાં त्वा પ્રત્યયિક શબ્દ બે વાર વપરાય. અર્થ - વારંવાર કરીને એ પ્રમાણે કરવો.

B. आ+रम् ગણ ૧ આત્મને. + त(क्त) = आरत (आ + रम् - અટકવું)

# ॥ संवरभावना ॥

२ २ ४ १५ ७ ६ ३
**येन येन य इहाश्रवरोधः, सम्भवेन्नियतमौपयिकेन ।**
१४ १२ १३ ९ १० ८ ११
**आद्रियस्व विनयोद्यतचेतास्तत्तदान्तरदृशा परिभाव्य ॥१॥**

**શબ્દાર્થ :-**

**आश्रवरोधः** - આશ્રવનો નિરોધ (आश्रवरोध પું.પ્ર.એ.વ.)

**सम्भवेत्** - સંભવે છે (सम्+भू ગણ ૧ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)

**नियतम्** - નિશ્ચે, અવશ્ય (नियत - ક્રિયાવિ. નપું.દ્વિ.એ.વ.)

**औपयिकेन** - ઉપાય વડે (औपयिक - उपायः एव इति स्वार्थे उपाय + इकण्[A] - પું.તૃ.એ.વ.)

**आद्रियस्व** - આદર કર. (आ+दृ ગણ ૬ આત્મને. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**विनय !** - હે વિનય (આત્મા) ! विनय + પું.સં.એ.વ.)

**उद्यतचेताः** - ઉદ્યત ચિત્તવાળો [તું] (उद्यतचेतस् - युष्मद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**आन्तरदृशा** - જ્ઞાનચક્ષુ વડે, અંતરચક્ષુ વડે (आन्तरदृश् સ્ત્રી.તૃ.એ.વ.)

**परिभाव्य** - વિચારીને, ભાવન કરીને (परि+भू ગણ ૧ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग्) સં.ભૂ.કૃ.)

**અર્થ :-** અહીં (જૈનશાસનમાં) જે જે ઉપાય વડે જે આશ્રવનો રોધ અવશ્ય સંભવે જ્ઞાનચક્ષુ વડે તેને તેને (તે તે ઉપાયને) વિચારીને હે વિનય ! (ઉપેયને મેળવવામાં) ઉદ્યત ચિત્તવાળો તું આદર. (આચર.)

**ખંડાન્વય :-** आद्रियस्व ।

कः आद्रियस्व ? ............ उद्यतचेताः ।
किम् सम्बोधने ? ............ विनय !
किम् कारयित्वा आद्रियस्व ? ............ परिभाव्य ।
किम् परिभाव्य ? ............ तद् ।
तद् किम् परिभाव्य ? ............ तद् तद् परिभाव्य ।
कया परिभाव्य ? ............ आन्तरदृशा ।
सम्भवेत् ।
कथम् सम्भवेत् ? ............ नियतम् ।
कः सम्भवेत् ? ............ यः सम्भवेत् ।

---

A. સિ.હે.શ. ૭-૨-૧૬૯થી વિનય વગેરે શબ્દોને સ્વાર્થમાં इकण् પ્રત્યય લાગે છે.

य: क: सम्भवेत् ? ........................ य: आश्रवरोध: सम्भवेत् ।
केन सम्भवेत् ? ........................................ येन येन ।
येन येन केन सम्भवेत् ? .................................. औपयिकेन ।
कुत्र ? .................................................. इह ।

સમાસ :-

- आश्रवाणाम् रोध: इति **आश्रवरोध:** । (ષ.ત.)
- उद्यतम् चेत: यस्य स: इति **उद्यतचेता:** । (સ.બ.)
- अन्त: (मध्ये) भवा इति आन्तरा । (તદ્ધિતનો अण्)

  दृश्यते इति क्विप् दृक् । (કૃદંતનો क्विप् પ્રત્યય)

  आन्तरा च असौ दृक् च इति **आन्तरदृक्** । (વિ.પૂ.ક.) तया ।

**[१] संयमेन [२] विषयाविरतत्वे, [३] दर्शनेन [४] वितथाभिनिवेशम् ।**
**[११] ध्यानम[८] आर्त्तम[९] अथ [१०] रौद्रम[१२] अजस्रं, [६] चेतस: [७] स्थिरतया [५] च [१३] निरुन्ध्या: ॥२॥**

શબ્દાર્થ :-

**संयमेन** - સંયમ વડે (संयम પું.તૃ.એ.વ.)

**विषयाविरतत्वे** - વિષયોને અને અવિરતિને (અવિરતપણાને) (विषयाविरतत्व નપું.દ્વિ વ.)

**दर्शनेन** - દર્શન વડે (दर्शन નપું.તૃ.એ.વ.)

**वितथाभिनिवेशम्** - ખોટા આગ્રહને (वितथाभिनिवेश પું.દ્વિ.એ.વ.)

**ध्यानम्** - ધ્યાન (ध्यान નપું.દ્વિ.એ.વ.)

**आर्त्तम्** - આર્ત્ત[ધ્યાન] (आर्त्त-ध्याननो પ્રકાર નપું.દ્વિ.એ.વ.)

**रौद्रम्** - રૌદ્ર [ધ્યાન] (रौद्र - ध्यान નો પ્રકાર નપું.દ્વિ.એ.વ.)

**अजस्रम्** - નિરંતર (अजस्र - ક્રિયાવિશેષણ નપું.દ્વિ.એ.વ.)

**चेतस:** - ચિત્તની (चेतस् નપું.ષ.એ.વ.)

**स्थिरतया** - સ્થિરતા વડે (स्थिरता - स्थिरस्य भाव: इति स्थिर + ता(तल्) - સ્રી.તૃ.એ.વ.)

**निरुन्ध्या:** - તું રુંધ, તું અટકાવ. (नि+रुध् ગણ ૭ ઉભયપદી વિધ્યર્થ બી.પુ.એ.વ.)

**અર્થ :** સંયમ વડે (શબ્દાદિ) વિષયો અને (હિંસાદિ) અવિરતિઓને; (તથા) (સમ્યગ્) દર્શન વડે ખોટા આગ્રહને અને ચિત્તની સ્થિરતા વડે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનને નિરંતર તું અટકાવ.

**ખંડાન્વય :-** निरुन्ध्याः ।

कथम् निरुन्ध्याः ? .................... अजस्रम् ।
किम् निरुन्ध्याः ? .................... ध्यानम् ।
किम् ध्यानम् ? .................... रौद्रम् ।
कथम् ? .................... अथ ।
पुनः किम् ध्यानम् ? .................... आर्त्तम् ।
कया निरुन्ध्याः ? .................... स्थिरतया ।
कस्य स्थिरतया ? .................... चेतसः ।
कथम् ? .................... च ।
पुनः किम् निरुन्ध्याः ? .................... वितथाभिनिवेशम् ।
केन निरुन्ध्याः ? .................... दर्शनेन ।
पुनः के निरुन्ध्याः ? .................... विषयाविरतत्वे ।
केन निरुन्ध्याः ? .................... संयमेन ।

**સમાસ :-**

- न विरतत्वम् इति अविरतत्वम् । (નઞ્ ત.)
  विषयः च अविरतत्वम् च इति **विषयाविरतत्वे** । (દ્વં.દ્વ.) ते ।
- वितथः च असौ अभिनिवेशः च इति **वितथाभिनिवेशः** । (વિ.પૂ.ક.) तम् ।
- न जस्रम् इति **अजस्रम्** । (નઞ્ ત.)

**क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानं, हन्या मायामार्जवेनोज्ज्वलेन ।**
**लोभं वारांराशिरौद्रं निरुन्ध्याः, सन्तोषेण प्रांशुना सेतुनेव ॥३॥**

**શબ્દાર્થ :-**

**क्रोधम्** - ક્રોધને (क्रोध પું.દ્વિ.એ.વ.)
**क्षान्त्या** - ક્ષમા વડે (क्षान्ति સ્ત્રી.તૃ.એ.વ.)
**मार्दवेन** - માર્દવ વડે, નમ્રતા વડે (मार्दव નપું.તૃ.એ.વ.)
**अभिमानम्** - અભિમાનને (अभिमान પું.દ્વિ.એ.વ.)
**हन्याः** - તું હણ (हन् ગણ ૨ પરસ્મૈ. વિધ્યર્થ બી.પુ.એ.વ.)
**मायाम्** - માયાને (माया સ્ત્રી.દ્વિ.એ.વ.)
**आर्जवेन** - આર્જવ વડે, સરળતા વડે (आर्जव નપું.તૃ.એ.વ.)
**उज्ज्वलेन** - ઉજ્જ્વળ [આર્જવ વડે] (उज्ज्वल - आर्जव નું વિ. નપું.તૃ.એ.વ.)
**लोभम्** - લોભને (लोभ પું.દ્વિ.એ.વ.)

**वारांराशिरौद्रम्** - સમુદ્રની જેમ રૌદ્ર (वारांराशिरौद्र - लोभ નું વિ. પું.દ્વિ.એ.વ.)
**निरुन्ध्याः** - તું રોક, તું અટકાવ (नि+रुध् ગણ ૭ ઉભયપદી વિધ્યર્થ બી.પુ.એ.વ.)
**सन्तोषेण** - સંતોષ વડે (सन्तोष પું.તૃ.એ.વ.)
**प्रांशुना** - અતિ ઊંચા [પુલ વડે] (प्रांशु - सेतु નું વિ. પું.તૃ.એ.વ.)
**सेतुना** - પુલ વડે (सेतु પું.તૃ.એ.વ.)

**અર્થ :-** તું ક્ષમા વડે ક્રોધને, નમ્રતા વડે અભિમાનને, ઉજ્જ્વલ - નિર્મલ સરળતા વડે માયાને હણ. સમુદ્ર જેવા ભયંકર લોભને ઊંચા પુલ જેવા સંતોષ વડે તું રોક.

**ખંડાન્વય :-**

हन्याः ।
काम् हन्याः ? ........ मायाम् ।
केन हन्याः ? ........ आर्जवेन ।
कथम्भूतेन आर्जवेन ? ........ उज्ज्वलेन ।
पुनः कम् हन्याः ? ........ अभिमानम् ।
केन हन्याः ? ........ मार्दवेन ।
पुनः कम् हन्याः ? ........ क्रोधम् ।
कया हन्याः ? ........ क्षान्त्या ।
निरुन्ध्याः ।
केन निरुन्ध्याः ? ........ सन्तोषेण ।
केन इव सन्तोषेण ? ........ सेतुना इव ।
कथम्भूतेन सेतुना ? ........ प्रांशुना ।
कम् निरुन्ध्याः ? ........ लोभम् ।
कथम्भूतम् लोभम् ? ........ वारांराशिरौद्रम् ।

**સમાસ :-**

- [A]वारां राशिः इति वारांराशिः । (અલુક્ ષ.ત.)
  वारांराशिः इव रौद्रः इति **वारांराशिरौद्रः** । (ઉપમાન સામાન્ય ધર્મ કર્મધારય) तम् ।

**गुप्तिभिस्तिसृभिरेवमजय्यान्, त्रीन् विजित्य तरसाधमयोगान् ।**
**साधुसंवरपथे प्रयतेथा, लप्स्यसे हितमनीहितमिद्धम्[B] ॥४॥**

**શબ્દાર્થ :-**

**गुप्तिभिः** - ગુપ્તિઓ વડે (गुप्ति - गुप् ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી.તૃ.બ.વ.)

---

A. वारां - वार् નપું.ષ.બ.વ. B. પાઠાંતર "हितमनाहतमिद्धम्"

**तिसृभिः** - ત્રણ [ગુપ્તિઓ] વડે (त्रि - गुप्ति નું વિશેષણ સ્ત્રી.તૃ.બ.વ.)[A]
**अजय्यान्** - જીતવાને અશક્ય [અધમ યોગોને] (अजय्य - अधमयोग નું વિ. પું.દ્વિ.બ.વ.)
**त्रीन्** - ત્રણ [અધમયોગો]ને (त्रि-अधमयोग નું વિ. પું.દ્વિ.બ.વ.)
**विजित्य** - જીતીને (वि + जि ગણ ૧ આત્મને. સં.ભૂ.કૃ.)[B]
**तरसा** - શીઘ્રપણે (અવ્યય)
**अधमयोगान्** - અશુભ યોગોને (अधमयोग - પું.દ્વિ.બ.વ.)
**साधुसंवरपथे** - શુદ્ધ સંવર માર્ગમાં (साधुसंवरपथ પું.સ.એ.વ.)
**प्रयतेथाः** - પ્રયત્ન કર, ઉદ્યમવાળો થા (प्र+यत् - ગણ ૧ આત્મને. વિધ્યર્થ બી.પુ.એ.વ.)
**लप्स्यसे** - તું પામીશ (लभ् ગણ ૧ આત્મને. ભવિષ્યન્તી બી.પુ.એ.વ.)
**हितम्** - હિતને, મોક્ષસુખને (हित નપું.દ્વિ.એ.વ.)
**अनीहितम्** - અનપેક્ષિત, ચેષ્ટારહિત, નિરપેક્ષ [મોક્ષસુખને] (अनीहित - हित નું વિ. નપું.દ્વિ.એ.વ.)
**इद्धम्** - તેજસ્વી (અહીં) સ્વાભાવિક [મોક્ષસુખને] (इन्ध् - ગણ ૭ આત્મને. કર્તરિ ભૂ.કૃ. - हित નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** એ પ્રમાણે જીતવાને માટે અશક્ય એવા (મન, વચન, કાયાના) ત્રણ અશુભ વ્યાપારોને ત્રણ ગુપ્તિઓ (મનોગુપ્તિ, વચન-ગુપ્તિ, કાયગુપ્તિ) વડે શીઘ્રપણે જીતીને શુદ્ધ સંવર માર્ગમાં પ્રયત્ન કર. (તેનાથી) તું નિરપેક્ષ, સ્વાભાવિક મોક્ષસુખને પામીશ.

**ખંડાન્વય :-** प्रयतेथाः ।

कस्मिन् प्रयतेथाः ? ........ साधुसंवरपथे ।
किम् प्रकृत्य प्रयतेथाः ? ........ विजित्य ।
कथम् विजित्य ? ........ तरसा ।
काभिः विजित्य ? ........ गुप्तिभिः ।
कतिपयाभिः गुप्तिभिः ? ........ तिसृभिः ।
पुनः कान् विजित्य ? ........ अधमयोगान् ।
कतिपयान् अधमयोगान् ? ........ त्रीन् ।

---

A. સ્ત્રી.માં त्रि નો तिसृ આદેશ થાય છે.
B. जि ગણ ૧ પરસ્મૈ. પણ वि + जि ગણ ૧ આત્મને. છે.

कथम्भूतान् अधमयोगान् ? ........................................ अजय्यान् ।

कथम् ? ........................................ एवम् ।

लप्स्यसे ।

किम् लप्स्यसे ? ........................................ हितम् ।

कथम्भूतम् हितम् ? ........................................ इद्धम् ।

पुनः कथम्भूतम् हितम् ? ........................................ अनीहितम् ।

**સમાસ :-**

- जेतुम् योग्याः इति जय्याः । (વિધ્યર્થ કૃદંત) (जि ગણ ૧ પરસ્મૈ. + य)
  न जय्याः इति **अजय्याः** । (નञ् त.) तान् ।
- अधमाः च अमी योगाः च इति **अधमयोगाः** । (વિ.પૂ.ક.) तान् ।
- संवरस्य पन्थाः इति संवरपथः । (ષ.ત.)
  साधुः च असौ संवरपथः च इति **साधुसंवरपथः** । (વિ.પૂ.ક.) तस्मिन् ।
- न ईहितम् इति **अनीहितम्** । (નञ् त.)

**१ ४ २ ३ ५**
**एवं रुद्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तवाक्य**
**६**
**श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली ।**
**८ ९ १० ११ ७**
**शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः,**
**१३ १४ १२ १६ १५**
**स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम् ॥५॥**

**શબ્દાર્થ :-**

**रुद्धेषु** - રોકાયેલ [આશ્રવ હોતે છતે] (रुद्ध - आश्रवનું વિ. પું.સ.બ.વ.)

**अमलहृदयैः** - નિર્મલ હૃદયવાળા [જીવો] વડે (अमलहृदय - જીવોનું વિશેષણ પું.તૃ.બ.વ.)

**आश्रवेषु** - આશ્રવો હોતે છતે (आश्रव પું.સ.બ.વ. - સતિ સપ્તમી)

**आप्तवाक्यश्रद्धाचञ्चत्सितपटपटुः** - આપ્ત (સર્વજ્ઞ)ના વચનોમાં શ્રદ્ધારૂપ હાલતા (શોભતા) સફેદ પટ (સઢ)થી પટુ [જીવરૂપ વહાણ] (आप्तवाक्यश्रद्धा-चञ्चत्सितपटपटु - जीवपोत નું વિ. પું.પ્ર.એ.વ.)

**सुप्रतिष्ठानशाली** - (ગુણો રૂપે) મજબૂત પ્રતિષ્ઠાન = અધોભાગ વડે શોભતું [જીવરૂપી વહાણ] (सुप्रतिष्ठानशालिन् - जीवपोत નું વિ. પું.પ્ર.એ.વ.)

**शुद्धैः** - શુદ્ધ [યોગો] વડે (शुद्ध - योग નું વિ. પું.તૃ.બ.વ.)
**योगैः** - (મન, વચન, કાયાના) યોગો વડે (योग પું.તૃ.બ.વ.)
**जवनपवनैः** - વેગવાળા પવન વડે (जवनपवन - योग ને આપેલ ઉપમા રૂપ વિ. પું.તૃ.બ.વ.)
**प्रेरितः**- પ્રેરાયેલ [જીવરૂપી વહાણ] (प्रेरित પું.પ્ર.એ.વ.)
**जीवपोतः** - જીવરૂપી વહાણ-નૌકા (जीवपोत પું.પ્ર.એ.વ.)
**स्त्रोतः**- પ્રવાહને (स्त्रोतस् નપું.દ્વિ.એ.વ.)
**तीर्त्वा** - તરીને (तृ ગણ ૧ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)
**भवजलनिधेः** - સંસારરૂપ સમુદ્રના (भवजलनिधि પું.ષ.એ.વ.)
**निर्वाणपुर्याम्** - મોક્ષનગરીમાં (निर्वाणपुरी સ્ત્રી.સ.એ.વ.)

**અર્થ :-** એ પ્રમાણે નિર્મલ ચિત્તવાળા (જીવો) વડે આશ્રવો રોકાયે છતે સર્વજ્ઞના વચનોમાં શ્રદ્ધારૂપી ફરકતા શ્વેત સઢથી પટુ, (ગુણો રૂપ) મજબૂત પ્રતિષ્ઠાન(અધોભાગ વડે) શોભતું જીવરૂપી વહાણ શુદ્ધ (મન વચન કાયાના) યોગો રૂપ વેગવાળા પવન વડે પ્રેરાયેલું છતું સંસારરૂપી સમુદ્રના પ્રવાહને તરીને મોક્ષરૂપી નગરીમાં જાય છે.

**ખંડાન્વય :-** याति ।

कस्याम् याति ? ........................................ निर्वाणपुर्याम् ।
किम् कृत्वा याति ? ..............................................तीर्त्वा ।
किम् तीर्त्वा ? ..............................................स्त्रोतः ।
कस्य स्त्रोतः ? ........................................ भवजलनिधेः ।
कः याति ? ........................................... जीवपोतः ।
जीवपोतः कीदृशः याति ? ............................................. प्रेरितः ।
कैः प्रेरितः ? ........................................ जवनपवनैः ।
कैः जवनपवनैः ? ............................................. योगैः ।
कथम्भूतैः योगैः ? ............................................. शुद्धैः ।
कथम्भूतः जीवपोतः ? .................................... सुप्रतिष्ठानशाली ।
पुनः कथम्भूतः जीवपोतः ? .................. आप्तवाक्यश्रद्धाचञ्चत्सितपटपटुः ।
केषु (सत्सु) जीवपोतः याति ? ............................................. रुद्धेषु ।
केषु रुद्धेषु (सत्सु) ? ..........................................आश्रवेषु ।
कैः रुद्धेषु ? ........................................ अमलहृदयैः ।

कथम् ? ................................................ एवम् ।

સમાસ :-

- न विद्यते मलः यस्मिन् तद् अमलम् । (નञ् બ.)
  अमलम् हृदयम् येषाम् ते इति **अमलहृदयाः** । (સ.બ.) तैः ।
- आप्तानाम् वाक्यानि इति आप्तवाक्यानि । (ષ.ત.)
  आप्तवाक्येषु श्रद्धा इति आप्तवाक्यश्रद्धा । (સ.ત.)
  सितः च असौ पटः च इति सितपटः । (વિ.પૂ.ક.)
  चञ्चन् च असौ सितपटः च इति चञ्चत्सितपटः । (વિ.પૂ.ક.)
  आप्तवाक्यश्रद्धा एव चञ्चत्सितपटः इति आप्तवाक्यश्रद्धाचञ्चत्सितपटः । (અ.પૂ.ક.)
  आप्तवाक्यश्रद्धाचञ्चत्सितपटेन पटुः इति **आप्तवाक्यश्रद्धाचञ्चत्सितपटपटुः** । (તૃ.ત.)
- शोभनम् च अदः प्रतिष्ठानम् च इति सुप्रतिष्ठानम् । ('સુ'પૂર્વપદ ક.)
  सुप्रतिष्ठानेन शालते इति **सुप्रतिष्ठानशाली** । (ઉ.ત.)
- जवनाः च अमी पवनाः च इति **जवनपवनाः** । (વિ.પૂ.ક.) तैः ।
- जीवः एव पोतः इति **जीवपोतः** । (અ.પૂ.ક.)
- जलानाम् निधिः इति जलनिधिः । (ષ.ત.)
  भवः एव जलनिधिः इति **भवजलनिधिः** । (અ.પૂ.ક.) तस्य ।
- निर्वाणम् एव पुरी इति **निर्वाणपुरी** । (અ.પૂ.ક.) तस्याम् ।

## ॥ गेयाष्टकम् ॥

**शृणु शिवसुखसाधनसदुपायं, शृणु शिवसुखसाधनसदुपायम् ।**
**ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनमनपायम् ॥१॥**

શબ્દાર્થ :-

**शृणु** - તું સાંભળ (श्रु(शृ) ગણ ૫ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**शिवसुखसाधनसदुपायम्** - મોક્ષસુખને સાધવાના સમ્યગ્ ઉપાયને (शिवसुखसाधन-सदुपाय પું.દ્વિ.એ.વ.)

**ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनम्** - જ્ઞાનાદિક (જ્ઞાન, દર્શન, ચારિત્ર) રૂપી પવિત્ર રત્નત્રયીના ઉત્કૃષ્ટ (અતિચાર રહિત) આરાધનને (ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधन નપું.દ્વિ.એ.વ.)

**अनपायम्** - નિશ્ચે, વિઘ્નરહિતપણે (अनपाय - ક્રિયાવિશેષણ નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** (ચેતન !) મોક્ષસુખને સાધવાનો સમ્યગ્ ઉપાય સાંભળ. તું

મોક્ષસુખને પ્રાપ્ત કરવાના સત્ય ઉપાયને સાંભળ. જ્ઞાનાદિ (જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ) પવિત્ર રત્નત્રયીની ઉત્કૃષ્ટ આરાધના વિઘ્ન-રહિતપણે (નિશ્ચે) (મોક્ષસુખને સાધવાનો સમ્યગ્ ઉપાય છે.)

**ખંડાન્વય :-**

शृणु ।

कम् शृणु ? ............................ शिवसुखसाधनसदुपायम् ।

शृणु ।

कम् शृणु ? ............................ शिवसुखसाधनसदुपायम् ।

किम् ? .................. ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनम् ।

ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनम्

कथम् शिवसुखसाधनसदुपायम् ? ............................................ अनपायम् ।

**સમાસ :-**

- शिवस्य सुखम् इति शिवसुखम् । (ષ.ત.)
  शिवसुखस्य साधनम् इति शिवसुखसाधनम् । (ષ.ત.)
  सन् च असौ उपायः च इति सदुपायः । (વિ.પૂ.ક.)
  शिवसुखसाधनस्य सदुपायः इति **शिवसुखसाधनसदुपायः** । (ષ.ત.) तम् । (साधन શબ્દ - साधयति इति ભાવ અર્થમાં (अनट्))
  शिवसुखसाधनम् च असौ सदुपायः च इति **शिवसुखसाधनसदुपायः** । (વિ.પૂ.ક.) तम् । (साधन શબ્દ – साधयति इति કર્તા અર્થમાં अन લાગે ત્યારે)
- ज्ञानम् आदौ यस्मिन् तद् इति ज्ञानादिकम् । (વ્ય.બ.)
  त्रयः अवयवाः यस्य इति त्रयम् । (तद्धितनो अयट्)
  रत्नानाम् त्रयम् च इति रत्नत्रयम् । (ષ.ત.)
  पावनम् च अदः रत्नत्रयम् च इति पावनरत्नत्रयम् । (વિ.પૂ.ક.)
  ज्ञानादिकम् एव पावनरत्नत्रयम् इति ज्ञानादिकपावनरत्नत्रयम् । (અ.પૂ.ક.)
  परमम् च तद् आराधनम् च इति परमाराधनम् । (વિ.પૂ.ક.)
  ज्ञानादिकपावनरत्नत्रयस्य परमाराधनम् इति **ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनम्** । (ષ.ત.) तद् ।
- न विद्यते अपायः यस्मिन् तद् इति **अनपायम्** । (નઞ્ બ.) अनापयम् यथा स्यात् तथा ।

**विषयविकारमपाकुरु दूरं, क्रोधं मानं सहमायम् ।**
**लोभं रिपुं च विजित्य सहेलं, भज संयमगुणमकषायम् ॥२॥**

**શબ્દાર્થ :-**

**विषयविकारम्** - (પાંચ ઇન્દ્રિયોના) વિષયોના વિકારને (विषयविकार પું.દ્વિ.એ.વ.)
**अपाकुरु** - દૂર કર., (अप+आ+कृ ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**दूरम्** - દૂરથી, છેટે (અવ્યય)
**क्रोधम्** - ક્રોધને (क्रोध પું.દ્વિ.એ.વ.)
**मानम्** - માનને (मान પું.દ્વિ.એ.વ.)
**सहमायम्** - માયા સહિત [લોભને] (सहमाय - लोभ નું વિ. પું.દ્વિ.એ.વ.)
**लोभम्** - લોભને (लोभ પું.દ્વિ.એ.વ.)
**रिपुम्** - શત્રુને (रिपु પું.દ્વિ.એ.વ.)
**विजित्य** - જીતીને (वि+जि ગણ ૧ આત્મને. સં.ભૂ.કૃ.)
**सहेलम्** - હેલા માત્રમાં, રમત માત્રમાં (सहेल નપું. દ્વિ.એ.વ. ક્રિયાવિશેષણ)
**भज** - તું ભજ (भज् ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**संयमगुणम्** - સંયમરૂપ ગુણને (संयमगुण પું.દ્વિ.એ.વ.)
***अकषायम्*** - *કષાય રહિત [ચારિત્રગુણ]ને (अकषाय-संयमगुण નું વિ.પું.દ્વિ.એ.વ.)*

**અર્થ :-** (પાંચ ઇન્દ્રિયોના) વિષયોરૂપ વિકારને અત્યંત દૂર કર. ક્રોધ, માન અને માયાસહિત લોભ રૂપ શત્રુને રમતમાત્રમાં જીતીને કષાયરહિત ચારિત્રગુણને તું સેવ. (એ જ રત્નત્રયનું પરમારાધન છે.)

**ખંડાન્વય :-** अपाकुरु ।

कथम् अपाकुरु ? .................................................... दूरम् ।
किम् दूरम् अपाकुरु ? ........................................विषयविकारम् ।
भज ।
कम् भज ? ........................................... संयमगुणम् ।
कथम्भूतम् संयमगुणम् ? ........................................ अकषायम् ।
किम् प्रकृत्य भज ? ................................................विजित्य ।
कथम् विजित्य ? ............................................ सहेलम् ।
कम् विजित्य ? ................................................. रिपुम् ।
कम् रिपुम् विजित्य ? ............................................ लोभम् ।
कथम्भूतम् च लोभम् ? ....................................... सहमायम् च ।
पुनः कम् विजित्य ? ...............................................मानम् ।
पुनः कम् विजित्य ? ............................................ क्रोधम् ।

**સમાસ :-**

- विषयः एव विकारः इति **विषयविकारः** । (અ.પૂ.ક.) तम् ।
- मायया सह वर्तते इति **सहमायः** । (સહાર્થ બ.) तम् ।
- हेलया सह वर्तते इति **सहेलम्** । (સહાર્થ બ.) सहेलम् यथा स्यात् तथा ।
- संयमः एव गुणः इति **संयमगुणः** । (અ.પૂ.ક.) तम् ।

**[२]उपशमरस[४]मनुशीलय [३]मनसा, [१]रोषदहनजलदप्रायम् ।**
**[१०]कलय [९]विरागम् [८]धृतपरभागं, [५]हृदि [६]विनयं [७]नायंनायम् ॥३॥**

**શબ્દાર્થ :-**

**उपशमरसम्** - ઉપશમરસને (उपशमरस પું.દ્વિ.એ.વ.)

**अनुशीलय** - તું ધારણ કર (अनु+शील् ગણ ૧૦ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**रोषदहनजलदप्रायम्** - ક્રોધરૂપ અગ્નિને (શમાવવામાં) મેઘ સમાન [ઉપશમરસને] (रोषदहनजलदप्राय - उपशमरस નું વિ. પું.દ્વિ.એ.વ.)

**कलय** - તું જાણ (कल् ગણ ૧૦ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**विरागम्** - વૈરાગ્યને (विराग પું.દ્વિ.એ.વ.)

**धृतपरभागम्** - ઉત્કૃષ્ટ દશાને ધારણ કરનાર [વૈરાગ્યને] (*धृतपरभाग* - *विराग* નું વિ. પું.દ્વિ.એ.વ.)

**विनयम्** - વિનયને (विनय પું.દ્વિ.એ.વ.)

**नायंनायम्** - લાવી લાવીને (नी ગણ ૧ ઉભયપદી नीत्वा नीत्वा અથવા भृशम् / आभीक्ष्ण्यम् नीत्वा इति नी + ख्णम्[A] - અવ્યય)

**અર્થ :-** ક્રોધરૂપી અગ્નિને બુઝાવવા મેઘ સમાન ઉપશમરસને મનથી ધારણ કર. હૃદયમાં વિનયને લાવી લાવીને ઉત્કૃષ્ટ દશાને ધારણ કરનાર વૈરાગ્યને તું જાણ. (તું પામ.)

**ખંડાન્વય :-** अनुशीलय ।

केन अनुशीलय ? ............................................. मनसा ।

कम् अनुशीलय ? ........................................ उपशमरसम् ।

---

A. પ્રયોગમાં બે ક્રિયા હોય, બંનેનો કર્તા એક હોય તથા પૂર્વકાળની ક્રિયા વારંવાર થતી હોય તથા બંને ક્રિયાનો સંબંધ બરાબર હોય તો પૂર્વકાળની ક્રિયાના સૂચક ધાતુને ख्णम् અને क्त्वा પ્રત્યય લાગે છે. (સિ.હે.શ. ૫-૪-૪૮) ख्णम् પ્રત્યય લાગે ત્યારે आभीक्ष्ण्य અર્થમાં દ્વિરૂક્તિ થાય છે. (સિ.હે.શ. ૭-૪-૪૩)

कथम्भूतम् उपशमरसम् ? ................................ रोषदहनजलदप्रायम् ।
कलय ।
कम् कलय ? ................................................ विरागम् ।
कथम्भूतम् विरागम् ? ...................................... धृतपरभागम् ।
कथम् कलय ? ............................................ नायंनायम् ।
कम् नायंनायम् ? ............................................ विनयम् ।

**સમાસ :-**

- उपशमः एव रसः इति **उपशमरसः** । (અ.પૂ.ક.) तम् ।
- जलम् ददाति इति जलदः । (ઉ.ત.)
  रोषः एव दहनः इति रोषदहनः । (અ.પૂ.ક.)
  रोषदहनाय जलदः इति रोषदहनजलदः । (ચ.ત.)
  रोषदहनजलदेन प्रायः इति **रोषदहनजलदप्रायः** । (તૃ.ત.) तम् ।
- विगतः रागः इति **विरागः** । (પ્રાદિ ત.) तम् ।
- परः च असौ भागः च इति परभागः । (વિ.પૂ.ક.)
  धृतः परभागः येन सः इति **धृतपरभागः** । (સ.બ.)

**आर्त्तं रौद्रं ध्यानं मार्जय, दह विकल्परचनानायम् ।**
**यदियमरुद्धा मानसवीथी, तत्त्वविदः पन्था नायम् ॥४॥**

**શબ્દાર્થ :-**

**आर्त्तम्** - આર્ત્ત[ધ્યાન]ને (आर्त्त - ધ્યાનનો પ્રકાર નપું.દ્વિ.એ.વ.)
**रौद्रम्** - રૌદ્ર [ધ્યાન]ને (रौद्र - ધ્યાન નો પ્રકાર નપું.દ્વિ.એ.વ.)
**ध्यानम्** - ધ્યાનને (ध्यान-ध्यै(ध्या) + अन(अनट्) - નપું.દ્વિ.એ.વ.)
**मार्जय** - તું સાફ કર (मृज् ગણ ૧૦ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**दह** - બાળ (दह् ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**विकल्परचनानायम्** - (શુભાશુભ) વિકલ્પોની રચના (શ્રેણિ)રૂપ જાળને (विकल्परचनानाय નપું.દ્વિ.એ.વ.)
**यद्** - જે કારણથી (અવ્યય)
**इयम्** - આ [માનસવીથી] (इदम् સર્વનામ - मानसवीथी માટે વપરાયેલ સ્ત્રી.પ્ર.એ.વ.)
**अरुद्धा** - નહિ રુંધાયેલ [માનસવીથી] (अरुद्धा - मानसवीथी નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)
**मानसवीथी** - મનના વિચારોની શ્રેણિ (मानसवीथी સ્ત્રી.પ્ર.એ.વ.)

**तत्त्वविदः** - તત્વજ્ઞાનીનો (तत्त्वविद् પું.ષ.એ.વ.)
**पन्थाः** - પંથ, માર્ગ (पथिन् પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** આર્ત્ત (અને) રૌદ્ર ધ્યાન (રૂપ કચરા)ને તું શુદ્ધ કર. શુભાશુભ વિકલ્પોની રચના (શ્રેણિ)રૂપ જાળને બાળી નાખ. જે કારણથી આ મનના વિચારોની શ્રેણિ રુંધાયેલી (રોકાયેલી) નથી, (તેથી) આ તત્ત્વજ્ઞાનીનો માર્ગ નથી.

**ખંડાન્વય :-**

मार्जय ।
किम् मार्जय ? .................................... ध्यानम् ।
किम् ध्यानम् ? .................................... रौद्रम् ।
पुनः किम् ध्यानम् ? .................................... आर्त्तम् ।
दह ।
किम् दह ? .................................... विकल्परचनानायम् ।
अरुद्धा ।
का अरुद्धा ? .................................... इयम् ।
इयम् का ? .................................... मानसवीथी ।
कथम् ? .................................... यत् ।
न (अस्ति) ।
कः न (अस्ति) ? .................................... अयम् ।
अयम् कः न अस्ति ? .................................... पन्थाः ।
कस्य पन्थाः ? .................................... तत्त्वविदः ।

**સમાસ :-**

- विकल्पानाम् रचना इति विकल्परचना । (ષ.ત.)
  विकल्परचना एव नायम् (જાળ) इति **विकल्परचनानायम्** । (અ.પૂ.ક.) तद् ।
- न रुद्धा इति **अरुद्धा** । (નઞ્ ત.)
- मनसि भवाः इति मानसाः । (तद्धितनो अण्)
  मानसानाम् (વિચારો) वीथी इति **मानसवीथी** । (ષ.ત.)
- तत्त्वम् वेत्ति इति **तत्त्वविद्** । (ઉ.ત.) तस्य ।

**संयमयोगैरवहितमानसशुद्ध्या चरितार्थय कायम् ।**
**नानामतरुचिगहने भुवने, निश्चिनु शुद्धपथं नायम् ॥५॥**

**શબ્દાર્થ :-**

**संयमयोगैः** - સંયમના યોગો વડે (संयमयोग પું.તૃ.બ.વ.)

**अवहितमानसशुद्ध्या** - કરેલી મનના વિચારોની શુદ્ધિ વડે (अवहितमानसशुद्धि - સ્ત્રી.તૃ.એ.વ.)

**चरितार्थय** - સફળ કર (चरितार्थम् करोति इति चरितार्थ + णिच् - चरितार्थि - નામધાતુ આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**कायम्** - કાયાને (काय નપું.દ્વિ.એ.વ.)

**नानामतरुचिगहने** - વિવિધ મતમતાંતરોની શ્રદ્ધાથી ગહન [ભુવન]માં (नानामतरुचिगहन - भुवन નું વિ. નપું.સ.એ.વ.)

**भुवने** - જગતમાં (भुवन નપું.સ.એ.વ.)

**निश्चिनु** - નિશ્ચય કર, નિર્ધાર કર (निस्+चि ગણ ૫ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**शुद्धपथम्** - શુદ્ધ માર્ગને (शुद्धपथ પું.દ્વિ.એ.વ.)

**नायम्** - નીતિયુક્ત (नाय - शुद्धपथ નું વિ. પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** સંયમના યોગો વડે કરેલી મનના વિચારોની શુદ્ધિ વડે કાયાને ચરિતાર્થ - સફળ કર. અનેકવિધ મતમતાંતરોની શ્રદ્ધાથી ગાઢપણે ભરેલા જગતમાં નીતિયુક્ત શુદ્ધ-નિર્દોષ માર્ગનો નિશ્ચય કર.

**ખંડાન્વય :-** चरितार्थय ।

किम् चरितार्थय ? .................................. कायम् ।

कया कायम् चरितार्थय ? .................................. अवहितमानसशुद्ध्या ।

कैः अवहितमानसशुद्ध्या ? .................................. संयमयोगैः ।

निश्चिनु ।

कम् निश्चिनु ? .................................. शुद्धपथम् ।

कथम्भूतम् शुद्धपथम् ? .................................. नायम् ।

कस्मिन् शुद्धपथम् निश्चिनु ? .................................. भुवने ।

कथम्भूते भुवने ? .................................. नानामतरुचिगहने ।

**સમાસ :-**

- संयमस्य योगाः इति **संयमयोगाः** । (ष.त.) तैः ।
- मनसि भवाः इति मानसाः । (તદ્ધિતનો अण्)
  मानसानाम् शुद्धिः इति मानसशुद्धिः । (ष.त.)

अवहिता च असौ मानसशुद्धिः च इति **अवहितमानसशुद्धिः** । (વિ.પૂ.ક.) तया।

- नाना च अमूनि मतानि च इति नानामतानि । (વિ.પૂ.ક.)
  नानामतानाम् रुचिः इति नानामतरुचिः । (ષ.ત.)
  नानामतरुच्या गहनम् इति **नानामतरुचिगहनम्** । (તૃ.ત.) तस्मिन् ।
- शुद्धः च असौ पन्थाः च इति **शुद्धपथः** । (વિ.પૂ.ક.) तम् ।

**ब्रह्मव्रतमङ्गीकुरु विमलं, बिभ्राणं गुणसमवायम् ।**
**उदितं गुरुवदनादुपदेशं, संगृहाण शुचिमिव रायम् ॥६॥**

**શબ્દાર્થ :-**

**ब्रह्मव्रतम्** - બ્રહ્મચર્ય વ્રતને (ब्रह्मव्रत નપું.દ્વિ.એ.વ.)

**अङ्गीकुरु** - તું અંગીકાર કર (कृ ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ. = कुरु - प्राग् अनङ्गम् अङ्गम् कुरु इति अङ्गीकुरु - તદ્ધિતનો च्वि પ્રત્યય)

**विमलम्** - નિર્મલ [બ્રહ્મચર્ય વ્રત]ને (विमल - ब्रह्मव्रत નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**बिभ्राणम्** - ધારણ કરતા [બ્રહ્મચર્ય વ્રત]ને (भृ ગણ ૩ ઉભયપદી કર્તરિ વ.કૃ. - ब्रह्मव्रत નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**गुणसमवायम्** - ગુણોના સમૂહને (गुणसमवाय પું.દ્વિ.એ.વ.)

**उदितम्** - કહેવાયેલ [ઉપદેશ]ને (उदित - वद् ગણ ૧ પરસ્મૈ. કર્મણિ ભૂ.કૃ. - उपदेशનું વિ. પું.દ્વિ.એ.વ.)

**गुरुवदनाद्** - સદ્‌ગુરુના મુખથી (गुरुवदन નપું.પં.એ.વ.)

**उपदेशम्** - ઉપદેશને (उपदेश પું.દ્વિ.એ.વ.)

**संगृहाण** - સંગ્રહ કર (सम्+ग्रह् ગણ ૯ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**शुचिम्** - પવિત્ર [નિધાન]ને (शुचि - रै નું વિ. પું.દ્વિ.એ.વ.)

**रायम्** - નિધાનને (रै - પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** ગુણોના સમુદાયને ધારણ કરતા નિર્મલ અતિચાર રહિત બ્રહ્મચર્ય વ્રતને તું અંગીકાર કર. સદ્‌ગુરુના મુખથી કહેલા ધર્મોપદેશને પવિત્ર નિધાનની જેમ તું ગ્રહણ કર.

**ખંડાન્વય :** अङ्गीकुरु।

किम् अङ्गीकुरु ? ........................................ ब्रह्मव्रतम् ।
कथम्भूतम् ब्रह्मव्रतम् ? ........................................ विमलम् ।
किम् कुर्वाणम् ब्रह्मव्रतम् ? ........................................ बिभ्राणम् ।
कम् बिभ्राणम् ? ........................................ गुणसमवायम् ।

संगृहाण ।

कम् संगृहाण ? ................................................ उपदेशम् ।

उपदेशम् कम् इव संगृहाण ? ................................................ रायम् इव ।

कथम्भूतम् रायम् ? ................................................ शुचिम् ।

कथम्भूतम् उपदेशम् ? ................................................ उदितम् ।

कस्मात् उदितम् ? ................................................ गुरुवदनात् ।

**સમાસ :-**

- गुणानाम् समवायः इति **गुणसमवायः** । (ષ.ત.) तम् ।
- गुरोः वदनम् इति **गुरुवदनम्** । (ષ.ત.) तस्मात् ।

**संयमवाङ्मयकुसुमरसैरतिसुरभय निजमध्यवसायम् ।**
**चेतनमुपलक्षय कृतलक्षणज्ञानचरणगुणपर्यायम् ॥७॥**

**શબ્દાર્થ :-**

**संयमवाङ्मयकुसुमरसैः** - ચારિત્ર અને શ્રુતરૂપ પુષ્પના રસ વડે (संयमवाङ्मय-कुसुमरस पुं.तृ.ब.व.)

**अतिसुरभय** - અત્યંત સુગંધીત કર (અહીં) પ્રશસ્ત ગુણવાળા કર (अतिसुरभिम् करोति इति अतिसुरभि + णिच् - अतिसुरभि નામધાતુ આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**निजम्** - પોતાના (निज - अध्यवसाय નું વિ. પું.દ્વિ.એ.વ.)

**अध्यवसायम्** - આત્માની પરિણતિ (अध्यवसाय પું.દ્વિ.એ.વ.)

**चेतनम्** - જીવને (चेतन પું.દ્વિ.એ.વ.)

**उपलक्षय** - તું ઓળખ (उप+लक्ष् ગણ ૧૦ પરસ્મૈ. ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**कृतलक्षणज्ञानचरणगुणपर्यायम्** - પ્રસિદ્ધ લક્ષણવાળા, જ્ઞાન અને ચારિત્રરૂપ ગુણવાળા તથા પર્યાયવાળા [ચેતનને] (कृतलक्षणज्ञानचरणगुणपर्याय - चेतन નું વિ. પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** સંયમ (ચારિત્ર) અને આગમ (શ્રુત) રૂપ પુષ્પોના રસ વડે પોતાના અધ્યવસાયને (પરિણતિને) અતિસુગંધીત (પ્રશસ્ત ગુણવાળા) કર. પ્રસિદ્ધ લક્ષણોવાળા, જ્ઞાન - ચારિત્રરૂપ ગુણવાળા અને પર્યાયવાળા ચેતનને તું ઓળખ.

**ખંડાન્વય :** अतिसुरभय ।

कम् अतिसुरभय ? ................................................ अध्यवसायम् ।

कथम्भूतम् अध्यवसायम् ? ........................................... निजम्।
कैः अतिसुरभय ? ............................ संयमवाङ्मयकुसुमरसैः।
उपलक्षय।
कम् उपलक्षय ? ................................................. चेतनम्।
कथम्भूतम् चेतनम् ? ...................... कृतलक्षणज्ञानचरणगुणपर्यायम्।

**સમાસ :**

- संयमः च वाङ्मयम् च इति संयमवाङ्मये। (ઇ.દ્વ.)
  संयमवाङ्मये एव कुसुमे इति संयमवाङ्मयकुसुमे। (અ.પૂ.ક.)
  संयमवाङ्मयकुसुमयोः रसाः इति **संयमवाङ्मयकुसुमरसाः**। (ष.त.) तैः।
- कृतानि च अमूनि लक्षणानि च इति कृतलक्षणानि। (વિ.પૂ.ક.)
  ज्ञानम् च चरणम् च इति ज्ञानचरणे। (ઇ.દ્વ.)
  ज्ञानचरणे च तौ गुणौ च इति ज्ञानचरणगुणौ। (વિ.પૂ.ક.)
  कृतलक्षणानि च ज्ञानचरणगुणौ च पर्यायाः च यस्य सः इति **कृतलक्षणज्ञानचरण-गुणपर्यायः**। (સ.બ.) तम्।

**वदनमलङ्कुरु पावनरसनं, जिनचरितं गायंगायम्।**
**सविनय ! शान्तसुधारसमेनं, चिरं नन्द पायंपायम् ॥८॥**

(अन्वयक्रमाङ्काः: वदनम् ५, अलङ्कुरु ६, पावनरसनं ४, जिनचरितं २, गायंगायम् ३, सविनय १, शान्तसुधारसम् ८, एनं ७, चिरं १०, नन्द ११, पायंपायम् ९)

**શબ્દાર્થ :-**

**वदनम्** - મુખને (वदन નપું.દ્વિ.એ.વ.)

**अलङ्कुरु** - અલંકૃત કર (अलम्+कुरु - कृ ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**पावनरसनम्** - પવિત્ર જિહ્વાવાળા [મુખ]ને (पावनरसन - वदन નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**जिनचरितम्** - જિનેશ્વર ભગવાનના ચારિત્રને (जिनचरित - નપું.દ્વિ.એ.વ.)

**गायंगायम्** - ગાઈ ગાઈને (भृशम् / आभीक्ष्ण्यम् गायति गै(गा) ગણ ૧ પરસ્મૈ. + કૃદંતનો ख्णम्[A] - અવ્યય)

**सविनय !** - હે વિનય સહિત (ચેતન) ! (सविनय પું.સં.એ.વ.)

**एनम्** - આ (एतद् સર્વનામ - शान्तसुधारस માટે વપરાયેલ પું.દ્વિ.એ.વ.નો અન્વાદેશ)

**चिरम्** - ચિરકાલ સુધી (અવ્યય)

---

A. જુઓ પાના નં. ૨૮ ટીપ્પણી - A

**नन्द** - તું આનંદ કર. (नन्द् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)
**पायंपायम्** - પાન કરી કરીને (भृशम् / आभीक्ष्ण्यम् पिबति इति पा(पिब) ગણ ૧ પરસ્મૈ. + खणम्[A] - (કૃદંતનો) - અવ્યય)

**અર્થ :-** હે વિનયવાળા આત્મા ! જિનેશ્વર ભગવાનના ચારિત્રને ગાઈ ગાઈને પવિત્ર થયેલ જિહ્વાવાળા મુખને તું અલંકૃત કર. આ શાંતસ્વભાવરૂપ અમૃતના રસને પી પીને ચિરકાલ સુધી તું આનંદ કર.

**ખંડાન્વય :** अलङ्कुरु ।

किम् अलङ्कुरु ? ........ वदनम् ।
कथम्भूतम् वदनम् ? ........ पावनरसनम् ।
किम् कृत्वा / कथम् अलङ्कुरु ? ........ गायंगायम् ।
किम् गायंगायम् ? ........ जिनचरितम् ।
किम् सम्बोधने ? ........ सविनय !
नन्द ।
कथम् नन्द ? ........ चिरम् ।
किम् कृत्वा / कथम् नन्द ? ........ पायंपायम् ।
कम् पायंपायम् ? ........ एनम् ।
एनम् कम् पायंपायम् ? ........ शान्तसुधारसम् ।

**સમાસ :-**
- विनयेन सहितः वर्तते यः सः इति **सविनयः** । (સહાર્થ બહુવ્રીહિ) तत्सम्बोधनम् ।
- जिनानाम् चरितम् इति **जिनचरितम्** । (ષ.ત.) तद् ।
- पावना रसना यस्मिन् तद् इति **पावनरसनम्** । (સ.બ.)

● ● ●

A. જુઓ પાના નં. ૨૮ ટીપ્પણી - A

# ॥ निर्जराभावना ॥

**यन्निर्जरा द्वादशधा निरुक्ता, तद् द्वादशानां तपसां विभेदात् ।**
**हेतुप्रभेदादिह कार्यभेदः, स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥१॥**

**શબ્દાર્થ :-**

**निर्जरा** - (કર્મની) નિર્જરા (निर्जरा સ્ત્રી.પ્ર.એ.વ.)

**द्वादशधा** - બાર પ્રકારની (द्वादशभिः प्रकारैः इति द्वादशधा - તદ્ધિતનો धा - અવ્યય)

**निरुक्ता** - કહેવાયેલ [નિર્જરા] (निरुक्ता - निर्+वच् ગણ ૨ પરસ્મૈ. કર્મણિ ભૂ.કૃ.નો त(क्त) + સ્ત્રી.નો आ(आप्) - निर्जरा નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**द्वादशानाम्** - બાર [તપના] (द्वादशन् - तपस् નું વિશેષણ અલિંગ ષ.બ.વ.)

**तपसाम्** - તપના (तपस् નપું.ષ.બ.વ.)

**विभेदात्** - ભેદરૂપ [કારણના પ્રભેદોના કારણે] (विभेद - हेतुप्रभेद નું વિશેષણ પું.પં.એ.વ.)

**हेतुप्रभेदात्** - કારણના પ્રભેદોના કારણે (हेतुप्रभेद પું.પં.એ.વ.)

**कार्यभेदः** - કાર્યનો ભેદ (कार्यभेद પું.પ્ર.એ.વ.)

**स्वातन्त्र्यतः** - સ્વતંત્રપણાથી (स्वतन्त्रस्य भावः इति स्वातन्त्र्यम् । स्वातन्त्र्यात् इति स्वातन्त्र्य + (તદ્ધિતનો) तस् પ્રત્યય - અવ્યય)

**एकविधा** - એક જ પ્રકારની [નિર્જરા] (एकविधा - एकविध + સ્ત્રી.નો आ(आप्) - निर्जरा નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**અર્થ :-** નિર્જરા બાર પ્રકારની કહેવાયેલ છે (એ પ્રમાણે) જે (કહેલ છે) તે (છ બાહ્ય અને છ અભ્યંતર) બાર તપના ભેદથી કહેલ છે. અહીં કારણના ભેદથી કાર્યનો ભેદ છે. પરંતુ સ્વતંત્રપણે તો તે (નિર્જરા) એક જ પ્રકારની થાય.

**ખંડાન્વય :** (અધ્યાહારથી) (उक्तम्) ।

किम उक्तम् ? ........................................ यद् ।
यद् किम् (इति) उक्तम् ? ........................................ निरुक्ता (इति) ।
कथम् निरुक्ता ? ........................................ द्वादशधा ।
का निरुक्ता ? ........................................ निर्जरा ।
(અધ્યાહારથી) (उक्तम्) ।
किम् उक्तम् ? ........................................ तद् ।

कस्मात् उक्तम् ? .................................... विभेदात् ।

केषाम् विभेदात् ? .................................... तपसाम् ।

कतिपयानाम् तपसाम् ? .................................... द्वादशानाम् ।

(અધ્યાહારથી) (अस्ति) ।

कः अस्ति ? .................................... कार्यभेदः ।

कस्मात् कार्यभेदः ? .................................... हेतुप्रभेदात् ।

कुत्र ? .................................... इह ।

स्यात् ।

कथम् स्यात् ? .................................... एव ।

का एव स्यात् ? .................................... सा ।

सा कीदृशा स्यात् ? .................................... एकविधा ।

कुतः स्यात् ? .................................... स्वातन्त्र्यतः ।

कथम् ? .................................... तु ।

**સમાસ :-**

- हेतोः प्रभेदः इति **हेतुप्रभेदः** । (ष.त.) तस्मात् ।
- कार्याणाम् भेदः इति **कार्यभेदः** । (ष.त.)
- द्वाभ्याम् अधिकाः दश इति द्वादश तेषाम् । (મ.ક.)

  (અથવા) द्वौ च दश च इति **द्वादश** । (ઇ.દ્વ.) तेषाम् ।

**काष्ठोपलादिरूपाणां, निदानानां विभेदतः ।**
**वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥२॥**
**निर्जराऽपि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।**
**कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥३॥**

**શબ્દાર્થ :-**

**काष्ठोपलादिरूपाणाम्** - કાષ્ઠ અને પત્થર વગેરે રૂપ [કારણોના] (काष्ठोपलादिरूप - निदान નું વિ. નપું.ષ.બ.વ.)

**निदानानाम्** - કારણોના (निदान નપું.ષ.બ.વ.)

**विभेदतः** - ભેદ થકી (विभेदात् इति विभेद + तस् (તદ્ધિતનો) - અવ્યય)

**वह्निः** - અગ્નિ (वह्नि પું.પ્ર.એ.વ.)

**एकरूपः** - એક રૂપવાળો [વહ્નિ] (एकरूप - वह्निनुं વિ. પું.પ્ર.એ.વ.)

**पृथग्रूपः** - જુદા જુદા રૂપવાળો [અગ્નિ] (पृथग्रूप - वह्नि નું વિ. પું.પ્ર.એ.વ.)

**विवक्ष्यते** - વિવક્ષા કરાય છે, કહેવાને ઇચ્છાય છે (वक्तुम् इष्यते इति वच् ગણ ૨ પરસ્મૈ. + ઇચ્છાદર્શકનો स(सन्) + કર્મણિનો य(क्य) - વ.કા.ત્રી.પુ.એ.વ.)

**द्वादशधा** - બાર પ્રકારની (द्वादशभिः प्रकारैः इति द्वादश + धा (તદ્ધિતનો) - અવ્યય)

**तपोभेदैः** - તપના ભેદો વડે (तपोभेद પું.તૃ.બ.વ.)

**उदिता** - કહેવાયેલ છે (वद् ગણ ૧ પરસ્મૈ. કર્મણિ ભૂ.કૃ. - निर्जरा નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**कर्मनिर्जरणात्मा** - કર્મનો વિનાશ કરવાના સ્વરૂપવાળી [નિર્જરા] कर्मनिर्जरणात्मन् - निर्जरा નું વિશેષણ - સ્ત્રી.પ્ર.એ.વ.)

**एकरूपा** - એકરૂપવાળી [નિર્જરા] (एकरूपा - एकरूप + સ્ત્રી.નો आ(आप्) - निर्जरा નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**वस्तुतः** - પરમાર્થથી (वस्तुनः (પંચમી વિભક્તિ) इति वस्तु + तस् - અવ્યય)

**અર્થ :-** જેમ એક સ્વરૂપવાળો અગ્નિ પણ કાષ્ઠ, પત્થર વગેરે રૂપ કારણોના ભેદ થકી જુદા જુદા રૂપવાળો વિવક્ષિત કરાય છે. ॥૨॥ તેમ (છ બાહ્ય અને છ અભ્યંતર) તપના ભેદો વડે નિર્જરા પણ બાર પ્રકારની કહેલ છે. પરમાર્થથી તો તે (નિર્જરા) કર્મનો વિનાશ કરવા સ્વરૂપી એક જ રૂપવાળી છે. ॥૩॥

**ખંડાન્વય :**

विवक्ष्यते ।

कः विवक्ष्यते ? ........ वह्निः ।
वह्निः कीदृशः विवक्ष्यते ? ........ पृथग्रूपः ।
कुतः पृथग्रूपः विवक्ष्यते ? ........ विभेदतः ।
केषाम् विभेदतः ? ........ निदानानाम् ।
कथम्भूतानाम् निदानानाम् ? ........ काष्ठोपलादिरूपाणाम् ।
कथम्भूतः अपि वह्निः ? ........ एकरूपः अपि ।
कथम् ? ........ यथा ॥२॥

उदिता ।

का अपि उदिता ? ........ निर्जरा ।
निर्जरा कीदृशा उदिता ? ........ द्वादशधा ।
कैः द्वादशधा उदिता ? ........ तपोभेदैः ।
कथम् ? ........ तथा ।

(અધ્યાહારથી) (अस्ति) ।

का अस्ति ? ........................................................ सा ।
सा कीदृशा एव अस्ति ? ................................................ एकरूपा ।
सा पुनः कीदृशा अस्ति ? ................................. कर्मनिर्जरणात्मा ।
कथम् ? ........................................................ तु ।
कथम् ? ........................................... वस्तुतः ॥३॥

સમાસ :-

- काष्ठानि च उपलाः च इति काष्ठोपलाः । (ઇ.દ્વ.)
  काष्ठोपलाः आदौ येषाम् तानि इति काष्ठोपलादीनि । (વ્ય.બ.)
  काष्ठोपलादीनि रूपाणि येषाम् तानि इति **काष्ठोपलादिरूपाणि** (સ.બ.) तेषाम् ।
- एकम् रूपम् यस्य सः इति **एकरूपः** । (સ.બ.)
- पृथग् रूपम् यस्य सः इति **पृथग्रूपः** । (સ.બ.)
- तपसः भेदाः इति **तपोभेदाः** । (ષ.ત.) तैः ।
- कर्मणाम् निर्जरणम् इति कर्मनिर्जरणम् । (ષ.ત.)
  कर्मनिर्जरणम् आत्मा यस्याः सा इति **कर्मनिर्जरणात्मा**[A] । (સ.બ.)
- एकः रूपम् यस्याः सा इति **एकरूपा** । (સ.બ.)

**निकाचितानामपि कर्मणां यद्गरीयसां भूधरदुर्धराणाम् ।**
**विभेदने वज्रमिवातितीव्रं, नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥४॥**

(४ निकाचितानाम् ७ अपि ५ कर्मणां १ यद् २ गरीयसां ३ भूधरदुर्धराणाम् । ६ विभेदने ८ वज्रम् ९ इव १० अतितीव्रं, १४ नमः १५ अस्तु १२ तस्मै १३ तपसे ११ अद्भुताय)

શબ્દાર્થ :-

**निकाचितानाम्** - નિકાચિત [કર્મોના] (निकाचित - कर्म નું વિ. નપું.ષ.બ.વ.)

**कर्मणाम्** - કર્મોના (कर्मन् નપું.ષ.બ.વ.)

**गरीयसाम्** - અતિ મોટા [કર્મને] (गरीयस् - इमे गुरवः । इमे अपि गुरवः । अनयोः मध्ये इमे अतिशयेन गुरवः । इति गुरु + તદ્ધિતનો इयस् (इयसु) - કર્મનું વિ. નપું.ષ.બ.વ.)

**भूधरदुर्धराणाम्** - પર્વત જેવા દુર્ધર (વિકટ) [કર્મોના] (भूधरदुर्धर - कर्मन् નું વિ. નપું.ષ.બ.વ.)

**विभेदने** - ભેદવામાં (विभेदन - वि+भिद् ગણ ૭ ઉભયપદી + अन(अनट्) નપું.સ.એ.વ.)

**वज्रम्** - વજ્ર (वज्र નપું.પ્ર.એ.વ.)

---

A. अन् અંતવાળા નામોને સ્ત્રી.માં ई(ङी) પ્રત્યય લાગે છે. પણ मन् અંતવાળા નામોને સ્ત્રી.માં ई(ङी) પ્રત્યય લાગતો નથી.

**अतितीव्रम्** - અત્યંત તીક્ષ્ણ (अतितीव्र - तपस् અને वज्र નું વિ. નપું.પ્ર.એ.વ.)
**नमस्** - નમસ્કાર થાવ (અવ્યય)
**तपसे** - તપને (तपस् નપું.ચ.એ.વ. नमस् ના યોગમાં ચતુર્થી)
**अद्भुताय** - અદ્‌ભૂત [તપને] (अद्भूत - तपस् નું વિ. નપું.ચ.એ.વ.)

**અર્થ :-** જે (તપ) અતિ મોટા, પર્વત જેવા વિકટ નિકાચિત કર્મને ભેદવામાં પણ વજ્ર જેવું અતિતીવ્ર છે, અદ્‌ભૂત એવા તે તપને નમસ્કાર થાવ.

**ખંડાન્વય :** (અધ્યાહારથી) (अस्ति) ।

किम् अस्ति ? ........................ यद् ।
यद् कीदृशम् अस्ति ? ........................ अतितीव्रम् ।
किम् इव अतितीव्रम् ? ........................ वज्रम् इव ।
कस्मिन् अपि अतितीव्रम् ? ........................ विभेदने अपि ।
केषाम् विभेदने ? ........................ कर्मणाम् ।
कथम्भूतानाम् कर्मणाम् ? ........................ निकाचितानाम् ।
पुनः कथम्भूतानाम् कर्मणाम् ? ........................ भूधरंदुर्धराणाम् ।
पुनः कथम्भूतानाम् कर्मणाम् ? ........................ गरीयसाम् ।
अस्तु ।
कथम् अस्तु ? ........................ नमः ।
कस्मै नमः अस्तु ? ........................ तस्मै ।
कस्मै ? ........................ तपसे ।
कथम्भूताय तपसे ? ........................ अद्भुताय ।

**સમાસ :-**

- दुःखेन ध्रीयन्ते इति दुर्धराणि । (ઉ.ત.)
  भूधरेभ्यः दुर्धराणि इति **भूधरदुर्धराणि** । (પં.ત.) तेषाम् ।
- अतिशयेन तीव्रम् इति **अतितीव्रम्** । (પ્રાદિ ત.)

**किमुच्यते सत्तपसः प्रभावः, कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।**
**दृढप्रहारीव निहत्य पापं, यतोऽपवर्गं लभतेऽचिरेण ॥५॥**

**શબ્દાર્થ :-**

**उच्यते** - કહેવાય છે (वच् ગણ ૨ પરસ્મૈ. + કર્મણિનો य(क्य) - વ.કા.ત્રી.પુ.એ.વ.)
**सत्तपसः** - સમ્યગ્ તપનો, અતિચાર રહિત તપનો (सत्तपस् નપું.ષ.એ.વ.)

**प्रभावः** - પ્રભાવ, મહિમા (प्रभाव પું.પ્ર.એ.વ.)
**कठोरकर्मार्जितकिल्बिषः** - કઠોર કર્મથી ઉપાર્જિત કર્યું છે પાપ જેણે એવો [જીવ] (कठोरकर्मार्जितकिल्बिष પું.પ્ર.એ.વ.)
**दृढप्रहारी** - દઢપ્રહારી (दृढप्रहारिन् પું.પ્ર.એ.વ.)
**निहत्य** - હણીને (नि+हन् ગણ ૨ પરસ્મૈ. સં.ભૂ.કૃ. - અવ્યય)
**पापम्** - પાપને (पाप પું.દ્વિ.એ.વ.)
**यतः** - જેનાથી (यद् સર્વનામ - यस्मात् इति यद् + तस् (તદ્ધિતનો) - અવ્યય)
**अपवर्गम्** - મોક્ષ (अपवर्ग પું.દ્વિ.એ.વ.)
**लभते** - પ્રાપ્ત કરે છે (लभ् ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.એ.વ.)
**अचिरेण** - ટૂંકા ગાળામાં, થોડા સમયમાં (અવ્યય)

**અર્થ :-** સમ્યગ્ તપનો મહિમા શું કહેવાય ? જે કારણથી કઠોર કર્મ વડે પાપને ઉપાર્જન કરનાર (જીવ) પણ દઢપ્રહારીની જેમ પાપકર્મને (મૂળથી) હણીને અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત કરે છે.

**ખંડાન્વય :-**

| | |
|---|---|
| | उच्यते । |
| किम् उच्यते ? | किम् उच्यते ? |
| कः उच्यते ? | प्रभावः । |
| कस्य प्रभावः ? | सत्तपसः । |
| | लभते । |
| कम् लभते ? | अपवर्गम् । |
| कथम् लभते ? | अचिरेण । |
| किम् प्रकृत्य लभते ? | निहत्य । |
| कम् निहत्य ? | पापम् । |
| कः अपि पापम् निहत्य अपवर्गम् लभते ? | **कठोरकर्मार्जितकिल्बिषः** अपि । |
| कठोरकर्मार्जितकिल्बिषः अपि कः इव लभते ? | दृढप्रहारी इव । |
| कथम् ? | यतः । |

**સમાસ :-**

- सम्यग् तपः इति **सत्तपः** । (વિ.પૂ.ક.) तस्य ।
- कठोराणि च अमूनि कर्माणि च इति कठोरकर्माणि । (વિ.પૂ.ક.)
  कठोरकर्मभिः अर्जितम् इति कठोरकर्मार्जितम् । (તૃ.ત.)
  कठोरकर्मार्जितम् किल्बिषम् येन सः इति **कठोरकर्मार्जितकिल्बिषः** । (સ.બ.)

- अपगताः वर्गाः यस्मात् सः इति **अपवर्गः** । (પ્રાદિ બ.) तम् ।
- दृढम् प्रहरति इति **दृढप्रहारी** । (ઉ.ત.) (णिन् - કૃદંતનો પ્રત્યય)

**[१]यथा [४]सुवर्णस्य [५]शुचिस्वरूपं, [२]दीप्तः [३]कृशानुः [६]प्रकटीकरोति ।**
**[७][१२]तथात्मनः [१०]कर्मरजो [११]निहत्य, [१३][९][८][१४]ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥६॥**

**શબ્દાર્થ :-**

**सुवर्णस्य** - સુવર્ણનું (सुवर्ण નપું.ષ.એ.વ.)
**शुचिस्वरूपम्** - પવિત્ર સ્વરૂપને (शुचिस्वरूप નપું.દ્વિ.એ.વ.)
**दीप्तः** - દીપ્ત, દેદીપ્યમાન [વહ્નિ] (दीप्त - कृशानु નું વિ. પું.પ્ર.એ.વ.)
**प्रकटीकरोति** - પ્રગટ કરે છે (प्राग् अप्रकटम् प्रकटम् करोति इति प्रकट + च्वि (તદ્ધિતનો) + करोति - कृ ગણ ૧ ઉભયપદી વ.કા.ત્રી.પુ.એ.વ.)
**आत्मनः** - આત્માની (आत्मन् પું.ષ.એ.વ.)
**कर्मरजः** - કર્મરૂપ રજ (कर्मरजस् નપું.દ્વિ.એ.વ.)
**निहत्य** - હણીને (नि+हन् ગણ ૨ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)
**ज्योतिः** - જ્યોતિને, શુદ્ધ ચૈતન્યને (ज्योति નપું.દ્વિ.એ.વ.)
**विशदीकरोति** - નિર્મલ કરે છે, વિશાળ કરે છે (विशदीकरोति - प्राग् अविशदम् विशदम् करोति इति विशद + च्वि (તદ્ધિતનો) + करोति - कृ ગણ ૧ ઉભયપદી વ.કા. ત્રી.પુ.એ.વ.)

**અર્થ :-** જેવી રીતે દેદીપ્યમાન વહ્નિ સુવર્ણના પવિત્ર સ્વરૂપને પ્રગટ કરે છે તેવી રીતે તે (ઉપર જણાવેલ) તપ કર્મરજને હણીને આત્માની જ્યોતિને (આત્માના શુદ્ધ ચૈતન્યને) નિર્મલ કરે છે.

**ખંડાન્વય :-**

प्रकटीकरोति ।
किम् प्रकटीकरोति ? .......... शुचिस्वरूपम् ।
कस्य शुचिस्वरूपम् ? .......... सुवर्णस्य ।
कः प्रकटीकरोति ? .......... कृशानुः ।
कथम्भूतः कृशानुः ? .......... दीप्तः ।
कथम् ? .......... यथा ।

विशदीकरोति ।
किम् विशदीकरोति ? .......... ज्योतिः ।
कस्य ज्योतिः ? .......... आत्मनः ।

किम् प्रकृत्य विशदीकरोति ? ........................................ निहत्य ।
किम् निहत्य ? ........................................ कर्मरजः ।
किम् विशदीकरोति ? ........................................ तत् ।
तत् किम् ? ........................................ तपः ।
कथम् ? ........................................ तथा ।

સમાસ :-

- शुचि च अदः स्वरूपम् च इति **शुचिस्वरूपम्** । (વિ.પૂ.ક.) तद् ।
- कर्म एव रजः इति **कर्मरजः** । (અ.પૂ.ક.) तद् ।

**[२]बाह्येना[३]भ्यन्तरेण [१]प्रथितबहुभिदा [१०]जीयते [४]येन [७]शत्रु-**
**श्रेणी [५]बाह्या[६]न्तरङ्गा [८]भरतनृपतिवद् [९]भावलब्ध[१४]द्रढिम्ना ।**
**[११]यस्मात्[१६]प्रादुर्भवेयुः [१२]प्रकटितविभवा [१३]लब्धयः [१५]सिद्धयश्च,**
**[२२]वन्दे [१७]स्वर्गापवर्गार्पणपटु [२१]सततं [१९]तत्[२०]तपो [१८]विश्ववन्द्यम् ॥७॥**

શબ્દાર્થ :-

**बाह्येन** - (અનશનાદિ) બાહ્ય [જે તપ વડે] (बाह्य - यद् (तपस्) નું વિશેષણ નપું.તૃ.એ.વ.)

**आभ्यन्तरेण** - (પ્રાયશ્ચિત્તાદિ) અભ્યંતર [જે તપ વડે] (आभ्यन्तर - यद् (तपस्) નું વિશેષણ નપું.તૃ.એ.વ.)

**प्रथितबहुभिदा** - પ્રસિદ્ધ છે બહુ ભેદો જેના એવા [જે તપ વડે] (प्रथितबहुभिद् - यत् (तपस्) નું વિ. નપું.તૃ.એ.વ.)

**जीयते** - જીતાય છે (जि ગણ ૧ પરસ્મૈ. + કર્મણિનો य(क्य) - વ.કા.ત્રી.પુ.એ.વ.)

**येन** - જે (તપ) વડે (यद् સર્વનામ - तपस् માટે વપરાયેલ નપું.તૃ.એ.વ.)

**शत्रुश्रेणी** - શત્રુઓની શ્રેણિ (शत्रुश्रेणी સ્ત્રી.પ્ર.એ.વ.)

**बाह्या** - બાહ્ય [શત્રુઓની શ્રેણિ] (बाह्या - बाह्य + સ્ત્રી.નો आ(आप्) - शत्रुश्रेणीનું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**अन्तरङ्गा** - અંતરંગ [શત્રુઓની શ્રેણિ] (अन्तरङ्गा - अन्तरङ्ग + સ્ત્રી.નો आ(आप्) - शत्रुश्रेणी નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**भरतनृपतिवद्** - ભરતરાજાની જેમ (भरतनृपतिवद् - અવ્યય)

**भावलब्धद्रढिम्ना** - (શુદ્ધપરિણામરૂપ) ભાવથી પ્રાપ્ત થયેલ દ્રઢતા વડે (भाव-लब्धद्रढिमन् પું.તૃ.એ.વ.)

**यस्मात्** - જે (તપ)થી, જે (તપ)માંથી (यद् સર્વનામ - तपस् માટે વપરાયેલ નપું.પં. એ.વ.)

**प्रादुर्भवेयुः** - પ્રગટ થાય છે (प्रादुस्+भू ગણ ૧ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ.બ.વ.)

**प्रकटितविभवाः** - પ્રગટ વૈભવવાળી [લબ્ધિઓ અને સિદ્ધિઓ] (प्रकटितविभवा - लब्धि અને सिद्धि નું વિશેષણ સ્ત્રી.પ્ર.બ.વ.)

**लब्धयः** - લબ્ધિઓ (लब्धि સ્ત્રી.પ્ર.બ.વ.)

**सिद्धयः** - સિદ્ધિઓ (सिद्धि સ્ત્રી.પ્ર.બ.વ.)

**वन्दे** - હું વંદન કરું છું (वन्द् ગણ ૧ આત્મને. વ.કા.પ્ર.પુ.એ.વ.)

**स्वर्गापवर्गार्पणपटु** - સ્વર્ગ અને મોક્ષ આપવામાં કુશળ [તપને] (स्वर्गापवर्गार्पणपटु - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**सततम्** - નિરંતર (सतत નપું.દ્વિ.એ.વ. ક્રિયાવિશેષણ)

**तत्** - તે (તપ)ને (तद् સર્વનામ - तपस् માટે વપરાયેલ નપું.દ્વિ.એ.વ.)

**विश्ववन्द्यम्** - વિશ્વ વડે વંદન કરવા યોગ્ય [તપ]ને (विश्ववन्द्य - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** પ્રસિદ્ધ છે ઘણા ભેદો જેના એવા બાહ્ય અને અભ્યંતર જે (તપ) વડે (રાજાદિક) બાહ્ય અને (રાગાદિક) અંતરંગ શત્રુઓની શ્રેણી ભરતરાજાની જેમ ભાવથી પ્રાપ્ત થયેલ દ્રઢતા વડે જીતાય છે; (વળી) જેમાંથી પ્રગટ વૈભવવાળી લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રગટ થાય છે; દેવલોક અને મોક્ષ આપવામાં કુશળ; (સમગ્ર) વિશ્વને વન્દ્ય એવા તે તપને હું સતત વંદન કરું છું.

**ખંડાન્વય :-** जीयते ।

केन जीयते ? ........................................ भावलब्धद्रढिम्ना ।

कथम् जीयते ? ........................................ भरतनृपतिवद् ।

का जीयते ? ........................................ शत्रुश्रेणी ।

का शत्रुश्रेणी ? ........................................ अन्तरङ्गा ।

पुनः का शत्रुश्रेणी ? ........................................ बाह्या ।

केन जीयते ? ........................................ येन ।

कथम्भूतेन येन ? ........................................ आभ्यन्तरेण ।

पुनः कथम्भूतेन येन ? ........................................ बाह्येन ।

पुनः कथम्भूतेन येन ? ........................................ प्रथितबहुभिदा ।

प्रादुर्भवेयुः ।

कथम् प्रादुर्भवेयुः ? .................................................... च ।

काः प्रादुर्भवेयुः ? ............................................... सिद्धयः ।

पुनः काः प्रादुर्भवेयुः ? ............................................ लब्धयः ।

कथम्भूताः लब्धयः सिद्धयः ? .................................. प्रकटितविभवाः ।

कस्मात् प्रादुर्भवेयुः ? ............................................... यस्मात् ।

वन्दे ।

कथम् वन्दे ? ............................................... सततम् ।

किम् वन्दे ? ..................................................... तत् ।

तत् किम् वन्दे ? ................................................ तपः ।

कथम्भूतम् तपः ? ........................................ विश्ववन्द्यम् ।

पुनः कथम्भूतम् तपः ? ................................... स्वर्गापवर्गार्पणपटु ।

સમાસ :-

- भिद्यन्ते इति भिदः । (क्विप् પ્રત્યય-કૃદંતનો)
  प्रथिताः बहवः भिदः यस्य तद् इति **प्रथितबहुभिद्** । (સ.બ.) तेन ।
- शत्रूणाम् श्रेणी इति **शत्रुश्रेणी** । (ष.त.)
- नृणाम् पतिः इति नृपतिः । (ष.त.)
  भरतः एव नृपतिः इति भरतनृपतिः । (અ.પૂ.ક.)
  भरतनृपतिना इव इति **भरतनृपतिवद्** । (તદ્ધિતનો वत्)
- भावेन लब्धा इति भावलब्धा । (तृ.त.)
  द्रढस्य भावः इति द्रढिमा । (તદ્ધિતનો इमन्) ।
  भावलब्धः च असौ द्रढिमा च इति **भावलब्धद्रढिमा** । (વિ.પૂ.ક.) तेन ।
- प्रकटिताः विभवाः यासाम् ताः इति **प्रकटितविभवाः** (સ.બ.)
- स्वर्गः च अपवर्गः च इति स्वर्गापवर्गौ । (ઇ.દ્વ.)
  स्वर्गापवर्गयोः अर्पणम् इति स्वर्गापवर्गार्पणम् । (ष.त.)
  स्वर्गापवर्गार्पणे पटु इति **स्वर्गापवर्गार्पणपटु** । (સ.ત.)
- वन्दितुम् योग्यम् इति वन्द्यम् । (वन्द् + વિધ્યર્થ કૃદંતનો य)
  विश्वेन वन्द्यम् इति **विश्ववन्द्यम्** । (तृ.त.) तद् ।

## ॥ गेयाष्टकम् ॥

**[3]विभावय [1]विनय ! [2]तपोमहिमानम्, [6]विभावय [4]विनय ! [5]तपोमहिमानम् ।**
**[8]बहुभवसञ्चितदुष्कृतम[7]मुना, [11]लभते [9]लघु [10]लघिमानम् ॥१॥**

**શબ્દાર્થ :-**

**तपोमहिमानम्** - તપના મહિમાને (तपोमहिमन् પું.દ્વિ.એ.વ.)

**बहुभवसञ्चितदुष्कृतम्** - ઘણા ભવથી એકઠું કરેલ દુષ્કૃત (बहुभवसञ्चितदुष्कृत નપું.પ્ર.એ.વ.)

**अमुना** - આ (તપ) વડે (अदस् સર્વનામ - तपस् માટે વપરાયેલ નપું.તૃ.એ.વ.)

**लघु** - જલ્દી (लघु - નપું.દ્વિ.એ.વ. ક્રિયા વિશેષણ)

**लघिमानम्** - ઓછાપણાને (लघिमन् - लघोः भावः इति लघु + इमन् પ્રત્યય (તદ્ધિતનો) પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** હે વિનય ! તું તપના મહિમાને વિભાવન કર. હે વિનય ! તું તપના મહિમાને વિભાવન કર. આ (તપ) વડે ઘણા ભવોનું (અનંત ભવોનું) ઉપાર્જન કરેલ પાપકર્મ જલ્દી લઘુપણાને પામે છે.

**ખંડાન્વય :-**

विभावय ।
कम् विभावय ? ........................................ तपोमहिमानम् ।
किम् सम्बोधने ? ............................................... विनय !
लभते ।
कम् लभते ? ............................................ लघिमानम् ।
कथम् लभते ? ..................................................... लघु ।
किम् लघिमानम् लभते ? ................................ बहुभवसञ्चितदुष्कृतम् ।
केन लभते ? ............................................... अमुना ।

**સમાસ :-**

- तपसः महिमा इति **तपोमहिमा** । (ષ.ત.) तम् ।
- बहवः च अमी भवाः च इति बहुभवाः । (વિ.પૂ.ક.)
  बहुभवैः सञ्चितम् इति बहुभवसञ्चितम् । (તૃ.ત.)
  (અથવા) बहुभवेषु सञ्चितम् इति बहुभवसञ्चितम् । (સ.ત.)
  बहुभवसञ्चितम् च अदः दुष्कृतम् च इति **बहुभवसञ्चितदुष्कृतम्** । (વિ.પૂ.ક.)

**याति घनाऽपि घनाघनपटली, खरपवनेन विरामम् ।**
**भजति तथा तपसा दुरिताली, क्षणभङ्गुरपरिणामम् ॥२॥**

**શબ્દાર્થ :-**

**याति** - જાય છે, પામે છે (या ગણ ૨ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)

**घना** - ઘન, ગાઢ, નિબિડ [મેઘની શ્રેણિ] (घना - घनाघनपटलीનું વિશેષણ घन + સ્ત્રી.નો आ(आप्) - સ્ત્રી.પ્ર.એ.વ.)

**घनाघनपटली** - વરસતા મેઘની શ્રેણિ (घनाघनपटली સ્ત્રી.પ્ર.એ.વ.)

**खरपवनेन** - કઠોર (પ્રચંડ) વાયુ વડે (खरपवन પું.તૃ.એ.વ.)

**विरामम्** - વિરામને (विराम પું.દ્વિ.એ.વ.)

**तपसा** - તપ વડે (तपस् નપું.તૃ.એ.વ.)

**दुरिताली** - પાપની શ્રેણિ (दुरिताली સ્ત્રી.પ્ર.એ.વ.)

**क्षणभङ्गुरपरिणामम्** - ક્ષણમાત્રમાં વિનાશ પામવાના પરિણામને (क्षणभङ्गुरपरिणाम - પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** જેમ વરસતા મેઘની ગાઢ શ્રેણિ પ્રચંડ વાયુ વડે વિરામ પામે છે, તે પ્રકારે પાપની શ્રેણિ તપ વડે ક્ષણમાત્રમાં વિનાશ થવાના પરિણામને પામે છે.

**ખંડાન્વય :-**

याति ।
कम् याति ? ........................................ विरामम् ।
केन विरामम् याति ? ........................................ खरपवनेन ।
का विरामम् याति ? ........................................ घनाघनपटली ।
कथम्भूता अपि घनाघटपटली ? ........................................ घना अपि ।
भजति ।
कम् भजति ? ........................................ क्षणभङ्गुरपरिणामम् ।
केन भजति ? ........................................ तपसा ।
का भजति ? ........................................ दुरिताली ।
कथम् ? ........................................ तथा ।

**સમાસ :-**

- घनाघनस्य पटली इति **घनाघनपटली** । (ષ.ત.) (घनाघन - વરસતો મેઘ)
- खरः च असौ पवनः च इति **खरपवनः** । (વિ.પૂ.ક.) तेन ।

- दुरितानाम् आली इति **दुरिताली** । (ષ.ત.)
- क्षणेन भङ्क्तुम् शीलम् अस्य इति क्षणभङ्गुरः । (ઉ.ત.)
  (અથવા) क्षणम् प्राप्य भङ्गुरः इति क्षणभङ्गुरः । (મ.ક.)
  क्षणभङ्गुरः च असौ परिणामः च इति **क्षणभङ्गुरपरिणामः** । (વિ.પૂ.ક.) तम् ।

**वाञ्छितमाकर्षति दूरादपि, रिपुमपि व्रजति वयस्यम् ।**
**तप इदमाश्रय निर्मलभावादागमपरमरहस्यम् ॥३॥**

**શબ્દાર્થ :-**

**वाञ्छितम्** - ઇષ્ટ પદાર્થને (वाञ्छित - वाञ्छ् ગણ ૧ પરસ્મૈ. કર્મણિ ભૂ.કૃ. - અધ્યાહાર वस्तु નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**आकर्षति** - આકર્ષે છે, નજીક ખેંચી લાવે છે. (आ+कृष् ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)

**दूराद्** - દૂરથી (दूर પું.પં.એ.વ.)

**व्रजति** - પમાડે છે, બનાવે છે (व्रज् ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)

**वयस्यम्** - મિત્રને (वयस्य નપું.દ્વિ.એ.વ.)

**तपः** - તપને (तपस् નપું.દ્વિ.એ.વ.)

**निर्मलभावाद्** - નિર્મલભાવથી (निर्मलभाव પું.પં.એ.વ.)

**आगमपरमरहस्यम्** - આગમનો ઉત્કૃષ્ટ સાર [તપ]ને (आगमपरमरहस्य - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** (આ તપ) ઇષ્ટ પદાર્થને દૂરથી પણ ખેંચી લાવે છે. શત્રુને પણ મિત્ર બનાવે છે. આગમના ઉત્કૃષ્ટ સારભૂત આ તપનો શુદ્ધભાવથી તું આશ્રય કર.

**ખંડાન્વય :-** आकर्षति ।

कथम् अपि आकर्षति ? ............ दूराद् अपि ।
किम् आकर्षति ? ............ वाञ्छितम् ।
व्रजति ।
किम् व्रजति ? ............ वयस्यम् ।
कम् अपि व्रजति ? ............ रिपुम् अपि ।
आश्रय ।
कस्मात् आश्रय ? ............ निर्मलभावात् ।
किम् आश्रय ? ............ इदम् ।

इदम् किम् आश्रय ? .................................................. तपः ।
कथम्भूतम् इदम् तपः ? .................................. आगमपरमरहस्यम् ।

**સમાસ :-**

- निर्गतः मलः यस्मात् सः इति निर्मलः । (પ્રાદિ બ.)
  निर्मलः च असौ भावः च इति **निर्मलभावः** । (વિ.પૂ.ક.) तस्मात् ।
- रहसि भवम् इति रहस्यम् । (તદ્ધિત)
  परमम् च अदः रहस्यम् च इति परमरहस्यम् । (વિ.પૂ.ક.)
  आगमस्य परमरहस्यम् इति **आगमपरमरहस्यम्** । (ષ.ત.) तद् ।

**अनशनमूनोदरतां वृत्तिह्रासं रसपरिहारम् ।**
**भज सांलीन्यं कायक्लेशं, तप इति बाह्यमुदारम् ॥४॥**

**શબ્દાર્થ :-**

**अनशनम्** - અનશન (બાહ્ય તપનો પહેલો પ્રકાર) (अनशन નપું.દ્વિ.એ.વ.)
**ऊनोदरताम्** - ઉણોદરી (બાહ્ય તપનો બીજો પ્રકાર) (ऊनोदरता સ્ત્રી.દ્વિ.એ.વ.)
**वृत्तिह्रासम्** - વૃત્તિસંક્ષેપ (બાહ્ય તપનો ત્રીજો પ્રકાર) (वृत्तिह्रास નપું.દ્વિ.એ.વ.)
**रसपरिहारम्** - રસત્યાગ (બાહ્ય તાપનો ચોથો પ્રકાર) (रसपरिहार નપું.દ્વિ.એ.વ.)
**सांलीन्यम्** - સંલીનતા (બાહ્ય તપનો પાંચમો પ્રકાર) (सांलीन्य - संलीनस्य भावः इति - નપું. દ્વિ.એ.વ.)
**कायक्लेशम्** - કાયક્લેશ (બાહ્ય તપનો છઠ્ઠો પ્રકાર) (कायक्लेश નપું.દ્વિ.એ.વ.)
**तपः** - તપને (तपस् નપું.દ્વિ.એ.વ.)
**बाह्यम्** - બાહ્ય [તપ]ને (बाह्य - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)
**उदारम्** - ઉદાર [તપ]ને (उदार - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, સંલીનતા, કાયક્લેશ એ પ્રમાણે ઉદાર એવા (આશંસાદિ દોષ રહિત) બાહ્ય તપને તું સેવ.

**ખંડાન્વય :-** भज ।

किम् भज ? .................................................. तपः ।
किम् तपः ? .................................................. बाह्यम् ।
कथम्भूतम् बाह्यम् तपः ? .................................. उदारम् ।
कथम् ? .................................................. इति ।
किम् इति बाह्यम् तपः ? .................................. कायक्लेशम् इति ।

पुनः किम् इति बाह्यम् तपः ? ............................................ सांलीन्यम्।
पुनः किम् इति बाह्यम् तपः ? ............................................ रसपरिहारम्।
पुनः किम् इति बाह्यम् तपः ? ............................................ वृत्तिह्रासम्।
पुनः काम् इति बाह्यम् तपः ? ............................................ ऊनोदरताम्।
पुनः किम् इति बाह्यम् तपः ? ............................................ अनशनम्।

**સમાસ :-**

- न विद्यते अशनम् यस्मिन् (तपसि) तद् इति **अनशनम्**। (નञ् બ.) तद्।
- ऊनम् उदरम् यस्मिन् तद् इति ऊनोदरम्। (સ.બ.)
  ऊनोदरस्य भावः इति **ऊनोदरता**। (तद्धितनो ता(तल्)) ताम्।
- वृत्तेः ह्रासः यस्मिन् तद् इति **वृत्तिह्रासम्**। (વ્ય.બ.) तद्।
- रसानाम् परिहारः यस्मिन् तद् इति **रसपरिहारम्**। (વ્ય.બ.) तद्।
- कायस्य क्लेशः यस्मिन् तद् इति **कायक्लेशम्**। (વ્ય.બ.) तद्।

**प्रायश्चित्तं वैयावृत्त्यं, स्वाध्यायं विनयं च ।**
**कायोत्सर्गं शुभध्यानमाभ्यन्तरमिदमञ्च ॥५॥**

**શબ્દાર્થ :-**

**प्रायश्चित्तम्** - પ્રાયશ્ચિત્ત (અભ્યંતર તપનો પહેલો ભેદ) (प्रायश्चित्त નપું.દ્વિ.એ.વ.)
**वैयावृत्त्यम्** - વૈયાવચ્ચ (અભ્યંતર તપનો બીજો ભેદ) (वैयावृत्य-व्यावृत्तस्य भावः इति નપું.દ્વિ.એ.વ.)
**स्वाध्यायम्** - સ્વાધ્યાય (અભ્યંતર તપનો ત્રીજો ભેદ) (स्वाध्याय પું.દ્વિ.એ.વ.)
**विनयम्** - વિનય (અભ્યંતર તપનો ચોથો ભેદ) (विनय પું.દ્વિ.એ.વ.)
**कायोत्सर्गम्** - કાયોત્સર્ગ (અભ્યંતર તપનો પાંચમો ભેદ) (कायोत्सर्ग પું.દ્વિ.એ.વ.)
**शुभध्यानम्** - શુભ ધ્યાન (અભ્યંતર તપનો છઠ્ઠો ભેદ) (शुभध्यान નપું.દ્વિ.એ.વ.)
**आभ्यन्तरम्** - અભ્યંતર [તપ] (आभ्यन्तर - अभ्यन्तरे भवम् इति आभ्यन्तर - (तद्धितनो अण्) - तपस् નો ભેદ નપું.દ્વિ.એ.વ.)
**अञ्च** - પૂજા કર, પામ (अञ्च् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**અર્થ :-** પ્રાયશ્ચિત્ત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ, અને શુભધ્યાન - આ અભ્યંતર (તપ)ને તું પૂજ. (સેવ, પ્રાપ્ત કર.)

**ખંડાન્વય :-** अञ्च

किम् अञ्च ? ............................................ इदम्
इदम् किम् अञ्च ? ............................ इदम् आभ्यन्तरम् अञ्च

कथम् ? ................................................ च ।

किम् आभ्यन्तरम् ? ................................................ शुभध्यानम् ।

पुनः कम् आभ्यन्तरम् ? ................................................ कायोत्सर्गम् ।

पुनः कम् आभ्यन्तरम् ? ................................................ विनयम् ।

पुनः कम् आभ्यन्तरम् ? ................................................ स्वाध्यायम् ।

पुनः किम् आभ्यन्तरम् ? ................................................ वैयावृत्यम् ।

पुनः किम् आभ्यन्तरम् ? ................................................ प्रायश्चित्तम् ।

**સમાસ :-**

- स्वस्य अध्यायः इति **स्वाध्यायः** । (ष.त.) तम् ।
- कायस्य उत्सर्गः इति **कायोत्सर्गः** । (ष.त.) तम् ।
- शुभम् च अदः ध्यानम् च इति **शुभध्यानम्** । (वि.पू.क.) तद् ।

**[५] शमयति [४] तापं [७] गमयति [६] पापं, [९] रमयति [८] मानसहंसम् ।**
**[१२] हरति [११] विमोहं [१०] दूरारोहं, [३] तप [१] इति [२] विगताशंसम् ॥६॥**

**શબ્દાર્થ :-**

**शमयति** - શમાવે છે (शम्(शाम्) ગણ ૪ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग्) વ.કા. ત્રી.પુ.એ.વ.)

**तापम्** - તાપને, સંક્લેશને (ताप પું.દ્વિ.એ.વ.)

**गमयति** - વિનાશ કરે છે (गम्(गच्छ्) ગણ ૧ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग्) વ.કા. ત્રી.પુ.એ.વ.)

**पापम्** - પાપને (पाप નપું.દ્વિ.એ.વ.)

**रमयति** - આનંદ પમાડે છે (रम् ગણ ૧ આત્મને. + પ્રેરકનો णि(णिग्) વ.કા. ત્રી.પુ.એ.વ.)

**मानसहंसम्** - મનરૂપી હંસને (मानसहंस પું.દ્વિ.એ.વ.)

**हरति** - હરે છે, હરણ કરે છે (हृ ગણ ૧ ઉભયપદી વ.કા.ત્રી.પુ.એ.વ.)

**विमोहम्** - મોહને (विमोह પું.દ્વિ.એ.વ.)

**दूरारोहम्** - દુઃખેથી જીતી શકાય એવા [મોહને] (दूरारोह - विमोह નું વિ. પું.દ્વિ.એ.વ.)

**विगताशंसम्** - કોઈપણ પ્રકારના ફળની ઇચ્છા વિનાનો [તપ] (विगताशंस - तपस् નું વિ. નપું.પ્ર.એ.વ.)

**અર્થ :-** આ પ્રમાણે આશંસા વિનાનો તપ (સર્વ) સંક્લેશને શમાવે

છે, પાપનો નાશ કરે છે, મનરૂપી હંસને આનંદ પમાડે છે, દુઃખેથી જીતી શકાય એવા મોહને હરે છે.

**ખંડાન્વય :-** शमयति।

कम् शमयति ? ........................................ तापम्।
किम् शमयति ? ........................................ तपः।
कथम्भूतम् तपः ? ........................................ विगताशंसम्।
कथम् ? ........................................ इति।
विगताशंसं तपः पुनः किम् कारयति ? ........................................ गमयति।
किम् गमयति ? ........................................ पापम्।
पुनः किम् कारयति ? ........................................ रमयति।
कम् रमयति ? ........................................ मानसहंसम्।
पुनः किम् करोति ? ........................................ हरति।
कम् हरति ? ........................................ विमोहम्।
कथम्भूतम् विमोहम् ? ........................................ दूरारोहम्।

**સમાસ :-**

- मनः एव इति मानसम्। (तद्धित)
  मानसम् एव हंसः इति **मानसहंसः**। (અ.પૂ.ક.)
- दुःखेन आरुह्यते इति **दुरारोहः**। (ઉ.ત.) तम्।

**संयमकमलाकार्मणमुज्ज्वलशिवसुखसत्यङ्कारम्।**
**चिन्तितचिन्तामणिमाराधय, तप इह वारंवारम्॥७॥**

**શબ્દાર્થ :-**

**संयमकमलाकार्मणम्** - ચારિત્રરૂપી લક્ષ્મીનું વશીકરણ કરનાર [તપ]ને (संयमकमलाकार्मण - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**उज्ज्वलशिवसुखसत्यङ्कारम्** - નિર્મલ એવા મોક્ષસુખના કરારરૂપ [તપ]ને (उज्ज्वलशिवसुखसत्यङ्कार - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**चिन्तितचिन्तामणिम्** - ઇષ્ટ પદાર્થને આપવામાં ચિંતામણિ રત્ન સમાન [તપ]ને (चिन्तितचिन्तामणि - तपस् નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**आराधय** - આરાધન કર (आ+राध् ગણ ૧૦ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**वारंवारम्** - વારંવાર (અવ્યય)

**અર્થ :-** અહીં (જિનશાસનમાં) ચારિત્રરૂપી લક્ષ્મીનું વશીકરણ

કરનાર, નિર્મલ મોક્ષસુખના કોલરૂપ, વાંછિત પદાર્થ આપવામાં ચિંતામણી રત્ન સમાન તપનું તું વારંવાર આરાધન કર.

**ખંડાન્વય :-** आराधय ।

कथम् आराधय ? ............................................ वारंवारम् ।

किम् आराधय ? ................................................ तपः ।

कथम्भूतम् तपः ? ............................... चिन्तितचिन्तामणिम् ।

पुनः कथम्भूतम् तपः ? .................................. शिवसुखसत्यङ्कारम् ।

पुनः कथम्भूतम् तपः ? ................................ संयमकमलाकार्मणम् ।

कुत्र ? ..................................................... इह ।

**સમાસ :-**

- संयमः एव कमला इति संयमकमला । (અ.પૂ.ક.)
  संयमकमलायाः कार्मणम् इति **संयमकमलाकार्मणम्** । (ષ.ત.) तद् ।
- शिवस्य सुखम् इति शिवसुखम् । (ષ.ત.)
  उज्ज्वलम् च अदः शिवसुखम् च इति उज्ज्वलशिवसुखम् । (વિ.પૂ.ક.)
  सत्यम् करोति इति सत्यङ्कारम् । (ઉ.ત.)
  उज्ज्वलशिवसुखस्य सत्यङ्कारम् इति **उज्ज्वलशिवसुखसत्यङ्कारम्** । (ષ.ત.) तद् ।
- चिन्तितानाम् प्रापणम् इति चिन्तितप्रापणम् । (ષ.ત.)
  चिन्ताम् पूरयति इति चिन्तापूरकः । (ઉ.ત.)
  चिन्तापूरकः च असौ मणिः च इति चिन्तामणिः । (મ.ક.)
  चिन्तितप्रापणे चिन्तामणिः इव इति **चिन्तितचिन्तामणिः** । (મ.ક.) तद् ।

**[३]कर्मगदौष[२]धमि[८]दमि[५]दमस्य [४]च, [७]जिनपतिमत[६]मनुपानम् ।**
**[१]विनय ! [११]समाचर [९]सौख्यनिधानम्, [१०]शान्तसुधारसपानम् ॥८॥**

**શબ્દાર્થ :-**

**कर्मगदौषधम्** - કર્મરૂપી રોગને માટે ઔષધ [આ (તપ)] (कर्मगदौषध - तपस् માટે વપરાયેલ નપું.પ્ર.એ.વ.)

**अस्य** - આનું [કર્મરૂપ રોગના ઔષધરૂપ તપનું] (इदम् સર્વનામ - कर्मगदौषध માટે વપરાયેલ નપું.ષ.એ.વ.)

**जिनपतिमतम्** - જિનેશ્વર ભગવાનનો મત (जिनपतिमत પું.પ્ર.એ.વ.)

**अनुपानम्** - અનુપાન (अनुपान નપું.પ્ર.એ.વ.)

**समाचर** - તું આચર (सम्+आ+चर् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**सौख्यनिधानम्** - સુખના ભંડારરૂપ [શાંતસુધારસપાનને] (सौख्यनिधान - शान्तसुधारसपान માટે વપરાયેલ નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** હે વિનયાત્મા ! આ (તપ) કર્મરૂપ રોગને હણવામાં ઔષધરૂપ છે. અને એનું અનુપાન જિનેશ્વર ભગવાનનો મત છે. આ સુખના ભંડાર રૂપ શાંતિરૂપી અમૃતરસના પાનને તું આચર.

**દંડાન્વય :-** (અધ્યાહારથી) (अस्ति)।

किम् अस्ति ? ............ इदम् अस्ति।

इदम् किम् अस्ति ? ............ इदम् कर्मगदौषधम् अस्ति।

किम् सम्बोधने ? ............ विनय !

(અધ્યાહારથી) (अस्ति)।

किम् अस्ति ? ............ अनुपानम्।

कस्य अनुपानम् ? ............ अस्य अनुपानम्।

अस्य अनुपानम् किम् अस्ति ? ............ जिनपतिमतम्।

कथम् ? ............ च।

समाचर।

किम् समाचर ? ............ इदम्।

इदम् किम् समाचर ? ............ शान्तसुधारसपानम्।

कथम्भूतम् शान्तसुधारसपानम् ? ............ सौख्यनिधानम्।

**સમાસ :-**

- कर्माणि एव गदाः इति कर्मगदाः। (અ.પૂ.ક.)
  कर्मगदानाम् औषधम् इति **कर्मगदौषधम्**। (ષ.ત.)
- जिनानाम् पतिः इति जिनपतिः। (ષ.ત.)
  जिनपतेः मतम् इति **जिनपतिमतम्**। (ષ.ત.)
- पश्चात् पानम् इति अनुपानम्। (અવ્યયીભાવ)
- सुखस्य भावः इति सौख्यम्। (તદ્ધિત)
  सौख्यस्य निधानम् इति **सौख्यनिधानम्**। (ષ.ત.)
- शान्तसुधारसस्य पानम् इति **शान्तसुधारसपानम्**। (ષ.ત.)

• • •

# ॥ धर्मभावना ॥

**[१]दानं [२]च [३]शीलं [४]च [५]तप[६]श्च [७]भावो, [१०]धर्म[८]श्चतुर्धा [११]जिनबान्धवेन ।**
**[१४]निरूपितो [९]यो [१२]जगतां [१३]हिताय, [१५]स [१७]मानसे [१६]मे [१९]रमताम[१८]जस्रम् ॥१॥**

**શબ્દાર્થ :-**

**दानम्** - દાન (दान નપું.પ્ર.એ.વ.)
**शीलम्** - શીલ (शील નપું.પ્ર.એ.વ.)
**भावः** - ભાવ (भाव પું.પ્ર.એ.વ.)
**धर्मः** - ધર્મ (धर्म પું.પ્ર.એ.વ.)
**चतुर्धा** - ચાર પ્રકારે (અવ્યય - चतुर्भिः प्रकारैः इति चतुर् + धा (तद्धितनो))
**जिनबान्धवेन** - જિનેશ્વર ભગવાનરૂપી (જગતના) બંધુ વડે (जिनबान्धव પું.તૃ.એ.વ.)
**निरूपितः** - ઉપદેશાયેલ, બતાવાયેલ [ધર્મ] (निरूपित - नि+रूप् ગણ ૧૦ ઉભયપદી + કર્મણિ ભૂ.કૃ. - धर्म નું વિ. પું.પ્ર.એ.વ.)
**जगताम्** - (ત્રણ) જગતના (जगत् નપું.ષ.બ.વ.)
**हिताय** - હિતને માટે (हित નપું.ચ.એ.વ.)
**मानसे** - મનને વિશે (मानस નપું.સ.એ.વ.)
**मे** - મારા (अस्मद् સર્વનામ અલિંગ ષ.એ.વ.નો આદેશ)
**रमताम्** - રમો, રમણ કરો (रम् ગણ ૧ આત્મને. આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ.)
**अजस्रम्** - નિરંતર (अजस्र નપું.દ્વિ.એ.વ. - ક્રિયા વિશેષણ)

**અર્થ :-** દાન, શીલ, તપ અને ભાવ (એમ) ચાર પ્રકારે જે ધર્મ જિનેશ્વરભગવાનરૂપી (જગતના) બંધુ વડે (ત્રણ) જગતના (જીવોના) હિત માટે ઉપદેશાયેલ છે. તે (ધર્મ) મારા મનને વિશે નિરંતર રમો.

**ખંડાન્વય :-** निरूपितः ।

कस्मै निरूपितः ? ........................ हिताय ।
केषाम् हिताय ? ........................ जगताम् ।
केन निरूपितः ? ........................ जिनबान्धवेन ।
कः निरूपितः ? ........................ यः निरूपितः ।
यः कः निरूपितः ? ........................ यः धर्मः निरूपितः ।
कथम् ? ........................ चतुर्धा ।

कः (धर्मः) ? ........................................ भावः ।
पुनः किम् च धर्मः ? ........................................ तपः च ।
पुनः किम् च धर्मः ? ........................................ शीलम् च ।
पुनः किम् च धर्मः ? ........................................ दानम् च ।
रमताम् ।
कथम् रमताम् ? ........................................ अजस्रम् ।
कस्मिन् रमताम् ? ........................................ मानसे ।
कस्य मानसे ? ........................................ मे ।
कः रमताम् ? ........................................ सः ।

**સમાસ :-**

- जिनः एव बान्धवः इति **जिनबान्धवः** । (અ.પૂ.ક.) तेन ।

**सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्तः ।**
**यः संयमः किञ्च तपोऽवगूढश्चारित्रधर्मो दशधाऽयमुक्तः ॥२॥**

**શબ્દાર્થ :-**

**सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्तः** - સત્ય, ક્ષમા, માર્દવ, શૌચ, સંગત્યાગ, આર્જવ, બ્રહ્મચર્ય, વિમુક્તિ (નિર્લોભતા)થી યુક્ત [જે સંયમ] (सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्त - संयम નું વિ. પું.પ્ર.એ.વ.)

**संयमः**:- સંયમ (૧૭ પ્રકારનું) (संयम પું.પ્ર.એ.વ.)

**किञ्च** - વળી (અવ્યય)

**तपोऽवगूढः** - તપથી સહિત [સંયમ] (तपोऽवगूढ - संयम નું વિ. પું.પ્ર.એ.વ.)

**चारित्रधर्मः** - ચારિત્રધર્મ (चारित्रधर्म પું.પ્ર.એ.વ.)

**दशधा** - દશ પ્રકારે (दशभिः प्रकारैः इति दश+धा (तद्धितनो) - અવ્યય)

**उक्तः** - કહેવાયેલ [ચારિત્રધર્મ] (उक्त - चारित्रधर्म નું વિશેષણ - वच् ગણ ૨ પરસ્મૈ. - કર્મણિ ભૂ.કૃ. - પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** સત્ય, ક્ષમા, માર્દવ (માનત્યાગ), શૌચ (મનની શુદ્ધિ), સંગત્યાગ, આર્જવ (માયાનો અભાવ), બ્રહ્મચર્ય અને નિર્લોભતાથી યુક્ત, વળી તપથી સહિત જે સંયમ - આ દશ પ્રકારે ચારિત્રધર્મ કહેવાયેલ છે.

**ખંડાન્વય :**

उक्तः ।
कः उक्तः ? ........................................ अयम्

अयम् कः उक्तः ? ................................................ चारित्रधर्मः ।

कथम् उक्तः ? ................................................ दशधा ।

कः अयम् चारित्रधर्मः उक्तः ? ................................................ यः ।

यः कः ? ................................................ संयमः ।

कथम्भूतः संयमः ? ................................................ तपोऽवगूढः ।

कथम् तपोऽवगूढः ? ................................................ किञ्च ।

पुनः कथम्भूतः संयमः ? सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्तः ।

**સમાસ :-**

- सङ्गस्य त्यागः इति सङ्गत्यागः । (ष.त.)
  सत्यम् च क्षमा च मार्दवम् च शौचम् च सङ्गत्यागः च आर्जवम् च ब्रह्म च विमुक्तिः च इति सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तयः । (ઇ.દ્વ.)
  सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तिभिः युक्तः इति **सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्तः** । (तृ.त.)
- तपोभिः अवगूढः इति **तपोऽवगूढः** । (तृ.त.)
- चारित्रम् एव धर्मः इति **चारित्रधर्मः** । (અ.પૂ.ક.)

**यस्य प्रभावादिह पुष्पदन्तौ, विश्वोपकाराय सदोदयेते ।**
**ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान्, काले समाश्वासयति क्षितिं च ॥३॥**

**શબ્દાર્થ :-**

**प्रभावाद्** - પ્રભાવથી (प्रभाव પું.પં.એ.વ.)

**पुष्पदन्तौ** - ચંદ્ર અને સૂર્ય (पुष्पदन्त પું.પ્ર.દ્વિ વ.)

**विश्वोपकाराय** - વિશ્વના ઉપકારને માટે (विश्वोपकार - પું.ચ.એ.વ.)

**उदयेते** - ઉદય પામે છે (उद् + अय् ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.દ્વિ વ.)

**ग्रीष्मोष्मभीष्माम्** - ઉનાળાની ગરમીથી ભયંકર (અહીં) ઉનાળાની ગરમીથી ત્રાસ પામેલી [પૃથ્વી] (ग्रीष्मोष्मभीष्मा - ग्रीष्मोष्मभीष्म + સ્ત્રી.નો आ(आप्) - क्षितिનું વિશેષણ સ્ત્રી.દ્વિ.એ.વ.)

**उदितः** - ઉદય પામેલ [મેઘ] (उदित - उद्+इ ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂ.કૃ.નો त(क्त) - तडित्वत् નું વિ. પું.પ્ર.એ.વ.)

**तडित्वान्** - મેઘ (तडित्वत् - तडित् अस्ति अस्य इति तडित् + તદ્ધિતના मत् (मतु) પ્રત્યયના म् નો व् - પું.પ્ર.એ.વ.)

**काले** - (યોગ્ય) સમયે, (વર્ષા)કાલે (काल પું.સ.એ.વ.)

**समाश्वासयति** - શાંત પાડે છે (सम्+आ+श्वस् ગણ ૨ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग् - વ.કા.ત્રી.પુ.એ.વ.)

**क्षितिम्** - પૃથ્વી (क्षिति સ્ત્રી.દ્વિ.એ.વ.)

**અર્થ :-** અહીં (જગતમાં) જેના (જે ધર્મના) પ્રભાવથી ચંદ્ર અને સૂર્ય જગતના ઉપકાર માટે નિરંતર ઉદય પામે છે અને ઉનાળાના તાપથી ત્રાસ પામેલી પૃથ્વીને વર્ષાકાળે ઉદય પામેલો મેઘ શાંત પાડે છે.

**ખંડાન્વય :-** उदयेते ।

कदा उदयेते ? ................ सदा ।
कस्मै उदयेते ? ................ विश्वोपकाराय ।
कौ उदयेते ? ................ पुष्पदन्तौ ।
कस्माद् उदयेते ? ................ प्रभावाद् ।
कस्य प्रभावाद् ? ................ यस्य ।
कुत्र ? ................ इह ।

समाश्वासयति ।

कः समाश्वासयति ? ................ तडित्वान् ।
कथम्भूतः तडित्वान् ? ................ उदितः ।
कस्मिन् समाश्वासयति ? ................ काले ।
काम् समाश्वासयति ? ................ क्षितिम् ।
कथम्भूताम् क्षितिम् ? ................ ग्रीष्मोष्मभीष्माम् ।
कथम् ? ................ च ।

**સમાસ :-**

- चन्द्रमाः च सूर्यः च इति **पुष्पदन्तौ** । (ઇ.દ્વ.) (નિપાતનથી સ્વયંસિદ્ધ)
- विश्वस्य उपकारः इति **विश्वोपकारः** । (ષ.ત.) तस्मै ।
- ग्रीष्मस्य उष्मा (उष्मन् પું.પ્ર.એ.વ.) इति ग्रीष्मोष्मा । (ષ.ત.)
  ग्रीष्मोष्मणा भीष्मा इति **ग्रीष्मोष्मभीष्मा** । (તૃ.ત.) ताम् ।

२ ५ ६ ३ ४ १
**उल्लोलकल्लोलकलाविलासैर्नाप्लावयत्यम्बुनिधिः क्षितिं यत् ।**
९ १० ७ ८ १४ १२ १३ १५ ११
**न घ्नन्ति यद्व्याघ्रमरुद्दवाद्या, धर्मस्य सर्वोऽप्यनुभाव एषः ॥४॥**

**શબ્દાર્થ :-**

**उल्लोलकल्लोलकलाविलासैः**:- ઉછળતા મોજાઓની કલાના વિલાસો વડે. (उल्लोलकल्लोलकलाविलास પુ.તૃ.બ.વ.)

**आप्लावयति** - ડૂબાડે છે (आ+प्लु ગણ ૧ આત્મને. + પ્રેરકનો णि(णिग्) વ.કા. ત્રી.પુ.એ.વ.)

**अम्बुनिधिः** - સમુદ્ર (अम्बुनिधि પું.પ્ર.એ.વ.)

**क्षितिम्** - પૃથ્વીને (क्षिति સ્ત્રી.દ્વિ.એ.વ.)

**यद्** - જે કારણથી, જે (અવ્યય)

**घ्नन्ति** - (તેઓ) હણે છે, મારે છે (हन् ગણ ૨ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.બ.વ.)

**व्याघ्रमरुद्दवाद्याः** - વાઘ, વાયુ, દાવાનળ વગેરે (व्याघ्रमरुद्दवाद्य પું.પ્ર.બ.વ.)

**धर्मस्य** - ધર્મનો (धर्म પું.ષ.એ.વ.)

**अनुभावः** - પ્રભાવ, મહિમા (अनुभाव પું.પ્ર.એ.વ.)

**एषः** - આ [પ્રભાવ] (एतद् સર્વનામ - अनुभाव માટે વપરાયેલ પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** જે ઉછળતા મોજાઓની કલાના વિલાસો વડે સમુદ્ર પૃથ્વીને ડૂબાડી દેતો નથી (અને) જે વાઘ, પવન, દાવાનળ વગેરે (જનવૃંદ)ને હણતા નથી - આ સર્વ પણ ધર્મનો (જ) પ્રભાવ છે.

**ખંડાન્વય :-** न आप्लावयति ।

काम् न आप्लावयति ?........................................ क्षितिम् ।

कः न आप्लावयति ?........................................ अम्बुनिधिः ।

कैः न आप्लावयति ?........................ उल्लोलकल्लोलकलाविलासैः ।

कथम् ?........................................ यद् ।

न घ्नन्ति ।

के न घ्नन्ति ?........................................ व्याघ्रमरुद्दवाद्याः ।

कथम् ?........................................ यत् ।

(અધ્યાહારથી) (अस्ति) ।

कः अस्ति ?........................................ एषः ।

एषः कः अपि अस्ति ?........................................ सर्वः अपि अस्ति ।

सर्वः अपि कः अस्ति ?........................................ अनुभावः ।

कस्य अनुभावः ?........................................ धर्मस्य ।

**સમાસ :-**

- उल्लोलाः च अमी कल्लोलाः च इति उल्लोलकल्लोलाः । (વિ.પૂ.ક.)
  उल्लोलकल्लोलानाम् कलाः इति उल्लोलकल्लोलकलाः । (ષ.ત.)
  उल्लोलकल्लोलकलानाम् विलासाः इति **उल्लोलकल्लोलकलाविलासाः** । (ષ.ત.) तैः ।

- अम्बूनाम् निधिः इति **अम्बुनिधिः** । (ષ.ત.)
- व्याघ्रः च मरुत् च दवः च इति व्याघ्रमरुद्दवाः । (ઇ.દ્વ.)

व्याघ्रमरुद्दवाः आद्याः येषाम् ते इति **व्याघ्रमरुद्दवाद्याः** । (સ.બ.)

१ ७ २ ८ ९ ३ ५ ४ ६
**यस्मिन्नेव पिताऽहिताय यतते भ्राता च माता सुतः,**
१० ११ १२ १४ १३ १६ १५
**सैन्यं दैन्यमुपैति चापचपलं यत्राफलं दोर्बलम् ।**
१७ १८ २५ २६ २१
**तस्मिन् कष्टदशाविपाकसमये धर्मस्तु संवर्मितः,**
२७ २३ २४ १९ २० २२
**सज्जः सज्जन एष सर्वजगतस्त्राणाय बद्धोद्यमः ॥५॥**

શબ્દાર્થ :-

**पिता** - પિતા (पितृ પું.પ્ર.એ.વ.)

**अहिताय** - અહિતને માટે (अहित નપું.ચ.એ.વ.)

**यतते** - પ્રયત્ન કરે છે (यत् ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.એ.વ.)

**भ्राता** - ભાઈ (भ्रातृ પું.પ્ર.એ.વ.)

**माता** - માતા (मातृ સ્ત્રી.પ્ર.એ.વ.)

**सुतः** - પુત્ર (सुत પું.પ્ર.એ.વ.)

**सैन्यम्** - સૈન્ય (सैन्य નપું.પ્ર.એ.વ.)

**दैन्यम्** - દીનતાને (दैन्य - दीनस्य भावः નપું.દ્વિ.એ.વ.)

**उपैति** - પામે છે (उप+इ ગણ ૨ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)

**चापचपलम्** - ધનુષ્ય જેવું ચપળ [ભુજાબલ] (चापचपल - दोर्बल નું વિ. નપું.પ્ર.એ.વ.)

**अफलम्** - નિષ્ફળ [ભુજાબળ] (अफल - दोर्बल નું વિ. નપું.પ્ર.એ.વ.)

**दोर्बलम्** - ભુજાબળ (दोर्बल નપું.પ્ર.એ.વ.)

**तस्मिन्** - ત્યારે [કષ્ટ દશાના વિપાક સમયે] (तद् સર્વનામ - कष्टदशाविपाकसमय માટે વપરાયેલ પું.સ.એ.વ.)

**कष्टदशाविपाकसमये** - કષ્ટદશાના વિપાક કાલે (પાપકર્મોના ઉદયથી થતી ફળ-પ્રાપ્તિના સમયે) (कष्टदशाविपाकसमय પું.સ.એ.વ.)

**धर्मः** - ધર્મ (धर्म પું.પ્ર.એ.વ.)

**संवर्मितः** - બખ્તર ધારણ કરેલો [ધર્મ] (संवर्मित - धर्म નું વિ. પું.પ્ર.એ.વ.)

**सज्जः** - સજ્જ, તૈયાર [ધર્મ] (सज्ज - धर्मનું વિ. પું.પ્ર.એ.વ.)

**सज्जनः** - સજ્જન [ધર્મ] (सज्जन - धर्म નું વિ. પું.પ્ર.એ.વ.)

**सर्वजगतः** - સર્વ જગતના (सर्वजगत् નપું.ષ.એ.વ.)

**त्राणाय** - રક્ષણ માટે (त्राण નપું.ચ.એ.વ.)

**बद्धोद्यमः** - ઉદ્યમ કરવા માટે બંધાયેલ (ઉદ્યમ કરવામાં તત્પર) [ધર્મ] (बद्धोद्यम - ધર્મનું વિ. પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** જ્યારે પિતા, ભાઈ, માતા અને પુત્ર જ અહિતને માટે પ્રયત્ન કરે છે, સૈન્ય દીનતાને પામે છે, જ્યારે ધનુષ જેવું ચપળ ભુજાબળ નિષ્ફળ થાય છે, તે કષ્ટકારી દશા ભોગવવાના સમયે સર્વ જગતના (જીવોના) રક્ષણ માટે બખ્તર ધારણ કરીને રહેલો, ઉદ્યમ કરવામાં તત્પર સજ્જન એવો આ ધર્મ જ સજ્જ હોય છે. (તૈયાર હોય છે.)

**ખંડાન્વય :-** यतते ।

कस्मै यतते ? ........ अहिताय ।

कः एव यतते ? ........ सुतः एव यतते ।

पुनः कः च यतते ? ........ माता च ।

पुनः कः यतते ? ........ भ्राता ।

पुनः कः यतते ? ........ पिता ।

कस्मिन् यतते ? ........ यस्मिन् ।

उपैति ।

किम् उपैति ? ........ दैन्यम् ।

किम् उपैति ? ........ सैन्यम् ।

(અધ્યાહારથી) (भवति) ।

किम् भवति ? ........ दोर्बलम् ।

कथम्भूतम् दोर्बलम् ? ........ चापचपलम् ।

दोर्बलम् कीदृश् भवति ? ........ अफलम् ।

कुत्र ? ........ यत्र ।

(અધ્યાહારથી) (भवति) ।

कः भवति ? ........ एषः ।

एषः कः भवति ? ........ धर्मः ।

धर्मः तु कीदृशः भवति ? ........ सज्जः ।

कथम्भूतः एषः धर्मः ? ........ सज्जनः एषः धर्मः ।

पुनः कथम्भूतः धर्मः ? ........ बद्धोद्यमः ।

पुनः कथम्भूतः धर्मः ? ........ संवर्मितः ।

कस्मै धर्मः तु सज्जः ? .............................. त्राणाय।
कस्य त्राणाय ? .............................. सर्वजगतः।
कस्मिन् संवर्मितः धर्मः सज्जः भवति ? .............................. तस्मिन्।
तस्मिन् कस्मिन् ? .................... कष्टदशाविपाकसमये।

**સમાસ :-**

- न हितम् इति **अहितम्**। (નञ् त.) तस्मै ।
- चापः इव चपलम् इति **चापचपलम्**। (ઉપમાન સામાન્યધર્મ કર્મધારય)
- न विद्यते फलम् यस्य तद् इति **अफलम्**। (નञ् બ.) तद् ।
- दोषोः[A] / दोष्णोः बलम् इति **दोर्बलम्**। (ષ.ત.) तद् ।
- कष्टा च असौ दशा च इति कष्टदशा। (વિ.પૂ.ક.)
  कष्टदशा एव विपाकः इति कष्टदशाविपाकः। (અ.પૂ.ક.)
  कष्टदशाविपाकस्य समयः इति **कष्टदशाविपाकसमयः**। (ષ.ત.) तस्मिन् ।
- सर्वम् च अदः जगत् च इति **सर्वजगत्**। (વિ.પૂ.ક.) तस्य ।
- बद्धः उद्यमः येन सः इति **बद्धोद्यमः**। (સ.બ.)

**त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदं,**
**यो ऽत्रामुत्र हितावहस्तनुभृतां सर्वार्थसिद्धिप्रदः ।**
**येनानर्थकदर्थना निजमहःसामर्थ्यतो व्यर्थिता,**
**तस्मै कारुणिकाय धर्मविभवे भक्तिप्रणामोऽस्तु मे ॥६॥**

**શબ્દાર્થ :-**

**त्रैलोक्यम्** - ત્રણ લોક (ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છા) (त्रिलोकी एव इति स्वार्थे - त्रैलोक्य - નપું.પ્ર.એ.વ.)

**सचराचरम्** - જંગમ અને સ્થાવર [ત્રણ લોક] (सचराचर - त्रैलोक्यનું વિ. નપું.પ્ર. એ.વ.)

**विजयते** - જય પામે છે (અહીં) સ્વર્ગાદિ સુખો પામે છે (वि+जि ગણ ૧ આત્મને. વ.કા.ત્રી.પુ.એ.વ.) (जि-પરસ્મૈ., वि+जि - આત્મને.)

**प्रसादाद्** - પ્રસાદથી, કૃપાથી (प्रसाद પું.પં.એ.વ.)

**इदम्** - આ [ત્રણ લોક] (इदम् સર્વનામ - त्रैलोक्य માટે વપરાયેલ નપું.પ્ર.એ.વ.)

---

A. दोस् પું. હાથ એનો દ્વિતીયા બ.વ. આદિમાં दोसन् આદેશ વિકલ્પે થાય છે.

**अमुत्र** - પરલોકમાં (અવ્યય)

**हितावहः** - હિતને ધારણ કરનાર [જે ધર્મ] (हितावह - यद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**तनुभृताम्** - પ્રાણીઓના (तनुभृत् પું.ષ.બ.વ.)

**सर्वार्थसिद्धिप्रदः** - સર્વ કાર્યની સિદ્ધિને આપનાર [જે ધર્મ] (सर्वार्थसिद्धिप्रद - यद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**अनर्थकदर्थना** - અનર્થોની પીડા (વિડંબના) (अनर्थकदर्थना સ્ત્રી.પ્ર.એ.વ.)

**निजमहःसामर्थ्यतः** - પોતાના પ્રતાપરૂપ સામર્થ્ય વડે (निजमहःसामर्थ्यात् इति निजमहः सामर्थ्य + तस् - અવ્યય)

**व्यर्थिता** - વ્યર્થ કરાયેલ [અનર્થોની પીડા] (व्यर्थिता - अनर्थकदर्थना નું વિશેષણ - व्यर्थित + સ્ત્રી.નો आ(आप्) સ્ત્રી.પ્ર.એ.વ.)

**कारुणिकाय** - કરૂણાના સ્વભાવવાળા [ધર્મરાજાને] (कारुणिक - धर्मविभुनुं વિ. પું.ચ.એ.વ.)

**धर्मविभवे** - ધર્મરાજાને, ધર્મવિભુને (धर्मविभु - નમસ્કાર અર્થમાં ચતુર્થી - પું.ચ. એ.વ.)

**भक्तिप्रणामः** - ભક્તિપૂર્વક પ્રણામ (भक्तिप्रणाम પું.પ્ર.એ.વ.)

**अस्तु** - થાવ. (अस् ગણ ૨ પરસ્મૈ. આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ.)

**मे** - મારો (अस्मद् સર્વનામ - અલિંગ ષ.એ.વ. - मम નો આદેશ)

**અર્થ :-** જેના પ્રસાદથી આ ત્રસ અને સ્થાવર (જીવો રૂપ) ત્રણ લોક (ઉર્ધ્વ, અધો, તિર્ચ્છા) સુખને પામે છે, હિતને ધારણ કરનાર જે પ્રાણીઓને આ ભવ અને પરભવમાં સર્વ કાર્યની સિદ્ધિને આપનાર છે, જેના વડે પોતાના પ્રાતપરૂપ સામર્થ્ય વડે અનર્થોની પીડા નિષ્ફળ કરાયેલ છે, તે કરૂણામય સ્વભાવવાળા ધર્મરાજાને મારા ભક્તિપૂર્વક પ્રણામ થાવ.

**ખંડાન્વય :-** विजयते ।

किम् विजयते ? ........................................ इदम् विजयते ।

इदम् किम् विजयते ? ........................................ त्रैलोक्यम् ।

कथम्भूतम् त्रैलोक्यम् ? ........................................ सचराचरम् ।

कस्मात् विजयते ? ........................................ प्रसादात् ।

कस्य प्रसादात् ? ........................................ यस्य ।

(અધ્યાહારથી) (अस्ति) ।

क: अस्ति ?............................................ य: अस्ति।
य: क: अस्ति ?.................................... सर्वार्थसिद्धिप्रद:।
कुत्र सर्वार्थसिद्धिप्रद: ?............................................ अत्र अमुत्र।
केषाम् सर्वार्थसिद्धिप्रद: ?............................................ तनुभृताम्।
कथम्भूत: य: ?............................................ हितावह:।
व्यथिता।
का व्यथिता ?.......................................... अनर्थकदर्थना।
कुत: व्यथिता ?.................................. निजमह:सामर्थ्यत:।
केन व्यथिता ?.................................................. येन।
अस्तु।
क: अस्तु ?........................................ भक्तिप्रणाम:।
कस्य भक्तिप्रणाम: ?.................................................. मे।
कस्मै भक्तिप्रणाम: ?............................................ तस्मै।
तस्मै कस्मै ?...................................... तस्मै धर्मविभवे।
कथम्भूताय धर्मविभवे ?.......................................... कारुणिकाय।

**સમાસ :**

- चर: च अचर: च अनयो: समाहार: इति चराचरम्। (સમાહાર દ્વન્દ્વ)
  चराचरेण सह वर्तते इति **सचराचरम्**। (સહાર્થ બહુવ્રીહિ)
- हितम् आवहति इति **हितावह:**। (ઉ.ત.)
- तनुम् बिभ्रति इति **तनुभृत:**। (ઉ.ત.)
- सर्वे च अमी अर्था: च इति सर्वार्था:। (વિ.પૂ.ક.)
  सर्वार्थानाम् सिद्धि: इति सर्वार्थसिद्धि: (ષ.ત.)
  सर्वार्थसिद्धिम् प्रददाति इति **सर्वार्थसिद्धिप्रद:**। (ઉ.ત.)
- न अर्था: इति अनर्था:। (નઞ્ ત.)
  अनर्थानाम् कदर्थना इति **अनर्थकदर्थना**। (ષ.ત.)
- समर्थस्य भाव: इति सामर्थ्यम्। (તદ્ધિત)
  निजस्य मह: इति निजमह:। (ષ.ત.)
  निजमह: एव सामर्थ्यम् इति **निजमह:सामर्थ्यम्**। (અ.પૂ.ક.)
- धर्म: एव विभु: इति **धर्मविभु:**। (અ.પૂ.ક.) तस्मै।
- भक्त्या प्रणाम: इति **भक्तिप्रणाम:**। (તૃ.ત.)

**प्राज्यं राज्यं सुभगदयिता नन्दना नन्दनानां,**
**रम्यं रूपं सरसकविताचातुरी सुस्वरत्वम् ।**
**नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिः,**
**किं नु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ॥७॥**

**શબ્દાર્થ :-**

**प्राज्यम्** - વિશાળ [રાજ્ય] (प्राज्य - राज्य નું વિ. નપું.પ્ર.એ.વ.)

**राज्यम्** - રાજ્ય (राज्य નપું.પ્ર.એ.વ.)

**सुभगदयिता** - સૌભાગ્યશાળી પત્ની (सुभगदयिता સ્ત્રી.પ્ર.એ.વ.)

**नन्दनाः** - પુત્રો (नन्दन પું.પ્ર.બ.વ.)

**नन्दनानाम्** - પુત્રોના (नन्दन પું.ષ.બ.વ.)

**रम्यम्** - રમણીય [રૂપ] (रम्य - रम् ગણ ૧ આત્મને. કર્મણિ વિધ્યર્થ કૃ. - रूप નું વિ. નપું.પ્ર.એ.વ.)

**रूपम्** - રૂપ (रूप નપું.પ્ર.એ.વ.)

**सरसकविताचातुरी** - સુંદર કવિતા કરવાની ચતુરાઈ (सरसकविताचातुरी સ્ત્રી.પ્ર.એ.વ.)

**सुस्वरत्वम्** - સુંદર સ્વર, મધુરધ્વનિ (सुस्वरत्व નપું.પ્ર.એ.વ.)

**नीरोगत्वम्** - રોગ રહિતપણું (नीरोगत्व નપું.પ્ર.એ.વ.)

**गुणपरिचयः** - ગુણોનો પરિચય (અભ્યાસ, વૃદ્ધિ) (गुणपरिचय પું.પ્ર.એ.વ.)

**सज्जनत्वम्** - સજ્જનપણું (सज्जनत्व નપું.પ્ર.એ.વ.)

**सुबुद्धिः** - સન્મતિ (सुबुद्धि સ્ત્રી.પ્ર.એ.વ.)

**किम्** - શું (અવ્યય)

**ब्रूमः** - અમે કહીએ છીએ (ब्रू ગણ ૨ ઉભયપદી વ.કા.પ્ર.પુ.બ.વ.)

**फलपरिणातिम्** - ફલની પરિણતિને (પ્રાપ્તિ - પરિપાકને) (फलपरिणति સ્ત્રી.દ્વિ.એ.વ.)

**धर्मकल्पद्रुमस्य** - ધર્મરૂપી કલ્પવૃક્ષની (धर्मकल्पद्रुम પું.ષ.એ.વ.)

**અર્થ :-** વિશાળ રાજ્ય, સૌભાગ્યશાળી પત્ની, પુત્રોના પુત્રો, રમણીયરૂપ, સુંદર કવિતા કરવાની ચતુરાઈ, સુંદર સ્વર, નીરોગપણું, ગુણોનો પરિચય (અભ્યાસ, વૃદ્ધિ), સજ્જનપણું, સુબુદ્ધિ - (આ સર્વ ધર્મથી મળે છે - ધર્મકલ્પવૃક્ષના ફળો છે.) ખરેખર, ધર્મકલ્પવૃક્ષના

ફળોના પરિપાકને અમે શું કહીએ ? (અમે ન કહી શકીએ.)

**ખંડાન્વય :-**

| | |
|---|---|
| | ब्रूमः। |
| किम् ब्रूमः ? | किम् ब्रूमः ? |
| काम् किम् ब्रूमः ? | फलपरिणतिम्। |
| कस्य फलपरिणतिम् ? | धर्मकल्पद्रुमस्य। |
| कथम् ? | नु। |
| (का का फलपरिणतिः) ? | सुबुद्धिः। |
| पुनः किम् ? | सज्जनत्वम्। |
| पुनः कः ? | गुणपरिचयः। |
| पुनः किम् ? | नीरोगत्वम्। |
| पुनः किम् ? | सुस्वरत्वम्। |
| पुनः का ? | सरसकविताचातुरी। |
| पुनः किम् ? | रूपम्। |
| कथम्भूतम् रूपम् ? | रम्यम्। |
| पुनः के ? | नन्दनाः। |
| केषाम् नन्दनाः ? | नन्दनानाम्। |
| पुनः का ? | सुभगदयिता। |
| पुनः किम् ? | राज्यम्। |
| कथम्भूतम् राज्यम् ? | प्राज्यम्। |

**સમાસ :-**

- सुभगा च असौ दयिता च इति **सुभगदयिता**। (વિ.પૂ.ક.)
- सरसा च असौ कविता च इति सरसकविता। (વિ.પૂ.ક.)
  सरसकवितायै चातुरी इति **सरसकविताचातुरी**। (ચ.ત.)
  (અથવા) सरसकवितायाः करणम् इति सरसकविताकरणम्। (ષ.ત.)
  सरसकविताकरणे चातुरी इति **सरसकविताचातुरी**। (મ.ક.)
- शोभनः स्वरः यस्य सः इति सुस्वरः। (સુપૂર્વપદ બહુવ્રીહિ)
  सुस्वरस्य भावः इति **सुस्वरत्वम्**। (તદ્ધિતનો त्व)
- निर्गताः रोगाः यस्मात् सः इति नीरोगः। (પ્રાદિ બ.)
  नीरोगस्य भावः इति **नीरोगत्वम्**। (તદ્ધિત)
- गुणानाम् परिचयः इति **गुणपरिचयः** (ષ.ત.)
- शोभना च असौ बुद्धिः च इति **सुबुद्धिः** (સુપૂર્વપદ ક.)

- फलानाम् परिणतिः इति **फलपरिणतिः** । (ષ.ત.) ताम् ।
- कल्पानाम् पूरकः इति कल्पपूरकः । (ષ.ત.)
  कल्पपूरकः च असौ द्रुमः च इति कल्पद्रुमः । (મ.ક.)
  धर्मः एव कल्पद्रुमः इति **धर्मकल्पद्रुमः** । (અ.પૂ.ક.) तस्य ।

## ॥ गेयाष्टकम् ॥

**[११]पालय [१२]पालय [८]रे [१३]पालय [१०]मां [९]जिनधर्म !**
**[१]मङ्गलकमलाकेलिनिकेतन !**
**[२]करुणाकेतन ! [३]धीर ! [४]शिवसुखसाधन !**
**[५]भवभयबाधन ! [६]जगदाधार ! [७]गम्भीर ! ॥१॥**

**શબ્દાર્થ :-**

**पालय** - પાલન કર, રક્ષણ કર. (पल्(पाल्) ગણ ૧૦ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**जिनधर्म** ! - હે જિનધર્મ ! (जिनधर्म પું.સં.એ.વ.)

**मङ्गलकमलाकेलिनिकेतन** ! - મંગલરૂપ લક્ષ્મીને ક્રીડા કરવાના ગૃહ સમાન [હે જિનધર્મ !] (मङ्गलकमलाकेलिनिकेतन - जिनधर्म નું વિ. નપું.સં.એ.વ.)

**करुणाकेतन** ! - કરૂણાના સ્થાનરૂપ [હે જિનધર્મ !] (करुणाकेतन - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**धीर** ! - હે ધીર [જિનધર્મ !] (धीर - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**शिवसुखसाधन** ! - મોક્ષસુખના સાધનરૂપ [હે જિનધર્મ !] (शिवसुखसाधन - जिनधर्म નું વિ. નપું.સં.એ.વ.)

**भवभयबाधन** ! - સંસારના ભયના નિવારણ રૂપ [હે જિનધર્મ !] (भवभयबाधन - जिनधर्म નું વિ. નપું.સં.એ.વ.)

**जगदाधार** ! - હે જગતના આધાર ! [હે જિનધર્મ !] (जगदाधार - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**गम्भीर** ! - ગંભીર [હે જિનધર્મ !] (गम्भीर - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**અર્થ :-** હે મંગલરૂપ લક્ષ્મીનું ક્રીડાગૃહ ! કરૂણાના સ્થાનરૂપ ! (મહા) ધીરજવાન ! મોક્ષસુખના સાધનરૂપ ! સંસારના ભયના નિવારણ રૂપ ! જગતના આધાર ! ગંભીર ! હે ! જિનધર્મ ! મને રક્ષો. રક્ષો. રક્ષો.

**ખંડાન્વય :-** पालय।

पुनः किम् कुरु ? .................................................. पालय।

पुनः किम् कुरु ? .................................................. पालय।

कम् पालय ? .................................................. माम्।

किम् सम्बोधने ? .................................................. जिनधर्म।

कथम् ? .................................................. रे

कथम्भूत ! जिनधर्म ! ? .................................................. जगदाधार

पुनः कथम्भूत ! जिनधर्म ? .................................................. भवभयबाधन।

पुनः कथम्भूत ! जिनधर्म ! ? .................................................. शिवसुखसाधन।

पुनः कथम्भूत ! जिनधर्म ! ? .................................................. धीर

पुनः कथम्भूत ! जिनधर्म ! ? .................................................. करुणाकेतन

पुनः कथम्भूत ! जिनधर्म ! ? .................................................. मङ्गलकमलाकेलिनिकेतन

**સમાસ :-**

- मङ्गलम् एव कमला इति मङ्गलकमला। (અ.પૂ.ક.)
  मङ्गलकमलायाः केलयः इति मङ्गलकमलाकेलयः। (ष.त.)
  मङ्गलकमलाकेलीनाम् निकेतनम् इव इति मङ्गलकमलाकेलिनिकेतनम्। (ष.त.)
  तत्सम्बोधनम्।
- करुणायाः केतनम् इव इति **करुणाकेतनम्**। (ष.त.) तत्सम्बोधनम्।
- शिवस्य सुखम् इति शिवसुखम्। (ष.त.)
  शिवसुखस्य साधनम् इति **शिवसुखसाधनम्**। (ष.त.) तत्सम्बोधनम्।
- भवस्य भयम् इति भवभयम्। (ष.त.)
  भवभयस्य बाधनम् इति **भवभयबाधनम्**। (ष.त.) तत्सम्बोधनम्।
- जगतः आधारः इति **जगदाधारः** ! (ष.त.) तत्सम्बोधनम्।

७ ५ ३ ६ ४

**सिञ्चति पयसा जलधरपटली, भूतलममृतमयेन।**

८ ९ १ २

**सूर्याचन्द्रमसावुदयेते, तव महिमातिशयेन ॥२॥**

**શબ્દાર્થ :-**

**सिञ्चति** - સીંચે છે (सिच्(सिञ्च्) ગણ ६ પરસ્મૈ.વ.કા.ત્રી.પુ.એ.વ.)

**पयसा** - પાણી વડે (पयस् નપું.તૃ.એ.વ.)

**जलधरपटली** - મેઘોનો સમૂહ (जलधरपटली સ્ત્રી.પ્ર.એ.વ.)

**भूतलम्** - ભૂતલને, પૃથ્વીમંડલને (भूतल પું.દ્વિ.એ.વ.)

**अमृतमयेन** - અમૃતમય [પાણી વડે] (अमृतमय - अमृतः प्रकृतः अस्मिन् इति अमृत + मयट्[A] (તદ્ધિતનો) - पयस् નું વિ. નપું.તૃ.એ.વ.)

**सूर्याचन्द्रमसौ** - સૂર્ય અને ચંદ્ર (सूर्याचन्द्रमस् પું.પ્ર.દ્વિ વ.)

**उदयेते** - ઉદય પામે છે (उद्+अय् ગણ ૧ આત્મને. વ.ક.ત્રી.પુ.દ્વિ વ.)

**महिमातिशयेन** - પ્રભાવના અતિશય વડે, સર્વાતિશાયી પ્રભાવ વડે (महिमातिशय પું.તૃ.એ.વ.)

**અર્થ :-** (હે જિનધર્મ !) તારા મહિમાના અતિશયથી વાદળોનો સમૂહ અમૃતમય પાણી વડે ભૂતલને સીંચે છે (તથા) સૂર્ય અને ચંદ્ર ઉદય પામે છે.

**ખંડાન્વય :-** सिञ्चति ।

कम् सिञ्चति ? ................ भूतलम् ।
केन सिञ्चति ? ................ पयसा ।
कथम्भूतेन पयसा ? ................ अमृतमयेन ।
का सिञ्चति ? ................ जलधरपटली ।
केन सिञ्चति ? ................ महिमातिशयेन ।
कस्य महिमातिशयेन ? ................ तव ।
उदयेते ।
कौ उदयेते ? ................ सूर्याचन्द्रमसौ ।

**સમાસ :-**

- जलम् धारयन्ति इति जलधराः । (ઉ.ત.)
  जलधराणाम् पटली इति **जलधरपटली** । (ષ.ત.)
- सूर्यः च चन्द्रमाः च इति **सूर्याचन्द्रमसौ**[B] । (ઇ.દ્વ.)
- महिमायाः अतिशयः इति **महिमातिशयः** । (ષ.ત.) तेन ।

**निरालम्बमियमसदाधारा, तिष्ठति वसुधा येन ।**
**तं विश्वस्थितिमूलस्तम्भं, त्वां[C] सेवे विनयेन ॥३॥ पा० ॥**

**શબ્દાર્થ :-**

**निरालम्बम्** - આલંબન કે ટેકા વિના (અદ્ધર) (निरालम्ब નપું.દ્વિ.એ.વ. ક્રિયા-વિશેષણ)

---

A. કોઈ પણ નામને સ્વાર્થના પ્રકૃત અર્થનો સૂચક मयट् પ્રત્યય થાય છે. (સિ.હે.શ. ૭-૩-૧)

B. દેવતા દ્વન્દ્વમાં પૂર્વપદનો आ થાય છે. C. પાઠાંતર तं

**इयम्** - આ [પૃથ્વી] (इदम् સર્વનામ - वसुधा માટે વપરાયેલ સ્ત્રી.પ્ર.એ.વ.)
**असदाधारा** - આધાર વિનાની [પૃથ્વી] (असदाधारा - वसुधा નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)
**तिष्ठति** - સ્થિર રહે છે (स्था(तिष्ठ्) ગણ ૧ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)
**वसुधा** - પૃથ્વી (वसुधा સ્ત્રી.પ્ર.એ.વ.)
**विश्वस्थितिमूलस्तम्भम्** - જગતની મર્યાદાના મૂળ સ્તંભરૂપ [જિનધર્મ]ને (विश्वस्थितिमूलस्तम्भ - जिनधर्म નું વિ. પું.દ્વિ.એ.વ.)
**त्वाम्** - તને [જિનધર્મને] (युष्मद् સર્વનામ - जिनधर्म માટે વપરાયેલ અલિંગ દ્વિ.એ.વ.)
**सेवे** - હું સેવું છું (सेव् - ગણ ૧ આત્મને. વ.કા.પ્ર.પુ.એ.વ.)
**विनयेन** - વિનય વડે (विनय પું.તૃ.એ.વ.)

**અર્થ :-** (હે જિનધર્મ !) જેના વડે આ આધાર વિનાની પૃથ્વી ટેકા વિના (અદ્ધર) સ્થિર રહી છે, તે જગતની મર્યાદાના મૂળસ્તંભરૂપ તને વિનય વડે હું સેવું છું.

**ખંડાન્વય :-**

तिष्ठति ।
कथम् तिष्ठति ? ........................................ निरालम्बम् ।
का तिष्ठति ? ........................................ इयम् ।
इयम् का तिष्ठति ? ........................................ वसुधा ।
वसुधा कथम्भूता तिष्ठति ? ........................................ असदाधारा ।
केन तिष्ठति ? ........................................ येन ।

सेवे ।
केन सेवे ? ........................................ विनयेन ।
कम् सेवे ? ........................................ त्वाम् ।
त्वाम् कम् सेवे ? ........................................ तम् ।
तम् कम् सेवे ? ........................................ विश्वस्थितिमूलस्तम्भम् ।

**સમાસ :-**

- निर्गतम् आलम्बनम् यस्मात् तद् इति **निरालम्बम्** । (પ્રાદિ બ.) तद् ।
- न सत् इति असत् । (નઞ્ ત.)
  असन् आधारः यस्याः सा इति **असदाधारा** । (સ.બ.)
- विश्वस्य स्थितिः इति विश्वस्थितिः । (ષ.ત.)

मूल: च असौ स्तम्भः च इति मूलस्तम्भः । (वि.पू.क.)

विश्वस्थितेः मूलस्तम्भः इति **विश्वस्थितिमूलस्तम्भः** । (ष.त.) तम् ।

**दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोकः ।**

**शरणस्मरणकृतामिह भविनां, दूरीकृतभयशोकः ॥४॥**

**શબ્દાર્થ :-**

**दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोकः** - દાન, શીલ, શુભભાવ અને તપ વગેરે વડે કૃતાર્થ કરાયેલ છે લોક જેના વડે એવો [શ્રીજિનધર્મ] (दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोक - આગળના શ્લોકથી जिनधर्म નું वि. પું.પ્ર.એ.વ.)

**शरणस्मरणकृताम्** - શરણ અને સ્મરણ કરનાર [ભવ્ય જીવો]ને (शरणस्मरणकृत् - भविन् નું वि. પું.ષ.બ.વ.)

**भविनाम्** - ભવ્ય જીવોને (भविन् પું.ષ.બ.વ.)

**दूरीकृतभयशोकः** - દૂર કરાયેલ છે ભય અને શોક જેના વડે એવો [જિનધર્મ] (दूरीकृतभयशोक - આગળના શ્લોકના અનુસંધાનથી जिनधर्मનું वि. પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** અહીં (આ ભવમાં) દાન, શીલ, શુભભાવ અને તપ પ્રમુખ વડે લોકને કૃતાર્થ કરનાર (તથા) શરણ અને સ્મરણને કરનારા ભવ્યજીવોના ભય અને શોકને દૂર કરનાર શ્રીજિનધર્મ છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) अस्ति ।

कः अस्ति ? . (પૂર્વના શ્લોકના અનુસંધાનથી) (जिनधर्मः ।)

कथम्भूतः जिनधर्मः ? ........ दूरीकृतभयशोकः ।

केषाम् दूरीकृतभयशोकः ? ........ भविनाम् ।

कथम्भूतानाम् भविनाम् ? ........ शरणस्मरणकृताम् ।

पुनः कथम्भूतः जिनधर्मः ? ..... दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोकः ।

कुत्र ? ........ इह ।

**સમાસ :-**

- शुभः च असौ भावः च इति शुभभावः । (वि.पू.क.)

दानम् च शीलम् च शुभभावः च तपः च इति दानशीलशुभभावतपांसि । (ઇ.દ્વ.)

दानशीलशुभभावतपांसि मुखम् येषाम् ते इति दानशीलशुभभावतपोमुखाः । (સ.બ.)

चरितः अर्थः येन सः इति चरितार्थः । (સ.બ.)

न चरितार्थः इति अचरितार्थः । (નઞ્ ત.)

प्राग् अचरितार्थः चरितार्थः कृतः इति चरितार्थीकृतः । (તદ્ધિતનો च्वि)

दानशीलशुभभावतपोमुखैः चरितार्थीकृतः इति दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतः । (તૃ.ત.)

दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतः लोकः येन सः इति **दानशीलशुभभावतपोमुखचरितार्थीकृतलोकः** । (સ.બ.)

- शरणम् च स्मरणम् च इति शरणस्मरणे । (ઇ.દ્વ.)
  शरणस्मरणे कुर्वन्ति इति **शरणस्मरणकृतः** । (ઉ.ત.) तेषाम् ।
- प्राग् अदूरौ दूरौ कृतौ इति दूरीकृतौ । (તદ્ધિતનો च्वि)
  भयम् च शोकः च इति भयशोकौ । (ઇ.દ્વ.)
  दूरीकृतौ भयशोकौ येन सः इति **दूरीकृतभयशोकः** । (સ.બ.)

**[१] क्षमासत्यसन्तोषदयादिकसुभगसकलपरिवार ! ।**
**[२] देवासुरनरपूजितशासन ! [३] कृतबहुभवपरिहार ! ॥५॥**
**[६] बन्धुर[५]बन्धुजनस्य [४] दिवानिशम[७]सहायस्य [८] सहायः ।**
**[१५] भ्राम्यति [१३] भीमे [१४] भवगहने[१२]ऽङ्गी [१०] त्वां [९] बान्धवम[११]पहाय ॥६॥**

**શબ્દાર્થ :-**

**क्षमासत्यसन्तोषदयादिकसुभगसकलपरिवार !** - ક્ષમા, સત્ય, સંતોષ, દયા વગેરે સૌભાગ્યવાળો સકલ પરિવાર જેનો છે તેવા [હે જિનધર્મ !] (क्षमासत्यसन्तोषदयादिकसुभगसकलपरिवार - जिनधर्म (પૂર્વના શ્લોકના અનુસંધાનથી)નું વિ. પું.સં.એ.વ.)

**देवासुरनरपूजितशासन !** - દેવો, અસુરો અને માનવો વડે પૂજાયેલ છે શાસન (આજ્ઞા) જેની એવા [હે જિનધર્મ !] (देवासुरनरपूजितशासन - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**कृतबहुभवपरिहार !** - કરાયેલ છે ઘણા ભવોનો વિનાશ જેના વડે એવા [હે જિનધર્મ !] (कृतबहुभवपरिहार - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**बन्धुः** - બંધુ, ભાઈ (बन्धु પું.પ્ર.એ.વ.)

**अबन्धुजनस्य** - બંધુ રહિત લોકનો (अबन्धुजन પું.ષ.એ.વ.)

**दिवानिशम्** - રાત્રિદિવસ, સર્વદા (અવ્યય)

**असहायस्य** - અસહાય (જીવોને) (असहाय પું.ષ.એ.વ.)

**सहायः** - સહાય (सहाय પું.પ્ર.એ.વ.)

**भ्राम्यति** - ભ્રમણ કરે છે (भ्रम्(भ्राम्) ગણ ૪ પરસ્મૈ. વ.કા.ત્રી.પુ.એ.વ.)
**भीमे** - ભયંકર [ભવવન]માં (भीम - भवगहन નું વિ. નપું.સ.એ.વ.)
**भवगहने** - સંસારરૂપ અરણ્યમાં (भवगहन નપું.સ.એ.વ.)
**अङ्गी** - પ્રાણી (अङ्गिन् - अङ्गाः सन्ति अस्य इति अङ्ग + મત્વર્થીય इन् (તદ્ધિત) પું.પ્ર.એ.વ.)
**त्वाम्** - તમને (युष्मद् સર્વનામ - जिनधर्म માટે વપરાયેલ - અલિંગ દ્વિ.એ.વ.)
**बान्धवम्** - બાંધવને (बान्धव પું.દ્વિ.એ.વ.)
**अपहाय** - છોડીને (अप+हा ગણ ૩ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**અર્થ :-** હે ક્ષમા સત્ય, સંતોષ, દયા, વગેરે રૂપ સૌભાગ્યશાળી સકલ પરિવારવાળા ! હે દેવ, દાનવ અને માનવથી પૂજાયેલ આજ્ઞાવાળા ! હે ઘણા ભવોનો વિનાશ કરનારા ! (જિનધર્મ !) (તું) સર્વદા બંધુ રહિત જનનો બંધુ છે. તું સહાય વિનાનાનો સહાય છે. બાંધવરૂપ તને છોડીને પ્રાણી ભયંકર ભવવનમાં ભટકે છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (असि) ।

कः असि ?............................... (અધ્યાહારથી) त्वम् ।
त्वम् कः असि ?............................... बन्धुः ।
कस्य बन्धुः ?............................... अबन्धुजनस्य ।
कथम् बन्धुः ?............................... दिवानिशम् ।
किम् सम्बोधने ?............................... कृतबहुभवपरिहार !
पुनः किम् सम्बोधने ?............................... देवासुरनरपूजितशासन !
पुनः किम् सम्बोधने ?...... क्षमासत्यसन्तोषदयादिकसुभगसकलपरिवार !
(અધ્યાહારથી) (असि) ।
कः असि ?............................... (અધ્યાહારથી) त्वम् ।
त्वम् कः असि ?............................... सहायः ।
कस्य सहायः ?............................... असहायस्य ।
भ्राम्यति ।
कस्मिन् भ्राम्यति ?............................... भवगहने ।
कथम्भूते भवगहने ?............................... भीमे ।
कः भ्राम्यति ?............................... अङ्गी ।
किम् कृत्वा भ्राम्यति ?............................... अपहाय ।

कम् अपहाय ? ................................................ त्वाम् ।

कथम्भूतम् त्वाम् ? ........................................ बान्धवम् ।

**સમાસ :-**

- क्षमा च सत्यम् च सन्तोषः च दया च इति क्षमासत्यसन्तोषदयाः । (ઈ.દ્વ.)
  क्षमासत्यसन्तोषदयाः आदौ यस्य सः इति क्षमासत्यसन्तोषदयादिकः । (વ્ય.બ.)
  सकलः च असौ परिवारः च इति सकलपरिवारः । (વિ.પૂ.ક.)
  सुभगः च असौ सकलपरिवारः च इति सुभगसकलपरिवारः । (વિ.પૂ.ક.)
  क्षमासत्यसन्तोषदयादिकः सुभगसकलपरिवारः यस्य सः इति **क्षमासत्यसन्तोष-दयादिकसुभगसकलपरिवारः** । (સ.બ.) तत्सम्बोधनम् ।
- देवाः च असुराः च नराः च इति देवासुरनराः । (ઈ.દ્વ.)
  देवासुरनरैः पूजितम् इति देवासुरनरपूजितम् । (તૃ.ત.)
  देवासुरनरपूजितम् शासनम् यस्य सः इति **देवासुरनरपूजितशासनः** । (સ.બ.) तत्सम्बोधनम् ।
- बहवः च अमी भवाः च इति बहुभवाः । (વિ.પૂ.ક.)
  बहुभवानाम् परिहारः इति बहुभवपरिहारः । (ષ.ત.)
  कृतः बहुभवपरिहारः येन सः इति **कृतबहुभवपरिहारः** । (સ.બ.) तत्सम्बोधनम् ।
- न विद्यते बन्धुः यस्य सः इति अबन्धुः । (નઞ્ બ.)
  अबन्धुः च असौ जनः च इति **अबन्धुजनः** । (વિ.પૂ.ક.) तस्य ।
- न विद्यते सहायः यस्य सः इति **असहायः** । (નઞ્ બ.) तस्य ।
- भवः एव गहनम् इति **भवगहनम्** । (અ.પૂ.ક.) तस्मिन् ।

**द्रङ्गति[४] गहनं[३] जलति[६] कृशानुः[५], स्थलति[८] जलधिर्[७]चिरेण[९] ।**
**तव[१] कृपयाखिलकामितसिद्धिर्[२][१०]बहुना[१२] किं[१४] नु[१३] परेण[११] ॥७॥**

**શબ્દાર્થ :-**

**द्रङ्गति** - દ્રંગ નામના નગર જેવું આચરે છે (અહીં) દ્રંગ નામના નગરરૂપ થાય છે. (द्रङ्गः इव आचरति इति क्विप्[A] - द्रङ्ग નામધાતુ વ.કા.ત્રી.પુ.એ.વ. द्रङ्ग - નામે નગર)

**गहनम्** - વન (गहन નપું.પ્ર.એ.વ.)

**जलति** - જલ જેવું આચરે છે (અહીં) જલરૂપ થાય છે. (जलम् इव आचरति इति क्विप्[A] जल નામધાતુ વ.કા.ત્રી.પુ.એ.વ.)

---

A. ઉપમાનવાચક કર્તા સૂચક નામને આચાર અર્થમાં क्विप् પ્રત્યય વિકલ્પે થાય છે. (સિ.હે.શ. ૩-૪-૨૫)

**कृशानुः** – અગ્નિ (कृशानु પું.પ્ર.એ.વ.)
**स्थलति** – સ્થળ જેવું આચરે છે (અહીં) સ્થળરૂપ થાય છે. (स्थलम् इव आचरति इति क्विप्[A] स्थल – નામધાતુ વ.કા.ત્રી.પુ.એ.વ.)
**जलधिः** – સમુદ્ર (जलधि પું.પ્ર.એ.વ.)
**अचिरेण** – શીઘ્રપણે (અવ્યય)
**तव** – તારી (युष्मद् સર્વનામ – जिनधर्म [પૂર્વના અનુસંધાનથી] માટે વપરાયેલ – અલિંગ ષ.એ.વ.)
**कृपया** – કૃપા વડે (कृपा સ્ત્રી.તૃ.એ.વ.)
**अखिलकामितसिद्धिः** – સર્વ ઇચ્છિત વસ્તુની સિદ્ધિ (अखिलकामितसिद्धि સ્ત્રી.પ્ર.એ.વ.)
**बहुना** – ઘણા [બીજા] વડે (बहु – पर નું વિ. પું.નપું.તૃ.એ.વ.)
**किम्** – સર્યું, શું (અવ્યય)
**परेण** – અન્ય વડે (पर સર્વનામ – जिनधर्मથી અન્ય માટે વપરાયેલ પું.તૃ.એ.વ.)

**અર્થ :-** (હે જિનધર્મ !) તારી કૃપા વડે વન દ્રંગ નામે નગરરૂપ થાય છે. અગ્નિ જલરૂપ થાય છે, સમુદ્ર સ્થલરૂપ થાય છે (અને) ટૂંક સમયમાં સર્વ ઇચ્છિતની સિદ્ધિ થાય છે. બીજા ઘણા વડે ખરેખર સર્યું.

**ખંડાન્વય :-** द्रङ्गति ।
किम् द्रङ्गति ? ........ गहनम् ।
कया द्रङ्गति ? ........ कृपया ।
कस्य कृपया ? ........ तव ।
जलति ।
कः जलति ? ........ कृशानुः ।
स्थलति ।
कः स्थलति ? ........ जलधिः ।
(અધ્યાહારથી) भवति ।
कः भवति ? ........ अखिलकामितसिद्धिः ।
कथम् भवति ? ........ अचिरेण ।

---

A. જુઓ પાના નં. ૭૪ ટીપ્પણી-A

नु किम्।

केन नु किम् ? .................................................. परेण।

परेण केन ? .................................................. बहुना।

**સમાસ :-**

- अखिलानि च अमूनि कामितानि च इति अखिलकामितानि । (વિ.પૂ.ક.)
  अखिलकामितानाम् सिद्धिः इति **अखिलकामितसिद्धिः** । (ષ.ત.)

**इह यच्छसि सुखमुदितदशाङ्गं, प्रेत्येन्द्रादिपदानि ।**
**क्रमतो ज्ञानादीनि च वितरसि, निःश्रेयससुखदानि ॥८॥**

(Small numerals over the words — line 1: इह १, यच्छसि ६, सुखम् ३, उदितदशाङ्गं २, प्रेत्य ४, इन्द्रादिपदानि ५; line 2: क्रमतो ८, ज्ञानादीनि १०, च ७, वितरसि ११, निःश्रेयससुखदानि ९)

**શબ્દાર્થ :-**

**यच्छसि** - તું આપે છે (दा(यच्छ्) ગણ ૧ પરસ્મૈ. વ.કા.બી.પુ.એ.વ.)

**उदितदशाङ्गम्** - ઉદય પામેલા (અહીં) વૃદ્ધિ પામતા દશ અંગો જેમાં છે એવું [સુખ] (उदितदशाङ्ग - सुख નું વિ. નપું.દ્વિ.એ.વ.)

**प्रेत्य** - (પરભવમાં) જઈને (प्र+इ ગણ ૧ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**इन्द्रादिपदानि** - ઈન્દ્રાદિક પદવીઓને (इन्द्रादिपद નપું.દ્વિ.બ.વ.)

**क्रमतः** - અનુક્રમે (क्रमात् इति क्रम + तस् - અવ્યય)

**ज्ञानादीनि** - જ્ઞાન વગેરેને (ज्ञानादि નપું.દ્વિ.બ.વ.)

**वितरसि** - તું આપે છે (वि+तॄ ગણ ૧ પરસ્મૈ. વ.કા.બી.પુ.એ.વ.)

**निःश्रेयससुखदानि** - મોક્ષ સુખને આપનાર [જ્ઞાનાદિ]ને (निःश्रेयससुखद નપું.દ્વિ. બ.વ.)

**અર્થ :-** અહીં (આ ભવમાં) (ધન, આરોગ્ય, ઈન્દ્રિયોની અવિકળતા વગેરે) દશ અંગો જેમાં વૃદ્ધિ પામેલા છે એવા સુખને (અને) (પરભવમાં) જઈને ઈન્દ્રાદિક પદવીઓને તું આપે છે અને અનુક્રમે મોક્ષના સુખને આપનાર જ્ઞાનાદિ (જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ)ને તું આપે છે.

**ખંડાન્વય :-** यच्छसि।

कानि यच्छसि ? .......................................... इन्द्रादिपदानि।

किम् प्रकृत्य ? .................................................. प्रेत्य।

पुनः किम् यच्छसि ? .................................................. सुखम्।

कथम्भूतम् सुखम् ? ........................................ उदितदशाङ्गम् ।
कुत्र ? ........................................................ इह ।
वितरसि ।
कानि वितरसि ? ............................................ ज्ञानादीनि ।
कथम्भूतानि ज्ञानादीनि ? ..................................निःश्रेयससुखदानि ।
कथम् ? ................................................ क्रमतः ।
कथम् ? .................................................... च ।

સમાસ :-

- दश च अमूनि अङ्गानि च इति दशाङ्गानि । (વિ.પૂ.ક.)
  उदितानि दशाङ्गानि यस्मिन् तद् इति **उदितदशाङ्गम्** । (સ.બ.) तद् ।
- इन्द्रः आदौ येषाम् तानि इति इन्द्रादीनि । (વ્य.બ.)
  इन्द्रादीनि च अमूनि पदानि च इति **इन्द्रादिपदानि** । (વિ.પૂ.ક.) तानि ।
- ज्ञानम् आदौ येषाम् तानि इति ज्ञानादीनि । (વ્ય.બ.) तानि ।
- निश्चितम् श्रेयः इति निःश्रेयसः[A] । (પ્રાદિ ત.)
  निःश्रेयसस्य सुखम् इति निःश्रेयससुखम् । (ષ.ત.)
  निःश्रेयससुखम् ददति इति **निःश्रेयससुखदानि** । (ઉ.ત.) तानि ।

**सर्वतन्त्रनवनीत[१] ! सनातन[२] ! सिद्धिसदनसोपान[३] !**
**जय[६] जय[७] विनयवतां[४] प्रतिलम्भितशान्तसुधारसपान[५] ! ॥९॥**

શબ્દાર્થ :-

**सर्वतन्त्रनवनीत !** - હે સર્વ શાસ્ત્રોના માખણરૂપ ! [હે જિનધર્મ !] (सर्वतन्त्रनवनीत - जिनधर्म (પૂર્વના શ્લોકના અનુસંધાનથી)નું વિ. નપું.સં.એ.વ.)

**सनातन !** - હે શાશ્વત, ત્રિકાલસ્થાયી [હે જિનધર્મ !] (सनातन - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**सिद्धिसदनसोपान !** - હે મોક્ષમંદિરના પગથિયારૂપ [હે જિનધર્મ !] (सिद्धिसदन-सोपान - जिनधर्म નું વિ. નપું.સં.એ.વ.)

**जय** - તું જય પામ. (जि ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.)

**विनयवताम्** - વિનયવાળા લોકોને (विनयवत् - विनयः अस्ति एषाम् इति विनय +

---

A. તત્પુરુષ સમાસમાં निस् ની પછી श्रेयस् આવે તો તેને अत् સમાસાંત થાય છે. (સિ.હે.શ. ૭-૩-૧૨૨)

(तद्धितના) मत्(मतु)ના म् નો व् પું.ષ.બ.વ.)

**प्रतिलम्भितशान्तसुधारसपान** ! - પ્રાપ્ત કરાવાયેલ છે શાંતસુધારસનું પાન જેના વડે એવા, શાંતિરૂપી અમૃતરસના પાનને પ્રાપ્ત કરાવનાર [હે જિનધર્મ !] (प्रतिलम्भितशान्तसुधारसपान - जिनधर्म નું વિ. પું.સં.એ.વ.)

**અર્થ** :- હે સર્વ શાસ્ત્રોના માખણરૂપ ! સનાતન ! સિદ્ધિમંદિરના પગથિયા રૂપ ! વિનયવાન આત્માઓને શાંતસુધારસનું પાન કરાવનાર ! (જિનધર્મ !) તું જય પામ. તું જય પામ.

**ખંડાન્વય** :-

जय।

जय।

किम् सम्बोधने ? ................ (અધ્યાહારથી) (जिनधर्म !)

कथम्भूत ! जिनधर्म ! ? ................ प्रतिलम्भितशान्तसुधारसपान !

केषाम् प्रतिलम्भितशान्तसुधारसपान ! ? ................................ विनयवताम्।

पुनः कथम्भूत ! जिनधर्म ! ? ............................सिद्धिसदनसोपान।

पुनः कथम्भूत ! जिनधर्म ! ? ..........................................सनातन !

पुनः कथम्भूत ! जिनधर्म ! ? ................................ सर्वतन्त्रनवनीत !

**સમાસ** :-

- सर्वाणि च अमूनि तन्त्राणि च इति सर्वतन्त्राणि। (વિ.પૂ.ક.)
  सर्वतन्त्राणाम् नवनीतम् इव इति **सर्वतन्त्रतनवनीतम्**। (ષ.ત.) तत्सम्बोधनम्।
- *सिद्धिः एव सदनम् इति सिद्धिसदनम्। (અ.પૂ.ક.)*
  सिद्धिसदनस्य सोपानम् इव इति **सिद्धिसदनसोपानम्**। (ષ.ત.) तत्सम्बोधनम्।
- प्रतिलम्भितम् शान्तसुधारसपानम् येन सः इति **प्रतिलम्भितशान्तसुधारसपानः**। (સ.બ.) तत्सम्बोधनम्।

• • •

# ॥ लोकस्वरूपभावना ॥

**सप्ताधोऽधो विस्तृता याः पृथिव्यश्छत्राकाराः सन्ति रत्नप्रभाद्याः ।**
**ताभिः पूर्णो योऽस्त्यधोलोक एतौ, पादौ यस्य व्यायतौ सप्तरज्जू ॥१॥**

**શબ્દાર્થ :-**

**सप्त** - સાત (सप्तन् અલિંગ પ્ર.બ.વ.)

**अधोऽधः** - નીચે નીચે (अधस् + अधस् અવ્યય)

**विस्तृता** - વિસ્તારવાળી (विस्तृता - पृथिवी નું વિશેષણ સ્ત્રી.પ્ર.બ.વ.)

**याः** - જે [પૃથ્વીઓ] (यद् સર્વનામ - पृथिवी માટે વપરાયેલ સ્ત્રી.પ્ર.બ.વ.)

**पृथिव्यः** - પૃથ્વીઓ (पृथिवी સ્ત્રી.પ્ર.બ.વ)

**छत्राकाराः** - છત્રના આકારવાળી [પૃથ્વીઓ] (छत्राकारा - पृथिवी નું વિશેષણ સ્ત્રી.પ્ર.બ.વ.)

**रत्नप्रभाद्याः** - રત્નપ્રભા વગેરે [પૃથ્વીઓ] (रत्नप्रभाद्या - पृथिवी નું વિશેષણ સ્ત્રી.પ્ર.બ.વ.)

**ताभिः** - તે [પૃથ્વીઓ] વડે (तद् સર્વનામ- पृथिवी માટે વપરાયેલ સ્ત્રી.તૃ.બ.વ.)

**पूर्णः** - પૂર્ણ [અધોલોક] (पूर्ण - अधोलोक નું વિ. પું.પ્ર.એ.વ.)

**यः** - જે [અધોલોક] (यद् સર્વનામ - अधोलोक માટે વપરાયેલ પું.પ્ર.એ.વ.)

**एतौ** - એ બે [પગ] (एतद् સર્વનામ - पाद માટે વપરાયેલ પું.પ્ર.દ્વિ વ.)

**पादौ** - બે પગ (पाद - પું.પ્ર.દ્વિ વ.)

**यस्य** - જેના [જે લોક પુરુષના] (यद् સર્વનામ - પાંચમા શ્લોકમાં लोकनामा पुरुषः તેના માટે વપરાયેલ પું.ષ.એ.વ.)

**व्यायतौ** - પહોળા કરેલા [બે પગ] (व्यायत - पाद નું વિ. પું.પ્ર.દ્વિ વ.)

**सप्तरज्जू** - સાત રાજલોક પ્રમાણ [બે પગ] (सप्तरज्जु - व्यायत (पाद) નું વિ. પું.પ્ર. દ્વિ વ.)

**અર્થ :-** નીચે નીચે વિસ્તારવાળી (તેથી) છત્રના આકારવાળી જે રત્નપ્રભા વગેરે સાત પૃથ્વીઓ છે તે (પૃથ્વીઓ)થી પૂર્ણ-વ્યાપ્ત જે અધોલોક છે એ (અધોલોક) જે (લોકપુરુષ)ના સાત રાજ પ્રમાણ પહોળા કરેલા એ બે ચરણરૂપ છે.

**ખંડાન્વય :-** सन्ति ।

काः सन्ति ? ............................................ याः ।

या: का: सन्ति ? ........................................ पृथिव्यः

या: का: पृथिव्यः सन्ति ? ................................. रत्नप्रभाद्याः

याः रत्नप्रभाद्याः कतिपयाः पृथिव्यः ? ........................................ सप्त।

कथम्भूताः पृथिव्यः ? .................................... छत्राकाराः

पुनः कथम्भूताः पृथिव्यः ? ..................................... विस्तृताः।

कथम् विस्तृताः ? ..................................... अधोऽधः

अस्ति।

कः अस्ति ? ............................................... यः।

यः कः अस्ति ? ..................................... अधोलोकः।

कथम्भूतः अधोलोकः ? ............................................ पूर्णः।

काभिः पूर्णः ? .......................................... ताभिः।

(અધ્યાહારથી) (भवतः)।

कौ भवतः ? ............................................... एतौ

एतौ कौ भवतः ? ............................................ पादौ।

एतौ कथम्भूतौ पादौ ? ...................................... व्यायतौ।

कियन्प्रमाणौ व्यायतौ ? ...................................... सप्तरज्जू।

कस्य पादौ ? .............................................. यस्य।

**સમાસ :-**

- छत्रम् इव आकारः यासाम् ताः इति **छत्राकाराः**। (ઉપમાન ઉપમેય બહુવ્રીહિ)
- रत्नप्रभा आद्या यासाम् ताः इति **रत्नप्रभाद्याः**। (સ.બ.)
- अधः लोकः इति **अधोलोकः**। (વિ.પૂ.ક.)
- सप्त रज्जवः ययोः तौ इति **सप्तरज्जू**। (સ.બ.)

१२ ११ १० ९ ८ ७ ५ ६

**तिर्यग्लोको विस्तृतो रज्जुमेकां, पूर्णो द्वीपैरर्णवान्तैरसङ्ख्यैः।**

१३ १ १४ २ ३ ४

**यस्य ज्योतिश्चक्रकाञ्चीकलापं, मध्ये कार्श्यं श्रीविचित्रं कटित्रम् ॥२॥**

**શબ્દાર્થ :-**

**तिर्यग्लोकः** - તિર્ચ્છાલોક (तिर्यग्लोक પું.પ્ર.એ.વ.)

**विस्तृतः** - વિસ્તારવાળો [તિર્ચ્છાલોક] (विस्तृत - तिर्यग्लोक નું વિ. પું.પ્ર.એ.વ.)

**रज्जुम्** - રજ્જુ, રાજ (रज्जु સ્ત્રી.દ્વિ.એ.વ.)

**एकाम्** - એક [રજ્જુ] (एक - रज्जु નું વિશેષણ સ્ત્રી.દ્વિ.એ.વ.)

**पूर्णः** - પૂર્ણ, ભરેલો [તિર્ચ્છાલોક] (पूर्ण - तिर्यग्लोक નું વિ. પું.પ્ર.એ.વ.)

**द्वीपैः** – દ્વીપો વડે (द्वीप પું.તૃ.બ.વ.)

**अर्णवान्तैः** – સમુદ્ર છે અંતે જેને એવા [દ્વીપો વડે] (अर्णवान्त – द्वीप નું વિ. પું.તૃ. બ.વ.)

**असङ्ख्यैः** – અસંખ્ય [દ્વીપો વડે] (असङ्ख्य પું.તૃ.બ.વ.)

**यस्य** – જે (લોક પુરુષ)ના (यद् સર્વનામ - પાંચમા શ્લોકમાં लोकनामा पुरुष માટે વપરાયેલ પું.ષ.એ.વ.)

**ज्योतिश्चक्रकाञ्चीकलापम्** – (સૂર્ય, ચંદ્રાદિ) જ્યોતિશ્ચક્ર રૂપ કાંચી (કેડનું આભૂષણ) ના સમૂહરૂપ [ઉદર] (ज्योतिश्चक्रकाञ्चीकलाप – कटित्र નું વિ. નપું.પ્ર.એ.વ.)

**मध्ये** – વચ્ચે (मध्य પું.સ.એ.વ.)

**कार्श्यम्** – પાતળું [ઉદર] (कार्श्य – कटित्र નું વિ. નપું.પ્ર.એ.વ.)

**श्रीविचित्रम्** – (દેવો, મનુષ્યોના નગર, પર્વતો, વાટિકા, નદી, હાથીશાળા આદિ) લક્ષ્મી વડે વિચિત્ર (શોભતું) [ઉદર] (श्रीविचित्र – कटित्र નું વિ. નપું.પ્ર. એ.વ.)

**कटित्रम्** – ઉદર (कटित्र-तिर्यग्लोक ની ઉપમારૂપ વિશેષણ નપું.પ્ર.એ.વ.)

**અર્થ :-** (સૂર્ય, ચંદ્રાદિ) જ્યોતિશ્ચક્રરૂપ જે કાંચી તેના સમૂહરૂપ, પાતળા, (દેવ, મનુષ્યના નગર વગેરે રૂપ) લક્ષ્મી વડે શોભતા ઉદરરૂપ સમુદ્ર જેને અંતે છે એવા અસંખ્ય દ્વીપોથી પૂર્ણ એક રજ્જુ વિસ્તૃત (લાંબો પહોળો) તિર્ચ્છાલોક જે (લોકપુરુષ)ના મધ્યે છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (अस्ति) ।

कस्मिन् अस्ति ? .................... मध्ये ।
कस्य मध्ये ? .................... यस्य ।
कः अस्ति ? .................... तिर्यग्लोकः ।
कथम्भूतः तिर्यग्लोकः ? .................... विस्तृतः ।
काम् विस्तृतः ? .................... रज्जुम् ।
कतिपयाम् रज्जुम् ? .................... एकाम् ।
पुनः कथम्भूतः तिर्यग्लोकः ? .................... पूर्णः ।
कैः पूर्णः ? .................... द्वीपैः ।
कतिपयैः द्वीपैः ? .................... असङ्ख्यैः ।
कथम्भूतैः द्वीपैः ? .................... अर्णवान्तैः ।
किम् तिर्यग्लोकः अस्ति ? .................... कटित्रम् ।

कथम्भूतम् कटित्रम् ? .......................................... श्रीविचित्रम्।

पुनः कथम्भूतम् कटित्रम् ? .................................................. कार्श्यम्।

पुनः कथम्भूतम् कटित्रम् ? ............................ ज्योतिश्चक्रकाञ्चीकलापम्।

**સમાસ :-**

- तिर्यक् च असौ लोकः च इति **तिर्यग्लोकः** । (વિ.પૂ.ક.)
- अर्णवः अन्ते येषाम् ते इति **अर्णवान्ताः** । (વ્ય.બ.) तैः ।
- न विद्यते सङ्ख्या येषाम् ते इति **असङ्ख्याः** । (નञ् બ.) तैः ।
- ज्योतिषाम् चक्रम् इति ज्योतिश्चक्रम् । (ष.त.)
  काञ्चीनाम् कलापम् इति काञ्चीकलापम् । (ष.त.)
  ज्योतिश्चक्रम् एव काञ्चीकलापम् इति **ज्योतिश्चक्रकाञ्चीकलापम्** । (અ.પૂ.ક.)
- श्रिया विचित्रम् इति **श्रीविचित्रम्** । (तृ.त.)
- कटिम् त्रायते इति **कटित्रम्** । (ઉ.ત.)

**लोके[A]ऽथोऽर्ध्वे ब्रह्मलोके द्युलोके, यस्य व्याप्तौ कूर्परौ पञ्चरज्जू ।**
**लोकस्यान्तो विस्तृतो रज्जुमेकां, सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ॥३॥**

**શબ્દાર્થ :-**

**लोके** - લોકમાં (लोक પું.સ.એ.વ.)

**ऊर्ध्वे** - ઉપર, ઊર્ધ્વ [લોક]માં (ऊर्ध्व - लोक નું વિશેષણ) પું.સ.એ.વ.

**ब्रह्मलोके** - બ્રહ્મલોક (નામે પાંચમા દેવલોક)માં (ब्रह्मलोक - द्युलोक નું નામ પું.સ. એ.વ.)

**द्युलोके** - દેવલોકમાં (द्युलोक પું.સ.એ.વ.)

**यस्य** - જેનો [લોકપુરુષનો] (यद् સર્વનામ - પાંચમા શ્લોકમાં लोकनामा पुरुषः માટે વપરાયેલ પું.ષ.એ.વ.)

**व्याप्तौ** - વ્યાપ્ત [બે કોણીઓ] (व्याप्त - वि+आप् ગણ ૫ પરસ્મૈ. ભૂ.કૃ. - कर्पूर નું વિશેષણ પું.પ્ર.દ્વિ વ.)

**कूर्परौ** - બે કોણીઓ (कर्पूर પું.પ્ર.દ્વિ વ.)

**पञ्चरज्जू** - પાંચ રાજ [વ્યાપ્ત] (पञ्चरज्जु - व्याप्त - कर्पूर નું વિ. પું.પ્ર.દ્વિ વ.)

**अन्तः** - અંતભાગ, છેડો (अन्त પું.પ્ર.એ.વ.)

**विस्तृतः** - વિસ્તૃત, વિસ્તારવાળો (विस्तृत - अन्त નું વિ. પું.પ્ર.એ.વ.)

**रज्जुम्** - રજ્જુ, રાજ (रज्जु - સ્ત્રી.દ્વિ એ.વ.)

---

A. लोकोऽथोऽर्ध्वे એવો પણ પાઠ મળે છે.

**एकाम्** - એક [રાજ] (एका - एक સર્વનામ - रज्जु માટે વપરાયેલ + સ્રી.નો आ(आप्) સ્રી.દ્વિ.એ.વ.)

**सिद्धज्योतिश्चित्रकः** - સિદ્ધોરૂપ જ્યોતિના તિલકવાળો [મુગટ] (सिद्धज्योतिश्चित्रक - પું.પ્ર.એ.વ.)

**मौलिः** - મુગટ (मौलि - પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** હવે ઉર્ધ્વલોકમાં બ્રહ્મલોક નામે દેવલોકમાં જે (લોકપુરુષ)ની બે કોણીઓ પાંચ રાજલોક પહોળી છે, જે લોકનો અંતભાગ (ઉપર) એક રાજલોક વિસ્તારવાળો છે (અને) જે (લોકપુરુષ)નો મુગટ સિદ્ધ ભગવંતોરૂપ જ્યોતિના તિલકવાળો છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (स्तः)।

कौ स्तः ? ........ कूर्परौ।
कूर्परौ कीदृशौ स्तः ? ........ व्याप्तौ।
कूर्परौ किम् प्रमाणौ व्याप्तौ ? ........ पञ्चरज्जू।
कस्य कूर्परौ ? ........ यस्य।
कस्मिन् व्याप्तौ ? ........ द्युलोके।
कस्मिन् द्युलोके ? ........ ब्रह्मलोके।
कस्मिन् ब्रह्मलोके द्युलोके ? ........ लोके।
कस्मिन् लोके ? ........ ऊर्ध्वे।
कथम् ? ........ अथ।

(અધ્યાહારથી) (अस्ति)।

कः अस्ति ? ........ अन्तः।
कस्य अन्त ? ........ यस्य।
यस्य कस्य ? ........ लोकस्य।
अन्तः कीदृशः अस्ति ? ........ विस्तृतः।
काम् विस्तृतः ? ........ रज्जुम्।
कतिपयाम् रज्जुम् ? ........ एकाम्।

(અધ્યાહારથી) (अस्ति)।

कः अस्ति ? ........ मौलिः।
कस्य मौलिः ? ........ यस्य।
मौलिः कीदृशः अस्ति ? ........ सिद्धज्योतिश्चित्रकः।

**સમાસ :-**

- दिवाम् लोकः इति **द्युलोकः** । (ष.त.) तस्मिन् ।
- पञ्च रज्जवः ययोः तौ इति **पञ्चरज्जू** । (સ.બ.)
- [A]सिद्धाः एव ज्योतिः इति सिद्धज्योतिः । (અ.પૂ.ક.)

  सिद्धज्योतिः एव चित्रकः (તિલક) इति **सिद्धज्योतिश्चित्रकः** । (અ.પૂ.ક.)

**यो वैशाखस्थानकस्थायिपादः, श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।**
**कालेऽनादौ शश्वदूर्ध्वन्दमत्वाद्बिभ्राणोऽपि श्रान्तमुद्रामखिन्नः ॥४॥**

**શબ્દાર્થ :-**

**यः** - જે [લોકપુરુષ] (यद् સર્વનામ - પાંચમા શ્લોકમાં लोकनामा पुरुषः માટે વપરાયેલ પું.પ્ર.એ.વ.)

**वैशाखस्थानकस्थायिपादः** - વૈશાખ સ્થાનક(સમરૂપે બે પગ જેમાં સ્થપાય તે)માં સ્થિર કર્યા છે પગ જેણે એવો [જે લોકપુરુષ] (वैशाखस्थानकस्थायिपाद - यद् નું વિશેષણ પું.પ્ર.એ.વ.)

**श्रोणीदेशे** - કેડ ઉપર (श्रोणीदेश પું.સ.એ.વ.)

**न्यस्तहस्तद्वयः** - સ્થાપન કર્યા છે બે હાથ જેણે એવો [જે લોકપુરુષ] (न्यस्तहस्तद्वय - यद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**काले** - કાલમાં (काल પું.સ.એ.વ.)

**अनादौ** - અનાદિ [કાલમાં] (अनादि - काल નું વિ. પું.સ.એ.વ.)

**शश्वत्** - નિરંતર (અવ્યય)

**ऊर्ध्वन्दमत्वात्** - ઊભો - સ્થિર રહેલો હોવાથી (उर्ध्वन्दमत्व નપું.પં.એ.વ.)

**बिभ्राण** - ધારણ કરતો [જે લોકપુરુષ] (बिभ्राण - भृ ગણ ૩ ઉભયપદી કર્તરિ વ.કૃ. - यद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**श्रान्तमुद्राम्** - પરિશ્રમવાળી મુદ્રાને (श्रान्तमुद्रा સ્ત્રી.દ્વિ.એ.વ.)

**अखिन्नः** - ખેદ રહિત [જે લોકપુરુષ] (अखिन्न - यद् નું વિ. પું.પ્ર.એ.વ.)

**અર્થ :-** વૈશાખસ્થાનકમાં પગને સ્થિર કરનાર અને કેડ ઉપર બે હાથ સ્થાપન કરનાર જે અનાદિકાળથી નિરંતર ઊભો = સ્થિર હોવાથી પરિશ્રમવાળી મુદ્રાને ધારણ કરતો હોવા છતાં પણ ખેદ રહિત છે.

---

A. (ટીકા મુજબ) सिद्धज्योतिषा चित्रकः (शोभितः) इति **सिद्धज्योतिश्चित्रकः** । (તૃ.ત.)

**ખંડાન્વય :-** अखिन्नः ।

| | |
|---|---|
| कः अखिन्नः ? | यः । |
| यः किम् कुर्वाणः अपि अखिन्नः ? | बिभ्राणः अपि । |
| काम् बिभ्राणः ? | श्रान्तमुद्राम् । |
| कस्मात् श्रान्तमुद्राम् ? | ऊर्ध्वन्दमत्वात् । |
| कथम् ऊर्ध्वन्दमत्वात् ? | शश्वत् । |
| कस्मिन् ऊर्ध्वन्दमत्वात् ? | काले । |
| कथम्भूते काले ? | अनादौ । |
| पुनः कथम्भूतः यः ? | न्यस्तहस्तद्वयः । |
| कस्मिन् च न्यस्तहस्तद्वयः ? | श्रोणीदेशे च । |
| पुनः कथम्भूतः यः ? | वैशाखस्थानकस्थायिपादः । |

**સમાસ :-**

- वैशाखः नाम यस्य तद् इति वैशाखनाम । (સ.બ.)
  वैशाखनाम च अदः स्थानकम् च इति वैशाखस्थानकम् । (મ.ક.)
  वैशाखस्थानके स्थायिनौ इति वैशाखस्थानकस्थायिनौ । (સ.ત.)
  वैशाखस्थानकस्थायिनौ पादौ यस्य सः इति **वैशाखस्थानकस्थायिपादः** । (સ.બ.)
- श्रोणेः देशः इति **श्रोणीदेशः** । (ષ.ત.)
- हस्तयोः द्वयम् इति हस्तद्वयम् । (ષ.ત.)
  न्यस्तम् हस्तद्वयम् यस्य सः इति **न्यस्तहस्तद्वयः** । (સ.બ.)
- न विद्यते आदिः यस्य सः इति **अनादिः** । (નञ् બ.) तस्मिन् ।
- ऊर्ध्वम् दमः इति ऊर्ध्वन्दमः । (નામનો નામ સાથે સમાસ)
  ऊर्ध्वन्दमस्य भावः इति **ऊर्ध्वन्दमत्वम्** । (ભાવ અર્થમાં તદ્ધિતનો त्व પ્રત્યય)
- न खिन्नः इति **अखिन्नः** । (નञ् ત.)
- श्रान्ता च असौ मुद्रा च इति **श्रान्तमुद्रा** । (વિ.પૂ.ક.) ताम् ।

**सो(१)ऽयं(२) ज्ञेयः(५) पूरुषो(४) लोकनामा(३), षड्द्रव्यात्मा(६)ऽकृत्रिमो(७)ऽनाद्यनन्तः(८) ।**
**धर्माधर्माकाशकालात्मसञ्ज्ञैर्द्रव्यैः(९)(१०) पूर्णः(१४) सर्वतः(१३) पुद्गलैश्च(११)(१२) ॥५॥**

**શબ્દાર્થ :-**

**सः** – તે (तद् સર્વનામ - लोकनामा पूरुष માટે વપરાયેલ પું.પ્ર.એ.વ.)

**ज्ञेयः** – જાણવા યોગ્ય [લોક પુરુષ] (ज्ञेय – लोकनामा पूरुष નું વિશેષણ ज्ञा(जा) + વિધ્યર્થ કૃદંત य – પું.પ્ર.એ.વ.).

**पूरुषः** - પુરુષ (पूरुष પું.પ્ર.એ.વ.)
**लोकनामा** - લોક નામે [પુરુષ] (लोकनामन् - पूरुष નું વિશેષણ પું.પ્ર.એ.વ.)
**षड्द्रव्यात्मा** - ષડ્દ્રવ્યાત્મક [લોકપુરુષ] (षड्द्रव्यात्मन् - लोकनामा पूरुष નું વિ. પું.પ્ર.એ.વ.)
**अकृत्रिमः** - અકૃત્રિમ, સ્વાભાવિક (अकृत्रिम - लोकनामा पूरुष નું વિ. પું.પ્ર. એ.વ.)
**अनाद्यनन्तः** - અનાદિ અનંત [લોકપુરુષ] (अनाद्यनन्त - लोकनामा पूरुष નું વિ. પું.પ્ર.એ.વ.)
**धर्माधर्माकाशकालात्मसञ्ज्ञैः** - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, આત્મા (જીવાસ્તિકાય) એ નામવાળા [દ્રવ્યો વડે] (धर्माधर्माकाश-कालात्मसञ्ज्ञ - द्रव्य નું વિ. નપું.તૃ.બ.વ.)
**द्रव्यैः** - દ્રવ્યો વડે (द्रव्य નપું.તૃ.બ.વ.)
**पूर्णः** - પૂર્ણ [લોકપુરુષ] (पूर्ण - लोकनामा पूरुष નું વિ. પું.પ્ર.એ.વ.)
**सर्वतः**- ચારે બાજુથી (सर्व + तस् (तद्धितनो) - અવ્યય)
**पुद्गलैः** - પુદ્ગલો વડે (पुद्गल પું.તૃ.બ.વ.)

**અર્થ :-** તે આ લોક નામનો પુરુષ જાણવો. (તે) ષડ્દ્રવ્યાત્મક, અકૃત્રિમ (સ્વાભાવિક), અનાદિ અનંત, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, જીવાસ્તિકાય નામના દ્રવ્યો અને પુદ્ગલો વડે ચારે તરફથી પૂર્ણ (ભરેલો) છે.

**ખંડાન્વય :-** ज्ञेयः ।
कः ज्ञेयः ? ........................ सः ।
सः कः ज्ञेयः ? ........................ अयम् ।
सः अयम् कः ज्ञेयः ? ........................ पूरुषः ।
सः अयम् कः पूरुषः ज्ञेयः ? ........................ लोकनामा ।
(અધ્યાહારથી) (अस्ति) ।
कः अस्ति ? ........................ (અધ્યાહારથી) सः ।
सः कथम्भूतः अस्ति ? ........................ पूर्णः ।
सः कुतः पूर्णः अस्ति ? ........................ सर्वतः ।
कैः च पूर्णः अस्ति ? ........................ पुद्गलैः च ।

पुनः कैः पूर्णः ? .................................................. द्रव्यैः ।
कैः द्रव्यैः पूर्णः ? ......................... धर्माधर्माकाशकालात्मसञ्ज्ञैः ।
सः पुनः कथम्भूतः अस्ति ? ........................................... अनाद्यनन्तः ।
सः पुनः कथम्भूतः अस्ति ? .............................................. अकृत्रिमः ।
सः पुनः कथम्भूतः अस्ति ? ........................................... षड्द्रव्यात्मा ।

સમાસ :-

- लोकः नाम यस्य सः इति **लोकनामा** । (સ.બ.)
- षट् च तानि द्रव्याणि च इति षड्द्रव्याणि । (વિ.પૂ.ક.)
  षड्द्रव्याणि आत्मा यस्य सः इति **षड्द्रव्यात्मा** । (સ.બ.)
- न कृत्रिमः इति **अकृत्रिमः** । (નञ् ત.)
- न विद्यते आदिः यस्य सः इति अनादिः । (નञ् બ.)
  न विद्यते अन्तः यस्य सः इति अनन्तः । (નञ् બ.)
  अनादिः च असौ अनन्तः च इति **अनाद्यनन्तः** । (વિશેષણ ઉભયપદ કર્મધારય)
- धर्मः च अधर्मः च आकाशः च कालः च आत्मा च इति धर्माधर्माकाशकालात्मानः । (ઇ.દ્વ.)
  धर्माधर्माकाशकालात्मानः सञ्ज्ञाः येषाम् तानि इति **धर्माधर्माकाशकालात्म-सञ्ज्ञानि** । (સ.બ.) तैः ।

११ ७ १० ५ ६ ८ ९
**रङ्गस्थानं पुद्गलानां नटानां, नानारूपैर्नृत्यतामात्मनां च ।**
२ ३ ४ १
**कालोद्योगस्वस्वभावादिभावैः, कर्मातोद्यैर्नर्तितानां नियत्या ॥६॥**

શબ્દાર્થ :-

**रङ्गस्थानम्** - રંગસ્થાન, નાટકશાળા (रङ्गस्थान નપું.પ્ર.એ.વ.)
**पुद्गलानाम्** - પુદ્ગલોનું (पुद्गल પું.ષ.બ.વ.)
**नटानाम्** - નટોનું (नट પું.ષ.બ.વ.)
**नानारूपैः** - વિવિધ રૂપો વડે (नानारूप પું.તૃ.બ.વ.)
**नृत्यताम्** - નાચતા (नृत् ગણ ૪ પરસ્મૈ. કર્તરિ વ.કૃ. - पुद्गल નું વિ. પું.ષ.બ.વ.)
**आत्मनाम्** - આત્માઓનું, જીવોનું (आत्मन् પું.ષ.બ.વ.)
**कालोद्योगस्वस्वभावादिभावैः** - કાળ, ઉદ્યોગ, સ્વસ્વભાવ વગેરે ભાવો વડે (कालोद्योगस्वस्वभावादिभाव પું.તૃ.બ.વ.)
**कर्मातोद्यैः** - કર્મરૂપ વાજિંત્રો વડે (कर्मातोद्य પું.તૃ.બ.વ.)
**नर्तितानाम्** - નચાવાયેલા (नर्तित - नृत् ગણ ૪ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग्) કર્મણિ

ભૂ.કૃ. પું.ષ.બ.વ.)

**नियत्या** - નિયતિ વડે (नियति સ્રી.તૃ.એ.વ.)

**અર્થ :-** નિયતિ (મૂળ સૂત્રધાર) વડે, કાલ પુરુષાર્થ સ્વસ્વભાવ વગેરે ભાવો વડે (અને) કર્મોરૂપ વાજિંત્રો વડે નચાવાયેલ (તથા) વિવિધ રૂપોવડે (વિવિધ રૂપો ધારણ કરવા વડે) નૃત્ય કરતા પુદ્ગલો અને જીવો રૂપ નટોનું (આ લોકપુરુષ) રંગસ્થાન છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (अस्ति)।

कः अस्ति ?....... (ઉપરની ગાથાના અનુસંધાનથી) (अयम् लोकनामा पूरुषः)।

लोकनामा पूरुषः किम् अस्ति ?............................................ रङ्गस्थानम्।

केषाम् रङ्गस्थानम् ?............................................ नटानाम्।

केषाम् च नटानाम् ?............................................ आत्मनाम्।

पुनः केषाम् नटानाम् ?............................................ पुद्गलानाम्।

किम् कुर्वताम् नटानाम् ?............................................ नृत्यताम्।

कैः नृत्यताम् ?............................................ नानारूपैः।

पुनः कथम्भूतानाम् नटानाम् ?............................................ नर्तितानाम्।

कया नर्तितानाम् ?............................................ नियत्या।

नियत्या कैः नर्तितानाम् ?...................... कालोद्योगस्वस्वभावादिभावैः।

नियत्या पुनः कैः नर्तितानाम् ?............................................ कर्मातोद्यैः।

**સમાસ :-**

- रङ्गस्य स्थानम् इति **रङ्गस्थानम्**। (ષ.ત.)
- नाना च अमूनि रूपाणि च इति **नानारूपाणि**। (વિ.પૂ.ક.) तैः।
- स्वस्य भावः इति स्वभावः। (ષ.ત.)
  स्वस्य स्वभावः इति स्वस्वभावः। (ષ.ત.)
  कालः च उद्योगः च स्वस्वभावः च इति कालोद्योगस्वस्वभावाः। (ઇ.દ્વ.)
  कालोद्योगस्वस्वभावाः आदौ येषाम् ते इति कालोद्योगस्वस्वभावादयः। (વ્ય.બ.)
  कालोद्योगस्वस्वभावादयः च अमी भावाः च इति **कालोद्योगस्वस्वभावादि-भावाः**। (વિ.પૂ.ક.) तैः।
- कर्माणि एव आतोद्यानि इति **कर्मातोद्यानि**। (અ.પૂ.ક.) तैः।

**एवं लोको भाव्यमानो विविक्त्या, विज्ञानां स्यान्मानसस्थैर्यहेतुः ।**
**स्थैर्यं प्राप्ते मानसे चात्मनीना, सुप्राप्यैवाध्यात्मसौख्यप्रसूतिः ॥७॥**

**શબ્દાર્થ :-**

**भाव्यमानः** - ભાવના કરાતો [લોક] (भू ગણ ૧ પરસ્મૈ. + પ્રેરકનો णि(णिग्) + કર્મણિનો य(क्य) + વર્તમાનકૃદંતનો आन(आनश्) - लोक નું વિ. પું.પ્ર.એ.વ.)

**विविक्त्या** - વિવેક વડે (विविक्ति - સ્ત્રી.તૃ.એ.વ.)

**विज्ञानाम्** - જ્ઞાનવાળા જીવોના (विज्ञ પું.ષ.બ.વ.)

**स्यात्** - થાય (अस् ગણ ૨ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)

**मानसस्थैर्यहेतुः** - મનના ધ્યાનની સ્થિરતાનું કારણ (मानसस्थैर्यहेतु - लोक નું વિ. પું.પ્ર.એ.વ.)

**स्थैर्यम्** - સ્થિરતા (स्थैर्य - स्थिरस्य भावः इति (તદ્ધિત) નપું.દ્વિ.એ.વ.)

**प्राप्ते** - પ્રાપ્ત કરે છતે (प्राप्त - प्र+आप् ગણ ૫ પરસ્મૈ. કર્તરિ ભૂ.કૃ. પું.સ.એ.વ. (સતિ સપ્તમી))

**मानसे** - મનમાં (मानस - मनः एव इति मनस् + अण् (તદ્ધિત) નપું.સ.એ.વ.)

**आत्मनीना** - આત્માનું હિત કરનાર [આત્મસુખની ઉત્પત્તિ] (आत्मनीना - आत्मनीन + સ્ત્રી.નો (आ(आप्) - अध्यात्मसौख्यप्रसूति નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**सुप्राप्या** - સુખપૂર્વક પામી શકાય એવી [અધ્યાત્મ સુખની ઉત્પત્તિ] (सु+प्र+आप् ગણ ૫ પરસ્મૈ. + વિધ્યર્થકૃદંતનો य + સ્ત્રી.નો आ(आप्) - सुप्राप्या - अध्यात्म-सौख्यप्रसूति નું વિશેષણ સ્ત્રી.પ્ર.એ.વ.)

**अध्यात्मसौख्यप्रसूतिः** - આધ્યાત્મિક સુખની ઉત્પત્તિ (अध्यात्मसौख्यप्रसूति સ્ત્રી.પ્ર. એ.વ.)

**અર્થ :-** ઉપર કહ્યા પ્રમાણે વિવેકથી ભાવના કરાતો લોક વિદ્વાન લોકોના મનોધ્યાનની સ્થિરતાનું કારણ થાય અને મનસંબંધી સ્થિરતાને પ્રાપ્ત કરે છતે આત્મહિત કરનારી અધ્યાત્મિક સુખની ઉત્પત્તિ સુખપૂર્વક પ્રાપ્ત કરી જ શકાય છે. (હાથવેંતમાં જ છે.)

**ખંડાન્વય :-** स्यात् ।

कः स्यात् ? .................................... लोकः ।
लोकः कीदृशः स्यात् ? ......................... मानसस्थैर्यहेतुः ।
केषाम् मानसस्थैर्यहेतुः ? ................................ विज्ञानाम् ।
कथम्भूतः लोकः ? .............................. भाव्यमानः ।

कया भाव्यमानः ? ................................ विविक्त्या ।

कथम् ? ...................................... एवम् ।

सुप्राप्या एव ।

का सुप्राप्या एव ? ..................अध्यात्मसौख्यप्रसूतिः ।

कथम्भूता अध्यात्मसौख्यप्रसूतिः ? ............................. आत्मनीना ।

किम् सति अध्यात्मसौख्यप्रसूतिः सुप्राप्या ? ............................ प्राप्ते (सति) ।

किम् प्राप्ते सति ? .................................... स्थैर्यम् ।

कस्मिन् प्राप्ते सति ? ...................................... मानसे ।

कथम् ? ......................................... च ।

**સમાસ :-**

- मनसि भवम् इति मानसम् । (તદ્ધિત)
  मानसस्य स्थैर्यम् इति मानसस्थैर्यम् । (ષ.ત.)
  मानसस्थैर्यस्य हेतुः इति **मानसस्थैर्यहेतुः** । (ષ.ત.)
- आत्मनः अधि इति अध्यात्मम् । (અવ્યયીભાવ)
  अध्यात्मम् च अदः सौख्यम् च इति अध्यात्मसौख्यम् । (વિ.પૂ.ક.)
  अध्यात्मसौख्यस्य प्रसूतिः इति **अध्यात्मसौख्यप्रसूतिः** । (ષ.ત.)

## ॥ गेयाष्टकम् ॥

**[१]विनय ! [७]विभावय [४]शाश्वतं, [६]हृदि [५]लोकाकाशम् ।**
**[२]सकलचराचरधारणे [३]परिणमदवकाशम् ॥१॥**

**શબ્દાર્થ :-**

**शाश्वतम्** - શાશ્વત, અવિનશ્વર [લોકાકાશ] (शाश्वत - लोकाकाश નું વિ. પું.નપું. દ્વિ.એ.વ.)

**लोकाकाशम्** - લોકાકાશને (लोकाकाश પું.નપું.દ્વિ.એ.વ.)

**सकलचराचरधारणे** - સમગ્ર સ્થાવર અને જંગમને (જીવ અને અજીવોને) ધારણ કરવામાં (सकलचराचरधारण નપું.સ.એ.વ.)

**परिणमदवकाशम्** - (તે તે દ્રવ્યના આકારમાં) પરિણામ પામનાર અવકાશવાળા [લોકાકાશ]ને (परिणमदवकाश - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** હે વિનીતાત્મા ! સમગ્ર ચર(જંગમ) અને અચર (સ્થાવર, અજીવો)ને ધારણ કરવામાં (તે તે દ્રવ્યના આકારમાં) પરિણામ પામતા અવકાશવાળા શાશ્વત લોકાકાશને હૃદયમાં તું ધ્યાવ.

**ખંડાન્વય :-** विभावय ।

कस्मिन् विभावय ? ........................ हृदि ।

किम् विभावय ? ........................ लोकाकाशम् ।

कथम्भूतम् लोकाकाशम् ? ........................ शाश्वतम् ।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ........................ परिणमदवकाशम् ।

कस्मिन् परिणमदवकाशम् ? ........................ सकलचराचरधारणे ।

किम् सम्बोधने ? ........................ विनय !

**સમાસ :-**

- लोकस्य आकाशम् इति लोकाकाशम् । (ષ.ત.) तद् ।
- चरः च अचरः च इति चराचरौ । (ઇ.દ્વ.)
  सकलौ च अमू चराचरौ च इति सकलचराचरौ । (વિ.પૂ.ક.)
  सकलचराचरयोः धारणम् इति **सकलचराचरधारणम्** । (ષ.ત.) तस्मिन् ।
- परिणमन् अवकाशः यस्य तद् इति **परिणमदवकाशम्** । (સ.બ.) तद् ।

**लसदलोकपरिवेष्टितं, गणनातिगमानम् ।**
**पञ्चभिरपि धर्मादिभिः सुघटितसीमानम् ॥२॥**

**શબ્દાર્થ :-**

**लसत्** - શોભતા, દીપતા [લોકાકાશ]ને (लस् ગણ ૧ પરસ્મૈ. કર્તરિ વ.કૃ. - लसत् लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**अलोकपरिवेष्टितम्** - અલોકથી ચોકોર વીંટળાયેલ [લોકાકાશ]ને (अलोकपरिवेष्टित - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**गणनातिगमानम्** - ગણતરીને ઓળંગી ગયેલ માનવાળા [લોકાકાશ]ને - गणनातिगमान-लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**पञ्चभिः** - પાંચ [ધર્માસ્તિકાયાદિ] વડે (पञ्चन् - धर्मादि ની સંખ્યા અલિંગ તૃ.બ.વ.)

**धर्मादिभिः** - ધર્માસ્તિકાય આદિ (અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ, જીવાસ્તિકાય) વડે (धर्मादि પું.તૃ.બ.વ.)

**सुघटितसीमानम्** - સુંદર રીતે રચી છે સીમા જેની એવા [લોકાકાશ]ને (सुघटितसीमन् - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** ચારે બાજુથી અલોકથી પરિવરેલા (વીંટળાયેલ); (વચ્ચે) દીપતા; ગણનાતીત માનવાળા (અસંખ્ય યોજન પ્રમાણ); વળી, ધર્માસ્તિકાયાદિ પાંચ (દ્રવ્યો) વડે સુંદર રીતે રચાઈ છે સીમા જેની એવા (લોકાકાશને તું ધ્યાવ.)

**ખંડાન્વય :-** (પહેલી કડીનું અનુસંધાન) (लोकाकाशम् विभावय)।

कथम्भूतम् लोकाकाशम् ? ................................ सुघटितसीमानम्।

कैः सुघटितसीमानम् ? ........................................ धर्मादिभिः ।

कतिपयैः धर्मादिभिः ? ............................................ पञ्चभिः ।

पुनः कथम्भूतम् अपि लोकाकाशम् ? .......................... गणनातिगमानम् अपि।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ................................................लसद्।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ............................... अलोकपरिवेष्टितम्।

**સમાસ :-**

- न लोकः इति अलोकः । (નञ् ત.)
- परितः वेष्टितम् इति परिवेष्टितम् । (પ્રાદિ ત.)
  अलोकेन परिवेष्टितम् इति **अलोकपरिवेष्टितम्** । (તૃ.ત.) तद् ।
- अति गच्छति इति अतिगम् । (ઉ.ત.)
  गणनायाः अतिगम् इति गणनातिगम् । (ષ.ત.)
  गणनातिगम् च अदः मानम् च इति **गणनातिगमानम्** । (વિ.પૂ.ક.) तद् ।
- सुष्ठु घटिता इति सुघटिता । (પ્રાદિ ત.)
  सुघटिता सीमा यस्य सः इति **सुघटितसीमा** । (સ.બ.) तद् ।

**समवघातसमये[१] जिनैः[२] परिपूरितदेहम्[३] ।**
**असुमदणुकविविधक्रियागुणगौरवगेहम्[४] ॥३॥**

**શબ્દાર્થ :-**

**समवघातसमये** - સમુદ્ઘાતના સમયે (समवघातसमय પું.સ.એ.વ.)

**जिनैः** – તીર્થંકરો તથા સામાન્ય કેવલી ભગવંતો વડે (जिन પું.તૃ.બ.વ.)

**परिपूरितदेहम्** - સંપૂર્ણપણે ભર્યો છે દેહ જેનો એવા [લોકાકાશ]ને (परिपूरितदेह लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**असुमदणुकविविधक्रियागुणगौरवगेहम्** - જીવ અને પરમાણુની વિવિધ (ગમનાગમનાદિ) ક્રિયાઓ અને (જ્ઞાનાદિક) ગુણોના ગૌરવ (વૃદ્ધિ-હાનિ રૂપ પ્રચુરતા)નું ગૃહ એવા [લોકાકાશ]ને (असुमदणुकविविधक्रियागुणगौरवगेह -

लोकाकाश नुं वि. पुं.नपुं.द्वि.એ.વ.)

**અર્થ :-** કેવલીસમુદ્ઘાત સમયે જિનો વડે (તીર્થંકરો અને કેવલીભગવંતો વડે) (પોતાના સમગ્ર આત્મપ્રદેશોથી) જેનો દેહ સંપૂર્ણપણે ભરાયો છે એવા, જીવ અને પુદ્ગલની વિવિધ (ગમનાગમનાદિ) ક્રિયાઓ અને (જ્ઞાનાદિ, વર્ણાદિ) ગુણોના ગૌરવ (વૃદ્ધિહાનિ રૂપ પ્રચુરતા)નું સદન એવા (લોકાકાશને તું ધ્યાવ).

**ખંડાન્વય :-** (પહેલી કડીમાંથી) (लोकाकाशम् विभावय)।

कथम्भूतम् लोकाकाशम् ?.......................................... परिपूरितदेहम्।

कैः परिपूरितदेहम् ?.................................................. जिनैः।

कस्मिन् (काले) परिपूरितदेहम् ?...................................... समवघातसमये।

पुनः कथम्भूतम् लोकाकाशम् ?........... असुमदणुकविविधक्रियागुणगौरवगेहम्।

**સમાસ :-**

- समवघातस्य समयः इति **समवघातसमयः**। (ષ.ત.) तस्मिन्।
- परिपूरितम् देहम् यस्य तद् इति **परिपूरितदेहम्**। (સ.બ.) तद्।
- असवः (असुनुं બ.વ.) सन्ति एषाम् इति असुमन्तः। (असु + तद्धितनो मत्)
  असुमन्तः च अणुकाः च इति असुमदणुकाः। (ઇ.દ્વ.)
  क्रियाः च गुणाः च इति क्रियागुणाः। (ઇ.દ્વ.)
  विविधाः च अमी क्रियागुणाः च इति विविधक्रियागुणाः। (વિ.પૂ.ક.)
  असुमदणुकानाम् विविधक्रियागुणाः इति असुमदणुकविविधक्रियागुणाः।(ષ.ત.)
  असुमदणुकविविधक्रियागुणानाम् गौरवम् इति असुमदणुकविविधक्रियागुणगौरवम्। (ષ.ત.)
  असुमदणुकविविधक्रियागुणगौरवस्य गेहम् इति **असुमदणुकविविधक्रियागुणगौरवगेहम्**। (ષ.ત.) तद्।

**एकरूपमपि पुद्गलैः, कृतविविधविवर्त्तम्।**
**काञ्चनशैलशिखरोन्नतं, क्वचिदवनतगर्त्तम् ॥४॥**

**શબ્દાર્થ :-**

**एकरूपम्** - એક રૂપ [લોકાકાશ] (एकरूप - लोकाकाश नुं वि. पुं.नपुं.द्वि.એ.વ.)

**पुद्गलैः** - પુદ્ગલો વડે (पुद्गल पुं.तृ.બ.વ.)

**कृतविविधविवर्त्तम्** - કરાયેલા છે વિવિધ આકારો જેના એવા [લોકાકાશને] (कृतविविधविवर्त्त - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**काञ्चनशैलशिखरोन्नतम्** - સુવર્ણમય પર્વતોના (પાંચ મેરૂ, નીલવંત, નિષધાદિ) શિખરોથી ઉન્નત [લોકાકાશ]ને (काञ्चनशैलशिखरोन्नत - પહેલી કડીના लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ)

**क्वचित्** - ક્યાંક, કોઈ ઠેકાણે (क्व + चित् અવ્યય)

**अवनतगर्त्तम्** - અત્યંત નીચા નીચા ખાડાવાળા (કુબડી વિજય, અધોલોકાદિના ખંડોવાળા) [લોકાકાશ]ને (अवनतगर्त्त - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** (આકાશરૂપે) એક હોવા છતાં પણ પુદ્ગલો વડે જેના વિવિધ આકારો કરાયા છે, ક્યાંક સુવર્ણના પર્વતોના શિખરોથી ઉન્નત (અને) ક્યાંક અત્યંત નીચા ખાડાવાળા એવા (લોકાકાશને તું ધ્યાવ).

**ખંડાન્વય :-** (પહેલી કડીમાંથી) (लोकाकाशम् विभावय)।

कथम्भूतम् लोकाकाशम् ? .................................... अवनतगर्त्तम्।

कुत्र ? ............................................ क्वचित्।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ......................... काञ्चनशैलशिखरोन्नतम्।

कुत्र ? ...... (દેહલી દીપક ન્યાયથી બે બાજુ અન્વય) क्वचित्।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ............................... कृतविविधविवर्त्तम्।

कैः कृतविविधविवर्त्तम् ? ........................................ पुद्गलैः।

पुनः कथम्भूतम् अपि लोकाकाशम् ? .............................. एकरूपम् अपि।

**સમાસ :-**

- एकम् रूपम् यस्य तद् इति **एकरूपम्**। (સ.બ.)
- विविधाः च अमी विवर्त्ताः च इति विविधविवर्त्ताः। (વિ.પૂ.ક.)
  कृताः विविधविवर्त्ताः यस्य तद् इति **कृतविविधविवर्त्तम्**। (સ.બ.) तद्।
- काञ्चनस्य शैलाः इति काञ्चनशैलाः। (ષ.ત.)
  काञ्चनशैलानाम् शिखराणि इति काञ्चनशैलशिखराणि। (ષ.ત.)
  काञ्चनशैलशिखरैः उन्नतम् इति **काञ्चनशैलशिखरोन्नतम्**। (તૃ.ત.) तद्।
- अवनताः गर्ताः यस्मिन् तद् इति **अवनतगर्त्तम्**। (સ.બ.) तद्।

**[१]क्वचन [२]तविषमणिमन्दिरै[३]रुदितोदितरूपम् ।**
**[५]घोरतिमिरनरकादिभिः [४]क्वच[६]नातिविरूपम् ॥५॥**

**શબ્દાર્થ :-**

**क्वचन** - ક્યાંક, કોક ઠેકાણે (અવ્યય क्व + चन)

**तविषमणिमन्दिरैः** - દેવલોકના મણિમય મંદિરો (ભુવનો, વિમાનો, નગરો) વડે (तविषमणिमन्दिर નપું.તૃ.બ.વ.)

**उदितोदितरूपम्** - વૃદ્ધિ પામતા સુંદર રૂપવાળા [લોકાકાશ]ને (उदितोदितरूप - लोकाकाशનું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**घोरतिमिरनरकादिभिः** - અત્યંત અંધકારવાળી નરક વગેરે વડે (घोरतिमिरनरकादि પું.તૃ.બ.વ.)

**अतिविरूपम्** - અત્યંત ભયાનક રૂપ (આકૃતિ, દર્શન)વાળા [લોકાકાશ]ને (अतिविरूप - પહેલી કડીના लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** ક્યાંક દેવલોકના મણિમય મંદિરો વડે વૃદ્ધિ પામતા રૂપવાળા (અને) ક્યાંક ગહન અંધકારવાળા નરકાદિ વડે અત્યંત ભયાનક આકૃતિવાળા લોકાકાશને તું ધ્યાવ.

**ખંડાન્વય :-** (પ્રથમ કડીમાંથી) (लोकाकाशम् विभावय) ।

कथम्भूतम् लोकाकाशम् ? .......... अतिविरूपम् ।

कैः अतिविरूपम् ? .......... घोरतिमिरनरकादिभिः ।

कथम् ? .......... क्वचन ।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? .......... उदितोदितरूपम् ।

कैः उदितोदितरूपम् ? .......... तविषमणिमन्दिरैः ।

कथम् ? .......... क्वचन ।

**સમાસ :-**

- मणिना युक्ताः (जडिताः वा) इति मणियुक्ताः (मणिजडिताः वा) । (તૃ.ત.)
  मणियुक्ताः (मणिजडिताः वा) मन्दिराः इति मणिमन्दिराः । (મ.ક.).
  तविषानाम् मणिमन्दिराः इति **तविषमणिमन्दिराः** । (ષ.ત.) तैः ।
- उदिताद् उदितम् इति उदितोदितम् । (પં.ત.)
  उदितोदितम् च अदः रूपम् च इति **उदितोदितरूपम्** । (વિ.પૂ.ક.)
- घोरः तिमिरः येषु ते इति घोरतिमिराः । (સ.બ.)
  घोरतिमिराः नरकाः आदौ येषाम् ते इति **घोरतिमिरनरकादयः** । (સ.બ.) तैः ।

- विकृतम् रूपम् यस्य तद् इति विरूपम् । (પ્રાદિ બ.)
  अतिशयेन विरूपम् इति **अतिविरूपम्** । (પ્રાદિ ત.) तद् ।

**क्वचिदुत्सवमयमुज्ज्वलं, जयमङ्गलनादम् ।**
**क्वचिदमन्दहाहारवं, पृथुशोकविषादम् ॥६॥**

**શબ્દાર્થ :-**

**उत्सवमयम्** - (વિવાહ, પુત્રજન્માદિ) ઘણા ઉત્સવોવાળા [લોકાકાશ]ને (उत्सवाः प्रचुराः यस्मिन् इति उत्सव + मयट्[A] (तद्धित) - उत्सवमय - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ)

**उज्ज्वलम्** - દેદીપ્યમાન [લોકાકાશ]ને (उज्ज्वल - लोकाकाश નું વિ. પું.નપું. દ્વિ.એ.વ.)

**जयमङ्गलनादम्**[B] - જયનાદ અને મંગલનાદવાળા [લોકાકાશ]ને (जयमङ्गलनाद - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**अमन्दहाहारवम्** - અતિ મોટા હાહાકારવાળા ('હાય', 'હાય' અવાજવાળા) [લોકાકાશ]ને (अमन्दहाहारव - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**पृथुशोकविषादम्** - અતિશય શોક અને વિષાદવાળા [લોકાકાશ]ને (पृथुशोकविषाद - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** ક્યાંક દેદીપ્યમાન, જય અને મંગલ અવાજવાળા, ઉત્સવમય (તો વળી) ક્યાંક અત્યંત હાહાકારના અવાજવાળા અને અત્યંત શોક અને વિષાદવાળા (લોકાકાશને તું ધ્યાવ.)

**ખંડાન્વય :-** (પહેલી કડીમાંથી) (लोकाकाशम् विभावय) ।

कथम्भूतम् लोकाकाशम् ? ........................ पृथुशोकविषादम् ।
पुनः कथम्भूतम् लोकाकाशम् ? ........................ अमन्दहाहारवम् ।
कथम् ? ........................ क्वचित् ।
पुनः कथम्भूतम् लोकाकाशम् ? ........................ उत्सवमयम् ।

---

A. કોઈપણ નામને સ્વાર્થમાં પ્રકૃત અર્થનો સૂચય मयट् પ્રત્યય થાય છે.

B. જયનાદ - બંદીઓ વડે બોલતા "જય પામો" "જીવો" "ચિરાનંદ પામો" વગેરે નાદ. મંગલનાદ - દેવ-ગુરુ નમન, સ્તવનાદિ.

पुनः कथम्भूतम् लोकाकाशम् ? .................................. जयमङ्गलनादम् ।

पुनः कथम्भूतम् लोकाकाशम् ? ............................................उज्ज्वलम् ।

कथम् ? ............................................ क्वचित् ।

**સમાસ :-**

- जयाः च मङ्गलानि च इति जयमङ्गलानि । (ઇ.દ્વ.)
  जयमङ्गलानाम् नादाः यस्मिन् तद् इति **जयमङ्गलनादम्** । (વ્ય.બ.) तद् ।
- न मन्दाः इति अमन्दाः । (નञ् त.)
  'हा' 'हा' इत्यादि आरवाः इति हाहारवाः । (નામનો નામ સાથે સમાસ)
  अमन्दाः हाहारवाः यस्मिन् तद् इति **अमन्दहाहारवम्** । (સ.બ.) तद् ।
- शोकः च विषादः च इति शोकविषादौ । (ઇ.દ્વ.)
  पृथू शोकविषादौ यस्मिन् तद् इति पृथुशोकविषादम् । (સ.બ.) तद् ।

**७बहुपरिचितम ६नन्तशो, ३निखिलै४रपि ५सत्त्वैः ।**

**१जन्ममरणपरिवर्त्तिभिः २कृतमुक्तममत्वैः ॥७॥**

**શબ્દાર્થ :-**

**बहुपरिचितम्** - અત્યંત પરિચિત [લોકાકાશ]ને (बहुपरिचित - लोकाकाश નું વિ. પું.નપું.દ્વિ.એ.વ.)

**अनन्तशः** - અનંતીવાર (अनन्त + शस् (તદ્ધિતનો) - અવ્યય)

**निखिलैः** - સમસ્ત, બધા [જીવો વડે] (निखिल - सत्त्व નું વિ. પું.તૃ.બ.વ.)

**सत्त्वैः** - જીવો, પ્રાણીઓ (सत्त्व પું.તૃ.બ.વ.)

**जन्ममरणपरिवर्त्तिभिः** - જન્મ અને મરણથી પરાવર્તન પામતા [જીવો વડે] (जन्ममरणपरिवर्त्तिन् - सत्त्व નું વિ. પું.તૃ.બ.વ.)

**कृतमुक्तममत्वैः** - (દેહાદિમાં) કરાયું છે અને છોડી દેવાયું છે ("આ મારું છે" - એ પ્રમાણેનું) મમત્વ જેમના વડે એવા (જીવો વડે) (कृतमुक्तममत्व - सत्त्व નું વિ. પું.તૃ.બ.વ.)

**અર્થ :-** જન્મ અને મરણ વડે પરાવર્તન પામતા (અને તેથી જન્મથી પ્રાપ્ત કરાતા દેહાદિમાં) મમત્વ ("આ મારું છે"- એ ભાવ) કરતા અને (મરણ પામતા તે ભવના દેહાદિમાં - મમત્વનો) ત્યાગ કરતા એવા બધા જ જીવોએ જેનો અનંતીવાર લાંબા કાળ સુધી પરિચય કર્યો છે. એવા (લોકાકાશને તું ધ્યાવ.)

**ખંડાન્વય :-** (પહેલી કડીમાંથી) (लोकाकाशम् विभावय)।

कथम्भूतम् लोकाकाशम् ? ........................................ बहुपरिचितम्।

कथम् ? ............................................ अनन्तशः।

कैः बहुपरिचितम् ? ................................................ सत्त्वैः।

कथम्भूतैः अपि सत्त्वैः ? ...................................... निखिलैः अपि।

पुनः कथम्भूतैः सत्त्वैः ? ..................................... कृतमुक्तममत्वैः।

पुनः कथम्भूतैः सत्त्वैः ? ................................ जन्ममरणपरिवर्त्तिभिः।

**સમાસ :-**

- बहु परिचितम् इति **बहुपरिचितम्**। (દ્વિ.ત.) तद्।
- जन्म च मरणम् च इति जन्ममरणे। (ઇ.દ્વ.)
  जन्ममरणाभ्याम् परिवर्तयन्ति इति **जन्ममरणपरिवर्त्तिनः**। (ઉ.ત.) तैः।
- पूर्वम् कृतम् पश्चाद् मुक्तम् इति कृतमुक्तम्। (વિશેષણ ઉભયપદ કર્મધારય)
  कृतमुक्तम् ममत्वम् यैः ते इति **कृतमुक्तममत्वाः**। (સ.બ.) तैः।

**इह[1] पर्यटनपराङ्मुखाः[2] प्रणमत[7] भगवन्तम्[6]।**
**शान्तसुधारसपानतो[3] धृतविनयम्[4] अवन्तम्[5] ॥८॥**

**શબ્દાર્થ :-**

**पर्यटनपराङ्मुखाः** - ભવભ્રમણથી થાકી ગયેલા [તમે] (पर्यटनपराङ्मुख - युष्मद् નું વિ. પું.પ્ર.બ.વ.)

**प्रणमत**[A] - તમે પ્રણામ કરો (प्र+नम् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ.બ.વ.)

**शान्तसुधारसपानतः** - શાંતિરૂપી અમૃત રસના પાનથી (शान्तसुधारसपानेन इति शान्त-सुधारसपान + तस् (तद्धितनो) - અવ્યય)

**धृतविनयम्** - વિનયને ધારણ કરનાર [જીવ]ને (धृतविनय - અધ્યાહાર जीव નું વિ. પું.દ્વિ.એ.વ.)

**अवन्तम्** - રક્ષણ કરતા [ભગવાન]ને (अव् ગણ ૧ પરસ્મૈ. કર્તરિ વ.કૃ. अवत् - भगवत् નું વિ. પું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** અહીં (સંસારમાં) ભ્રમણ કરવાથી થાકી ગયેલા તમે શાંતિરૂપ અમૃતરસના પાન (કરાવવા) દ્વારા વિનયને ધારણ કરનાર (જીવ)નું રક્ષણ કરનાર ભગવાનને પ્રણામ કરો.

---

A. दुर् સિવાયના ઉપસર્ગ प्रના र्‌ની પછીનોપદેશ ધાતુ नम्‌ના न्‌નો ण् થાય છે. (સિ.હે.શ. ૨-૩-૭૭)

ખંડાન્વય :- प्रणमत ।

कम् प्रणमत ? ........................................ भगवन्तम् ।

किम् कुर्वन्तम् भगवन्तम् ? ........................................ अवन्तम् ।

कम् अवन्तम् ? ........................................ धृतविनयम् ।

कुतः अवन्तम् के प्रणमत ? ........................................ शान्तसुधारसपानतः ।

के प्रणमत ? ........................................ (यूयम्) ।

कथम्भूताः यूयम् ? ........................................ पर्यटनपराङ्मुखाः ।

कुत्र ? ........................................ इह ।

સમાસ :-

- पर्यटनेन पराङ्मुखाः इति **पर्यटनपराङ्मुखाः** । (तृ.त.)
- धृतः विनयः येन सः इति **धृतविनयः** । (સ.બ.) तम् ।

● ● ●

# ॥ बोधिदुर्लभभावना ॥

**यस्माद्विस्मापयितसुमनःस्वर्गसम्पद्विलास-**
**प्राप्तोल्लासाः पुनरपि जनिः सत्कुले भूरिभोगे ।**
**ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकं निःसपत्नं,**
**तद्दुष्प्रापं भृशमुरुधियः सेव्यतां बोधिरत्नम् ॥१॥**

**શબ્દાર્થ :-**

**यस्मात्** - જેનાથી [બોધિરત્નથી] (यद् સર્વનામ - बोधिरत्न માટે વપરાયેલ નપું.પં. એ.વ.)

**विस्मापयितसुमनःस्वर्गसम्पद्विलासप्राप्तोल्लासाः** - વિસ્મય પમાડે એવી દેવોની સ્વર્ગની સંપત્તિઓના ભોગ વિલાસથી પ્રાપ્ત થયેલા આનંદવાળા [જીવો] (विस्मापयितसुमनःस्वर्गसम्पद्विलासप्राप्तोल्लास - અધ્યાહાર जीव નું વિ. પું.પ્ર. બ.વ.)

**जनिः** - જન્મ, ઉત્પત્તિ (जनि સ્ત્રી.પ્ર.એ.વ.)

**सत्कुले** - ઉત્તમ કુલમાં (सत्कुल નપું.સ.એ.વ.)

**भूरिभोगे** - ઘણા ભોગવાળા [ઉત્તમ કુલમાં] (भूरिभोग - सत्कुलનું વિ. નપું.સ. એ.વ.)

**ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकम्** - બ્રહ્મ (શુદ્ધ નિરંજન - ચૈતન્ય) સાથે અદ્વૈત (અભેદ) અને પ્રકૃષ્ટ ગુણોવાળી (ઉત્કૃષ્ટ) પદવીને પ્રાપ્ત કરાવનાર [બોધિરત્ન] (ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापक - बोधिरत्नનું વિ. નપું.પ્ર.એ.વ.)

**निःसपत्नम्** - અનન્ય, જેના જેવું કોઈ નથી તે [બોધિરત્ન] (निःसपत्न - बोधिरत्न નું વિ. નપું.પ્ર.એ.વ.)

**दुष्प्रापम्** - દુર્લભ [બોધિરત્ન] (दुष्प्राप - बोधिरत्न નું વિ. નપું.પ્ર.એ.વ.)

**भृशम्** - અત્યંત (અવ્યય)

**उरुधियः** ! - હે વિશાળ બુદ્ધિવાળા પ્રાણીઓ !, હે વિપુલમતિ જીવો ! (उरुधी - युष्मद् નું વિ. પું.સં.બ.વ.)

**सेव्यताम्** - [તમારા વડે] સેવાય (सेव् ગણ ૧ આત્મને. + કર્મણિનો य(क्य) આજ્ઞાર્થ ત્રી.પુ.એ.વ.)

**बोधिरत्नम्** - બોધિરત્ન (बोधिरत्न નપું.પ્ર.એ.વ.)

**અર્થ :-** હે વિશાળ બુદ્ધિવાળા જીવો ! જેનાથી (જે બોધિરત્નના

પ્રભાવથી) (જીવો) વિસ્મય પમાડે તેવી દેવોની સ્વર્ગસંપદાના ભોગવિલાસથી પ્રાપ્ત થયેલા આનંદવાળા થાય છે. ફરીથી (ત્યાંથી ચ્યવીને) પણ ઘણા ભોગવાળા ઉત્તમ કુલમાં જન્મ થાય છે. તે અદ્વિતીય (અને) બ્રહ્મ સાથે અદ્વૈત અને ઉત્કૃષ્ટ ગુણોવાળી પદવીને પ્રાપ્ત કરાવનાર, અત્યંત દુર્લભ એવું બોધિરત્ન (સમ્યક્ત્વરૂપી રત્ન) (તમારા વડે) સેવાય. (તમે બોધિરત્નને સેવો.)

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (भवन्ति)।

के भवन्ति ?..विस्मापयितसुमन:स्वर्गसम्पद्विलासप्राप्तोल्लासाः।
कस्मात् ?............................................ यस्मात्।
किम् सम्बोधने ?.................................... उरुधियः!
(અધ્યાહારથી) (भवति)।
का भवति ?........................................ जनिः।
कस्मिन् भवति ?.................................... सत्कुले।
कथम्भूते सत्कुले ?................................ भूरिभोगे।
कथम् अपि ?...................................... पुनः अपि।
सेव्यताम्।
किम् सेव्यताम् ?.................................... बोधिरत्नम्।
कथम्भूतम् बोधिरत्नम् ?............................ दुष्प्रापम्।
कथम् दुष्प्रापम् ?................................... भृशम्।
पुनः कथम्भूतम् बोधिरत्नम् ?........................ ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकम्।
पुनः कथम्भूतम् बोधिरत्नम् ?........................ निःसपत्नम्।
कथम् ?............................................ तत्।

**સમાસ :-**

- शोभनम् मनः येषाम् ते इति सुमनसः। ('सु' પૂર્વપદ બ.)
  विस्मापयिताः सुमनसः यैः ते इति विस्मापयितसुमनसः। (સ.બ.)
  स्वर्गस्य सम्पदः इति स्वर्गसम्पदः। (ષ.ત.)
  विस्मापयितसुमनसः च अमी स्वर्गसम्पदः च इति विस्मापयितसुमन:स्वर्गसम्पदः। (વિ.પૂ.ક.)
  विस्मापयितसुमन:स्वर्गसम्पदाम् विलासाः इति विस्मापयितसुमन:स्वर्गसम्पद्विलासाः। (ષ.ત.)

विस्मापयितसुमनःस्वर्गसम्पद्विलासैः प्राप्तः उल्लासः यैः ते इति **विस्मापयित-सुमनःस्वर्गसम्पद्विलासप्राप्तोल्लसाः** । (બહુપદ બહુવ્રીહિ)

- सत् च अदः कुलम् च इति **सत्कुलम्** । (વિ.પૂ.ક.) तस्मिन् ।
- भूरयः भोगाः यस्मिन् तद् इति **भूरिभोगम्** । (સ.બ.) तस्मिन् ।
- ब्रह्मणा अद्वैतम् इति ब्रह्माद्वैतम् । (તૃ.ત.)
  प्रकृष्टाः गुणाः यस्याम् सा इति प्रगुणा । (પ્રા.બ.)
  प्रगुणा च असौ पदवी च इति प्रगुणपदवी । (વિ.પૂ.ક.)
  ब्रह्माद्वैतम् च प्रगुणपदवी च इति ब्रह्माद्वैतप्रगुणपदव्यौ । (ઇ.દ્વ.)
  ब्रह्माद्वैतप्रगुणपदव्योः प्रापकम् इति **ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकम्** । (ષ.ત.)
- सह पतन्ति इति सपत्नाः । (ઉ.ત.) (ન કૃદંત પ્રત્યય)
  निर्गताः सपत्नाः यस्य तद् इति **निःसपत्नम्** । (પ્રાદિ બ.)
- दुःखेन प्राप्यते इति **दुष्प्रापम्** । (ઉ.ત.)
- उरुः धीः येषाम् ते इति **उरुधियः** । (સ.બ.) तत्सम्बोधनम् ।
- बोधिः एव रत्नम् इति **बोधिरत्नम्** । (અ.પૂ.ક.)

**अनादौ[२] निगोदान्धकूपे[३] स्थितानाम्[४]अजस्रं[५] जनुर्मृत्युदुःखार्दितानाम्[६] ।**
**परीणामशुद्धिः[८] कुतस्[९]तादृशी[७] स्याद्[१०]यया[११] हन्त[१] तस्माद्[१२]विनिर्यान्ति[१४] जीवाः[१३] ॥२॥**

**શબ્દાર્થ :-**

**अनादौ** - અનાદિ [નિગોદરૂપી અંધકૂવામાં] (अनादि - निगोदान्धकूप નું વિ. પું.સ.એ.વ.)

**निगोदान्धकूपे** - નિગોદરૂપી અંધકૂવામાં (निगोदान्धकूप પું.સ.એ.વ.)

**स्थितानाम्** - સ્થિત, રહેલા [જીવો]ના (स्थित - અધ્યાહાર जीव નું વિ. પું.ષ. બ.વ.)

**अजस्रम्** - નિરંતર (અવ્યય)

**जनुर्मृत्युदुःखार्दितानाम्** - જન્મ અને મરણના દુઃખથી પીડા પામેલ [જીવો]ના (जनुर्मृत्युदुःखार्दित - અધ્યાહાર जीव નું વિ. પું.ષ.બ.વ.)

**परीणामशुद्धिः** - પરિણામોની શુદ્ધિ (परीणामशुद्धि સ્ત્રી.પ્ર.એ.વ.)

**तादृशी** - તેવા પ્રકારની, તેના જેવી [પરિણામશુદ્ધિ] (सा इव दृश्यते इति तद् + दृश् + अ(टक्)[A] (કૃદંતનો) + સ્ત્રી.નો ई(ङी) - परीणामशुद्धि માટે વપરાયેલ સ્ત્રી.પ્ર.એ.વ.)

---

A. ઉપમાનવાચક કર્મરૂપ त्यदादि શબ્દોથી પછી આવેલ दृश् ધાતુને टक् પ્રત્યય થાય છે. (સિ.હે.શ. ૫-૧-૧૫૨)

**यया** - જે [પરિણામ શુદ્ધિવડે] (यद् સર્વનામ - परीणामशुद्धि માટે વપરાયેલ સ્ત્રી.તૃ. એ.વ.)

**तस्मात्** - તે [અંધકૂવા]માંથી (तद् સર્વનામ - अन्धकूप માટે વપરાયેલ પું.પં.એ.વ.)

**विनिर्यान्ति** - તેઓ બહાર નીકળે છે (वि+निर्+या ગણ ૨ પરસ્મૈ. વ.કા.ત્રી. પુ.બ.વ.)

**અર્થ :-** ખેદની વાત છે કે અનાદિ નિગોદરૂપી અંધારાકૂવામાં રહેલા અને નિરંતર જન્મ અને મૃત્યુના દુઃખથી પીડા પામતા જીવોને તેવા પ્રકારની પરિણામોની વિશુદ્ધિ કેવી રીતે થાય કે જેના વડે (જે પરિણામ વિશુદ્ધિ વડે) તેમાંથી (અંધકૂવામાંથી) જીવો બહાર નીકળે ?

**ખંડાન્વય :-** स्यात् ।

कथम् स्यात् ? ................................ कुतः स्यात् ?

का स्यात् ? ....................... परीणामशुद्धिः स्यात् ।

कथम्भूता परीणामशुद्धिः ? .................................... तादृशी ।

केषाम् परीणामशुद्धिः ? ..................... जनुर्मृत्युदुःखार्दितानाम् ।

कथम् जनुर्मृत्युदुःखार्दितानाम् ? ................................ अजस्रम् ।

पुनः कथम्भूताः जनुर्मृत्युदुःखार्दितानाम् ? ................................ स्थितानाम् ।

कस्मिन् स्थितानाम् ? ............................. निगोदान्धकूपे ।

कथम्भूते निगोदान्धकूपे ? ................................ अनादौ ।

कथम् ? .......................................... हन्त ।

विनिर्यान्ति ।

के विनिर्यान्ति ? ....................................... जीवाः ।

कस्मात् विनिर्यान्ति ? ...................................... तस्मात् ।

कया विनिर्यान्ति ? ........................................ यया ।

**સમાસ :-**

- अन्धः च असौ कूपः च इति अन्धकूपः । (વિ.પૂ.ક.)
  निगोदः एव अन्धकूपः इति **निगोदान्धकूपः** । (અ.પૂ.ક.)
- जनूंषि च मृत्यवः च इति जनुर्मृत्यवः । (ઇ.દ્વ.)
  जनुर्मृत्यूनाम् दुःखानि इति जनुर्मृत्युदुःखानि । (ષ.ત.)
  जनुर्मृत्युदुःखैः अर्दिताः इति **जनुर्मृत्युदुःखार्दिताः** । (તૃ.ત.) तेषाम् ।
- परीणामस्य शुद्धिः इति **परीणामशुद्धिः** । (ષ.ત.)

**ततो निर्गतानामपि स्थावरत्वं, त्रसत्वं पुनर्दुर्लभं देहभाजाम् ।**
**त्रसत्वेऽपि पञ्चाक्षपर्याप्तसञ्ज्ञिस्थिरायुष्यवद्दुर्लभं मानुषत्वम् ॥३॥**

**શબ્દાર્થ :-**

**ततः** - ત્યાંથી (तद् + तस् (તદ્ધિતનો) - અવ્યય)

**निर्गतानाम्** - નીકળેલા [જીવો]ના (निर्गत - निर्+गम्(गच्छ्) + કર્તરિ ભૂ.કૃ.નો त(क्त) - देहभाज् નું વિશેષણ - પું.ષ.બ.વ.)

**स्थावरत्वम्** - સ્થાવરપણું (स्थावरत्व - स्थावरस्य भावः इति स्थावर + त्व (તદ્ધિતનો) નપું.પ્ર.એ.વ.)

**त्रसत्वम्** - ત્રસપણું (त्रसत्व - त्रसस्य भावः इति त्रस + त्व (તદ્ધિતનો) નપું.પ્ર.એ.વ.)

**दुर्लभम्** - દુર્લભ [ત્રસપણું] (दुर्लभ - त्रसत्व નું વિ. નપું.પ્ર.એ.વ.)

**देहभाजाम्** - પ્રાણીઓને, શરીરધારી જીવોને (देहभाज् પું.ષ.બ.વ.)

**त्रसत्वे** - ત્રસપણું હોતે છતે (त्रसत्व નપું.સ.એ.વ. (સતિ સપ્તમી))

**पञ्चाक्षपर्याप्तसञ्ज्ञिस्थिरायुष्यवत्** - પંચેન્દ્રિયપણા, પર્યાપ્તપણા, સંજ્ઞીપણા, અને દીર્ઘાયુષ્યવાળું [મનુષ્યત્વ] (पञ्चाक्षपर्याप्तसञ्ज्ञिस्थिरायुष्यवत् - मानुषत्व નું વિ. નપું.પ્ર.એ.વ.)

**दुर्लभम्** - દુર્લભ [મનુષ્યપણું] (दुर्लभ - मानुषत्व નું વિ. નપું.પ્ર.એ.વ.)

**मानुषत्वम्** - મનુષ્યત્વ (मानुषत्व - मनोः जातः इति मनु + अञ् (તદ્ધિતનો) - मानुष मानुषस्य भावः इति मानुष + તદ્ધિતનો त्व)

**અર્થ :-** ત્યાંથી (નિગોદરૂપ અંધકૂવામાંથી) નીકળેલા હોવા છતાં પ્રાણીઓને સ્થાવરપણું થાય છે. વળી, ત્રસપણું (તો) દુર્લભ છે. ત્રસપણું હોવા છતાં પણ પંચેન્દ્રિયપણા, પર્યાપ્તપણા, સંજ્ઞીપણા અને દીર્ઘાયુષ્ય સહિતનું મનુષ્યપણું દુર્લભ છે.

**ખંડાન્વય :-** (અધ્યાહારથી) (भवति) ।

किम् भवति ? ............ स्थावरत्वम् ।
केषाम् स्थावरत्वम् ? ............ देहभाजाम् ।
कथम्भूतानाम् अपि देहभाजाम् ? ............ निर्गतानाम् अपि ।
कुतः ? ............ ततः ।
(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ? ............ त्रसत्वम् ।

त्रसत्वम् कीदृशम् अस्ति ? .............................................. दुर्लभम् ।
कथम् ? .................................................. पुनः ।
(અધ્યાહારથી) अस्ति ।
किम् अस्ति ? ............................................मानुषत्वम् ।
कथम्भूतम् मानुषत्वम् ? .................. पञ्चाक्षपर्याप्तसञ्ज्ञिस्थिरायुष्यवद् ।
मानुषत्वम् कीदृशम् अस्ति ? .............................................. दुर्लभम् ।
किम् अपि सति ? ................................ त्रसत्वे अपि (सति) ।

**સમાસ :-**

- दुःखेन लभ्यते इति **दुर्लभम्** । (ઉ.ત.)
- देहं भजन्ति इति **देहभाजः** । (ઉ.ત.) तेषाम् ।
- पञ्च अक्षाणि यस्मिन् तद् इति पञ्चाक्षम् । (A तद्धितनो मत्वर्थीय अ)
  पर्याप्तयः सन्ति यस्मिन् तद् इति पर्याप्तम् । (A तद्धितनो मत्वर्थीय अ)
  सञ्ज्ञाः सन्ति यस्मिन् तद् इति सञ्ज्ञि । (तद्धितनो मत्वर्थीय इन् प्रत्यय)
  स्थिरम् च अदः आयुष्यम् च इति स्थिरायुष्यम् । (वि.पू.क.)
  स्थिरायुष्यम् अस्ति अस्य इति स्थिरायुष्यवद् । (तद्धितना मत् (मतु)ना म् नो व्)
  B पञ्चाक्षम् च तद् पर्याप्तम् च तद् सञ्ज्ञि च तद् स्थिरायुष्यवत् च इति **पञ्चाक्षपर्याप्त-सञ्ज्ञिस्थिरायुष्यवत्** । (विशेषण ઉભયપદ કર્મધારય)

**तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो, महामोहमिथ्यात्वमायोपगूढः ।**
**भ्रमन् दूरमग्नो भवागाधगर्त्ते, पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नम् ॥४॥**

**શબ્દાર્થ :-**

**मनुष्यत्वम्** - મનુષ્યપણું (मनुष्यत्व - मनुष्यस्य भावः इति मनुष्य + त्व (तद्धितनो) નપું.દ્વિ.એ.વ.)

**आप्य** - પ્રાપ્ત કરીને (आ+आप् ગણ ૫ પરસ્મૈ. સં.ભૂ.કૃ.)

**महामोहमिथ्यात्वमायोपगूढः** - અત્યંત મોહના ઉદય, મિથ્યાત્વ અને માયાથી વ્યાપ્ત [મૂઢ જીવ] (महामोहमिथ्यात्वमायोपगूढ - मूढ (जीव) નું વિ. પું.પ્ર.એ.વ.)

**भ्रमन्** - (સંસારમાં) ભમતો [મૂઢ જીવ] (भ्रम् ગણ ૧ પરસ્મૈ. કર્તરિ વ.કૃ. भ्रमत् -

---

A. अभ्र વગેરે શબ્દોને મત્વર્થસૂચક अ પ્રત્યય થાય છે. (સિ.હે.શ. ૭-૨-૪૬)

B. પ્રત મુજબ वत् ને સર્વ જોડવો
पञ्च अक्षाणि यत्र तद् इति पञ्चाक्षवद् । पर्याप्तिः यत्र अस्ति तद् इति पर्याप्तिवद् । सञ्ज्ञि यत्र अस्ति तद् इति सञ्ज्ञिवत् । स्थिरम् आयुष्यम् विद्यते यत्र इति स्थिरायुष्यवद् ।

मूढ (जीव)नुं विशेषण - पुं.प्र.એ.व.)

**दूरमग्नः** - અત્યંત ડૂબેલો [મૂઢ જીવ] (दूरमग्न - मूढ (जीव)नुं वि. पुं.प्र.એ.व)

**भवागाधगर्त्ते** - સંસારરૂપ અગાધ ખાડામાં (भवागाधगर्त्त पुं.स.એ.व.)

**प्रपद्येत** - તે પ્રાપ્ત કરે. (प्र+पद् ગણ ૪ આત્મને. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)

**बोधिरत्न** - બોધિરત્ન (बोधिरत्न નપું.દ્વિ.એ.વ.)

**અર્થ :-** તે આ મનુષ્યપણું પ્રાપ્ત કરીને પણ અત્યંત મોહોદય, મિથ્યાત્વ અને માયાથી વ્યાપ્ત એવો મૂર્ખ (જીવ) (સંસારમાં) ભમતો સંસારરૂપ મોટા ખાડામાં અત્યંત ડૂબેલો છતો ફરીથી તે બોધિરત્નને ક્યાં પ્રાપ્ત કરે ?

**ખંડાન્વય :-** प्रपद्येत।

कथम् प्रपद्येत ? ........ क्व।

किम् प्रपद्येत ? ........ तद्।

तद् किम् प्रपद्येत ? ........ बोधिरत्नम्।

कथम् ? ........ पुनः।

कः प्रपद्येत ? ........ मूढः।

कथम्भूतः मूढः? ........ महामोहमिथ्यात्वमायोपगूढः।

मूढः कीदृशः प्रपद्येत ? ........ दूरमग्नः।

कस्मिन् दूरमग्नः ? ........ भवागाधगर्त्ते।

मूढः किम् कुर्वन् प्रपद्येत ? ........ भ्रमन्।

किम् प्रकृत्य अपि मूढः प्रपद्येत ? ........ आप्य अपि।

किम् आप्य ? ........ तद्।

तद् किम् आप्य ? ........ एतद्।

तद् एतद् किम् आप्य ? ........ मनुष्यत्वम्।

**સમાસ :-**

- महान् च असौ मोहः च इति महामोहः। (વિ.પૂ.ક.)
  महामोहः च मिथ्यात्वम् च माया च इति महामोहमिथ्यात्वमायाः। (ઇ.દ્વ.)
  महामोहमिथ्यात्वमायया उपगूढः इति **महामोहमिथ्यात्वमायोपगूढः**। (તૃ.ત.)
- दूरम् मग्नः इति **दूरमग्नः**। (વિ.પૂ.ક.)
- अगाधः च असौ गर्त्तः च इति अगाधगर्त्तः। (વિ.પૂ.ક.)
  भवः एव अगाधगर्त्तः इति **भवागाधगर्त्तः**। (અ.પૂ.ક.) तस्मिन्।

- बोधिः एव रत्नम् इति **बोधिरत्नम्**। (અ.પૂ.ક.) तद्।

**विभिन्नाः पन्थानः प्रतिपदमनल्पाश्च मतिनः,**
**कुयुक्तिव्यासङ्गैर्निजनिजमतोल्लासरसिकाः ।**
**न देवाः सान्निध्यं विदधति न वा कोप्यतिशय-**
**स्तदेवं कालेऽस्मिन् य इह दृढधर्मा स सुकृती ॥५॥**

શબ્દાર્થ :-

**विभिन्नाः** - વિવિધ પ્રકારના (वि+भिद् ગણ ૭ ઉભયપદી કર્મણિ ભૂ.કૃ. - विभिन्न - पथिन् નું વિ. પું.પ્ર.બ.વ.)

**पन्थानः** - (ધર્મ-મોક્ષના) માર્ગ, રસ્તા (पथिन् પું.પ્ર.બ.વ.)

**प्रतिपदम्** - પગલે પગલે, સ્થાને સ્થાને (प्रतिपदम् - અવ્યયીભાવ સમાસ)

**अनल्पाः** - ઘણા (अनल्प - मतिन् નું વિ. પું.પ્ર.બ.વ.)

**मतिनः** - મતવાળા (मतिन् - मतम् अस्ति अस्य इति मत + इन् (તદ્ધિતનો મત્વર્થીય इन्) પું.પ્ર.બ.વ.)

**कुयुक्तिव्यासङ्गैः** - કુયુક્તિઓમાં અભિનિવેશથી (कुयुक्तिव्यासङ्ग પું.તૃ.બ.વ.)

**निजनिजमतोल्लासरसिकाः** - પોત પોતાના મતની પુષ્ટિ કરવામાં રસિક થયેલા [મતવાળા] (निजनिजमतोल्लासरसिक - मतिन् નું વિ. પું.પ્ર.બ.વ.)

**देवाः** - દેવો (देव પું.પ્ર.બ.વ.)

**सान्निध्यम्** - સાનિધ્ય, સહાય (सान्निध्य નપું.પ્ર.એ.વ.)

**विदधति** - કરે છે (वि+धा ગણ ૩ ઉભયપદી વ.કા.ત્રી.પુ.એ.વ.)

**कोऽपि** - કોઈપણ (किम् સર્વનામ પું.પ્ર.એ.વ. + अपि - अतिशय માટે વપરાયેલ - અવ્યય.)

**अतिशयः** - અતિશય (अतिशय પું.પ્ર.એ.વ.)

**दृढधर्मा** - ધર્મમાં દઢ, ધર્મમાં નિશ્ચલ (दृढधर्मन् પું.પ્ર.એ.વ.)

**सुकृती** - પુણ્યશાળી (सुकृतिन् પું.પ્ર.એ.વ.)

